# શ્રી મહાવીર જન્મ કલ્યાણક અંક

વર્ષ : ૬૧

અંક : ૧૩-૧૪

# જૈન

વીર સં. ૨૪૮૯
ચૈત્ર શુદિ ૧૩

તા. ૬ એપ્રીલ
૧૯૬૩ શનિવાર

સ્વ. તંત્રી : શેઠ દેવચંદ દામજી કુંડલાકર

તંત્રી : શેઠ ગુલાબચંદ દેવચંદ

| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| "ભગવાન મહાવીર અને ઉત્તરાધ્યયન સૂત્ર" | પ્રો. અમૃતલાલ સવચંદ ગોપાણી | ૧૫૮ |
| સાધના અને શિથિલતા | મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૬૦ |
| ભગવાન મહાવીરનો ઉપકાર | વસંતલાલ કાંતિલાલ ઇશ્વરલાલ | ૧૬૫ |
| ભગવાન મહાવીરના ઉપદેશ વચનો | રતિલાલ મફાભાઇ શાહ | ૧૬૮ |
| જબ મહાવીર અવતીર્ણ હૂએ થે | શા. કુન્દનમલ ધનરાજજી | ૧૭૧ |
| યુગનો પડકાર (કાવ્ય) | શાંતિલાલ બી. શાહ | ૧૭૪ |
| ભગવાન મહાવીર સફલ દેશના | રિષભદાસ રાંકા | ૧૭૫ |
| પ્રભુદર્શને (૬) | બાપુલાલ કાલીદાસ સંઘાણી | ૧૭૮ |
| દિવ્ય દિવસ | મફતલાલ સંઘવી | ૧૮૪ |
| સિદ્ધાંત કે અનુયાયિયોં કો | પં. શ્રી કલ્યાણવિજયજી ગણી | ૧૯૦ |

## "શ્રી આમંત્રણ પત્રિકા"

**ખૈરવા (રાજસ્થાન)માં શ્રી અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ**

પાલી (મારવાડ)થી ૧૦ માઇલ દૂર શ્રી ખૈરવા ગ્રામમાં આગમી વૈશાખ શુ. ૬ સોમવાર, તા. ૨૯-૪-૬૩ના રોજ શ્રી નમિનાથજી આદિ જીનબિંબોની અંજનશલાકા પ્રતિષ્ઠા પ. પૂ. વિદ્યાનુરાગી જૈનાચાર્ય શ્રી ૧૦૦૮ **શ્રીમદ્ વિજયજીનેન્દ્રસૂરીશ્વરજી** મહારાજ સાહેબ તેમજ પૂ. મુનિરાજ શ્રી આનંદવિજયજી મહારાજ સા. આદિ ઠાણાના નેતૃત્વમાં થવાની છે. માટે શ્રી જૈન સંઘને વિનંતી છે કે જે જે ગામોમાં નવીન જીનબિંબોની અંજનશલાકા વિધી કરાવવાની હોય તેમણે ચૈત્ર વદી ૧૦ શુક્રવાર તા. ૧૯-૪-૬૩ના રોજ અગાઉ નવીન જીનબિંબ ખૈરવા મોકલવા અથવા ખૈરવા પધારવા આગ્રહભર્યું આમંત્રણ છે.

એજ લી० શ્રી **નમીનાથજી જૈન શ્વે પેઢી**, મું. પો. ખૈરવા (રાજસ્થાન)

## ગ્રાહકોને વાચકોને અમારી અગત્યની નોંધ

*** આવતો અંક :** ભગવાન મહાવીર જયંતિના તહેવાર અંગે અંક ૧૩-૧૪ તા. ૩૦ શનિ તથા તા. ૬ શનિવારનો ભેગો અંક કાઢવામાં આવ્યો છે. આવતો અંક એટલે હવે પછી ૧૫મો અંક તા. ૧૩-૪-૬૩ **શનિવાર ચૈત્ર વદિ ૪ના પ્રકટ થશે.**

*** તુરત જ :** ઓળી આરાધનાના તેમજ મહાવીર જયંતીના **સમાચાર** શાહીથી કાગળની એક બાજુએ **ટુંકમાં મુદ્દાસર** તુરત જ લખી મોકલી આપવા વિજ્ઞપ્તિ છે.

*** ક્ષમાયાચના :** આ અંકમાં અમારા **આગ્રહથી શ્રમણસમુદાય** તથા લેખકોએ પોતાની કૃતિ પોતાના **કિંમતી સમયના** ભોગે મોકલી આપી તેમાં **કેટલીક** પ્રગટ કરાઇ છે, **કેટલીક** કૃતિને સ્થળાભાવને કારણે સ્થાન આપી શકયા નથી, તે માટે ક્ષમા યાચીએ છીએ.

* શ્રમણ **સમુદાયને** લેખકોએ તેમજ જાહેરાત આપનારાઓએ પોતાની વાનગી મોકલી આપી જે **સહકાર** આપ્યો છે તે બદલ આભાર માનીએ છીએ.

*** આપી શકયા નથી :** આ ખાસ અંકમાં **સ્થળાભાવને કારણે** સમાચારો તેમજ બીજા વિભાગો આપી શકયા નથી. તે હવે પછી આપીશું. **જેની દરેક ગ્રાહકો-વાચકો નોંધ લેશો.**

—મણકો—

'જૈન' થયા વિના બ્રાહ્મણ થવાતું નથી, અને 'બ્રાહ્મણ, થયા વિના 'જૈન' થવાતું નથી. ખરા 'જૈન' થયા વિના કયા જૈનને વર્તમાન બ્રાહ્મણની નિંદા કરવાનો અધિકાર છે? અને, એ જ પ્રમાણે ખરા 'બ્રાહ્મણ' થયા વિના વર્તમાન જૈનની નિંદા કરવાનો પણ દરેક બ્રાહ્મણને અધિકાર નથી. અને બ્રાહ્મણ ખરો બ્રાહ્મણ થશે, અને જૈન ખરો જૈન થશે, પછી નિંદાનો અવકાશ જ કયાં રહ્યો?

—શ્રી આનંદશંકર ધ્રુવ

# અંતરમાં સહૃદયતાની જ્યોત પ્રગટાવીએ!

સૂર્ય પ્રકાશે છે, અને વિશ્વસનો અંધકાર નાસે છે.

દીપકની જ્યોત પ્રગટે છે, અને ઘરનો ખૂણે ખૂણો પ્રકાશી ઉઠે છે.

પ્રકાશ એ પ્રગતિની પહેલી જરૂરિયાત છે; પ્રકાશ વગર વિકાશ નથી.

જેવી બહારની દુનિયાની વાત, એવી જ અંતરના આત્માની વાત.

આત્માનો વિકાસ પણ પ્રકાશ વિના શકય નથી; પણ સૂર્ય કે પ્રદીપ કંઈ આત્મને પ્રકાશનું દાન કરી શકતા નથી. એ માટે તો કોઈ દીવ્ય પ્રકાશની અપેક્ષા રહે છે.

મહાપુરુષો, તીર્થંકરો, યોગીયો, સંતો અને સાધકોના જીવન અને કવન એ જ આત્માને પ્રકાશ આપનાર દીવ્ય પ્રકાશ છે; દુઃખ અને અશાંતિમાં પીડાતી દુનિયાનો એ જ તરણોપાત્ર છે.

ભગવાન મહાવીર આવા જ આત્મસાધક મહાયોગી હતાઃ એમણે કઠોર આત્મસાધનાના દિવ્ય રસાયણથી પોતાના આત્માને અજમાવ્યો હતો, અને વિશ્વને પ્રકાશ આપ્યો હતો.

એ દિવ્ય પ્રકાશ પામનારનું પહેલું લક્ષણ છે સહૃદયતા. એ પ્રકાશનું દાન પામનાર કયારેય દંભ, માયા–છળકપટ કે અભિમાન ન આચરે; સરળતા, નમ્રતા અને વિનયને કયારેય ન ચૂકે.

દુઃખિયાનું દુઃખ જોઈ દિલ દ્રવી ઊઠે એ સાચી સહૃદયતા.

રીઢા માટલાનાં જળ શીતળ ન થાય, અને રીઢા મનનાં માનવીમાં સહૃદયતાની શીતળતા ન પ્રગટે.

સહૃદયતા એ ધર્મનો પહેલો પાયો, આત્મવિકાસનું પહેલું પગથિયું, અને માણસાઈનો પહેલો પદાર્થ પાઠ.

ભગવાન મહાવીરની સાક્ષીએ આપણે સહૃદયતાની ભિક્ષા માગીએ; અને સહૃદયતાની જ્યોત આપણા અંતરને અજવાળે એવી પ્રાર્થના કરીએ.

વર્ષ : ૬૨
અંક : ૧૪-૧૫
વીર સંવત
૨૪૮૯
ચૈત્ર શુદિ ૧૩
તા. ૬-૪-૬૩
શનિવાર

ૐ

સ્વ. તંત્રી:
શેઠ દેવચંદ દામજી કુંડલાકર
તંત્રી:
શેઠ ગુલાબચંદ દેવચંદ

# શ્રમણ ભગવાન મહાવીર: ધર્મશુદ્ધિના સમર્થ પુરસ્કર્તા

**શુદ્ધિ એ ધર્મનું ધ્યેય છે**, ધર્મનો આત્મા છે અને ધર્મનો ધર્મ છે. શુદ્ધિ વિના ધર્મ ટકી શકતો નથી, અને શુદ્ધિનો લાભ થતો ન હોય તો પછી ધર્મનો કોઇ ઉપયોગ રહેતો નથી. આંતરિક અશુદ્ધિના નિવારણનો માર્ગ એનું નામ જ ધર્મ, અને એ માટેનો પ્રબળ પુરુષાર્થ એનું નામ જ ધર્મનું આરાધન કે આધ્યાત્મસાધના.

શરીર પર કે વસ્ત્ર-પાત્ર જેવી વસ્તુઓ પર લાગેલા બાહ્ય મળોનું નિવારણ એ તો સુસાધ્ય બાબત છે; એ માટે કંઈ ઊંડી સાધના કે મોટી મહેનતની જરૂર રહેતી નથી; પણ પોતાના આત્મા સાથે એકરૂપ થઈ ગયેલાં કર્મો, કલેશો અને કષાયોના મળોની અશુદ્ધિઓને દૂર કરવાનું કામ ભારે શ્રમસાધ્ય કાર્ય છે; અને એમાં ફક્ત જ્ઞાન કે ક્રિયાથી કામ ચાલતું નથી, પણ જ્ઞાન અને ક્રિયાના પૂર્ણ સમન્વયની જરૂર પડે છે. આ અશુદ્ધિઓની મુક્તિને જ જીવનસાધકોએ સાચી મુક્તિ તરીકે બિરુદાવી છે (कषायमुक्तिः किल मुक्तिरेव): અને સાધના માટે જ પોતાની સમગ્ર શક્તિ કેન્દ્રિત કરવાનું અને કામે લગાડવાનું તેઓએ ઉદ્બોધ્યું છે.

ભગવાન મહાવીરનું જીવન એ પરમ મહાયોગીનું જીવન હતું અને આત્મશુદ્ધિની પૂર્ણ સાધના, આત્મભાવનો પૂર્ણ સાક્ષાત્કાર અને આત્મામાં પરમાત્મભાવનું પૂર્ણ પ્રકટીકરણ, એ જ એમની યોગસાધનાનું ધ્યેય હતું; અને એ ધ્યેયની સંપૂર્ણ સિદ્ધિ એજ મહાવીર જીવનનો મહામહિમા છે. ભગવાન મહાવીરની ધર્મપ્રરૂપણામાં એમની આ અતિવિરલ સાધનાનાં અમૃત છલકાતાં હતાં. જેવું આત્મસાધક અને આત્મોદ્ધારક એમનું જીવન હતું, એવો જ પરોપકારી એમનો ધર્મોપદેશ હતો. તેથી જ ભગવાનનું જીવન અને કથન એ વિશ્વની સનાતન સંપત્તિ બની ગઈ છે.

પણ આ આત્મસાધનાનો વિચાર જેટલે રળિયામણો છે એટલી જ અતિશ્રમસાધ્ય અને અતિકષ્ટસાધ્ય એની સાધના છે. પણ જેમણે આત્માની ભીતરમાં જ છુપાયેલ પરમાત્મભાવના અમૃતનું દર્શન કર્યું હોય એમને આવો શ્રમ થકવી શકતો નથી, અને આવાં કષ્ટો વિચલિત કરી શકતાં નથી. એમનું લક્ષ્ય તો સદાસર્વદા આ અમૃત ઉપર જ કેન્દ્રિત થયેલું હોય છે; અને એના પરમ આહ્લાદક દર્શનમાં તેઓ દુનિયાનાં કષ્માને વીસરી

જાય છે. અરે, એ કષ્ટો, તો એમને શત્રુ જેવાં આકરાં નહીં પણ મિત્ર જેવા પ્યારાં લાગે છે.

આત્મશુદ્ધિની આવી ઉત્કટ અને વિરલ તમન્ના એજ ભગવાન મહાવીરને બારબાર વર્ષ લગી અપાર અને અસહ્ય કષ્ટોને સમભાવપૂર્વક સહન કરવાનું સામર્થ્ય આપ્યું હતું. ભગવાન મહાવીરની જેમ અન્ય સર્વ તીર્થંકરોની સાધના અને ધર્મપ્રરૂપણાનું ધ્યેય પણ કેવળ આત્માશુદ્ધિ જ હતું.

આમ જોઈએ તો ધર્મમાત્રનું ધ્યેય પાપ કે દોષથી નીચે પડતા જીવને બચાવીને એનો ઉદ્ધાર કરવો, એને આત્મવિકાસના ઉન્નત માર્ગે દોરી જવો એ જ છે. પણ જૈનધર્મે જે રીતે આ ધ્યેયનું કેવળ સમર્થન કે પ્રરૂપણ જ નહીં, પણ પાલન કરી બતાવ્યું છે, તેથી આત્મશુદ્ધિ એ એનો આત્મા બની ગયો છે. અને આ આત્મશુદ્ધિને પ્રાપ્ત કરવાના અમોઘ સાધન તરીકે એણે અહિંસા અપરિગ્રહ અને અનેકાંતવાદ ઉપર હંમેશાં ખૂબ ભાર આપ્યો છે.

સૂક્ષ્મમાં સૂક્ષ્મ અહિંસાનું પાલન, અને વિરોધી કે પ્રથમ દૃષ્ટિએ અમાન્ય લાગતા વિચારમાં રહેલ સત્યને શોધીને તેનો સ્વીકાર કરવાની અનેકાંતવાદની વૈજ્ઞાનિક પદ્ધતિ, એ જૈનધર્મની અસાધારણ વિશેષતાઓ છે. અહિંસા અને સત્યના સાક્ષાત્કારને લગતી આ વિશેષતાઓ જ જૈનધર્મનું અન્ય ધર્મોથી વૈશિષ્ટ્ય દર્શાવતી ભેદરેખાઓ બની રહે છે. પણ આ વિશેષતાઓ એ કંઈ જૈનધર્મને એમ ને એમ સાંપડી ગયેલી વિશેષતાઓ નથી; એની પાછળ તો એના પ્રરૂપકો—તીર્થંકરોના મહાતપ અને પરમ પુરુષાર્થનું બળ રહેલું છે.

પુરાતન કાળમાં (પ્રાગૈતિહાસિક કાળમાં) જીવન પદ્ધતિ અને સંસ્કારિતાથી વંચિત જનસમૂહને ભગવાન ઋષભદેવે જીવનપદ્ધતિ અને સંસ્કારિતાનું દર્શન કરાવીને સંસ્કૃતિનું નવનિર્માણ કર્યું, તો ભગવાન નેમિનાથે એને કરુણા અને વૈરાગ્યનો વારસો આપીને સમૃદ્ધ બનાવ્યું.

ઇતિહાસકાળમાં ભગવાન પાર્શ્વનાથે હિંસામાં ધર્મ માનનાર પ્રજાને ઢંઢોળીને અહિંસાની દિવ્ય શક્તિનો પરચો બતાવ્યો; અને એ રીતે જૈન સંસ્કૃતિના આત્માને વિશેષ તેજસ્વી બનાવ્યો. એમણે ચાર મહાવ્રતો (ચતુર્યામ—જેમાં બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ બન્ને મહાવ્રતોનો ચોથા મહાવ્રતમાં સમાવેશ થતો હતો.)ની દેશના આપીને હિંસક કે ધ્યેયશૂન્ય બાહ્ય ક્રિયાકાંડોમાં ધર્મ માની બેસેલ જનતાને સાચા ધર્મનો માર્ગ બતાવ્યો અને આત્મશુદ્ધિ એજ સાચો ધર્મ છે, એ વાત પોતાના જીવન અને ઉપદેશદ્વારા સચોટ રીતે સમજાવી. ધર્મશુદ્ધિ માટેનો આ પુરુષાર્થ એ ઇતિહાસકાળની એક નોંધપાત્ર ઘટના બની ગઈ, એટલું જ નહીં, એની અસર ત્યારપછી અઢીસો વર્ષે થયેલ ભગવાન બુદ્ધની ધર્મસ્થાપના ઉપર પણ થયા વગર ન રહી.

પણ ભવિતવ્યતાની પણ એ કેવી વિચિત્રતા છે કે ભગવાન પાર્શ્વનાથના ધર્મચક્ર પ્રવર્તનના જે સારભૂત તત્ત્વનો—ચતુર્યામનો, અઢીસો વર્ષ પછી, બૌદ્ધધર્મના આંતર ઘડતરમાં ઉપયોગ કરવામાં આવ્યો, એ જ તત્ત્વો, ભગવાન પાર્શ્વનાથ પછી, એમની પરંપરાના આચારને શુદ્ધ રાખવામાં ઓછા અસરકારક બની ગયાં! પણ ખરી રીતે એ ખામી એ તત્ત્વોની નહીં, પણ માનવીની પોતાની કમજોરીની હતી: તપ, ત્યાગ અને સંયમના માર્ગે ચાલીને સુખભોગ; સંગ્રહશીલતા અને વિલાસિતાને નાથવાનું કામ એ તલવારની ધાર ઉપર ચાલવા જેવું અતિ કપરું કામ છે; જરાક પ્રમાદ થયો કે પડ્યા જ સમજો!

તેવીસમા અને ચોવીસમા તીર્થંકર વચ્ચેનું અંતર તો માત્ર અઢીસો વર્ષનું જ; પણ એટલા સમયમાં કાળબળ કહો કે માનવીની પોતાની કમજોરી કહો, પાર્શ્વાપત્યિક ધર્મસંઘમાં શિથિલતા પ્રવેશી ગઇ, અને વધવા લાગી. જાણે આ શિથિલતાને નાથીને ધર્મશુદ્ધિની પુનઃ સ્થાપના કરવા માટે જ ન હોય, એમ ભગવાન મહાવીરનો જન્મ થયો.

ભગવાન મહાવીરને તો જીવનશુદ્ધિ–આત્મશુદ્ધિ સિવાય બીજું કશું જ ખપતું ન હતું. એમણે જોઈ લીધું કે વ્યક્તિ–વ્યક્તિની જીવનશુદ્ધિ એ જ ધર્મશુદ્ધિ કે સંઘશુદ્ધિની જનેતા બનવાની છે. વ્યક્તિની આત્મશુદ્ધિની જો ઉપેક્ષા કરવામાં આવે તો ધર્મશુદ્ધિ કે સંઘશુદ્ધિ એ કેવળ આકાશકુસુમ જેવી વાત બની રહે.

પહેલાં ભગવાને પોતાની સંપૂર્ણ આત્મશુદ્ધિ પ્રાપ્ત કરી લીધી; અને એ આત્મશુદ્ધિના પ્રકાશમાં એમણે સંઘશુદ્ધિ કે સમાજશુદ્ધિ દ્વારા ધર્મશુદ્ધિની પુનઃ પ્રતિષ્ઠા કરવા માટે ધર્મચક્રનું પ્રવર્તન કર્યું. આ ધર્મચક્ર પ્રવર્તનના કેન્દ્રમાં અહિંસા હતી; આ અહિંસા જ વિશ્વમૈત્રી, વિશ્વશાંતિ અને દ્વેષમુક્તિની જનેતા બનવાની ક્ષમતા ધરાવે છે.

અહિંસા મૂલક સમભાવથી પ્રેરાઇને ભગવાને સમાજપરિવર્તનના પાયારૂપ ચાર ક્રાંતિકારી પગલાં ભરીને ધર્મશુદ્ધિને વેગ આપ્યો; સમાજમાં પતિત, દલિત કે અધમ ગણાતા જનસમૂહના ઉદ્ધારને માટે માનવી માનવી વચ્ચેના ઊંચ–નીચ પણાના નકલી ભેદને નાબૂદ કરીને ધર્મમંદિરનાં (સમવસરણનાં) દ્વાર સૌને માટે મોકળાં કરી દીધાં. ધર્મ સાધનામાં સ્ત્રીને સમાન દરજ્જો આપીને નારી પ્રતિષ્ઠા કરી; અને એ ભાવનાને અમલરૂપ આપવા ભિક્ષુસંઘોની જેમ ભિક્ષુણીસંઘોની રચના કરી. લોકોને ધર્મની વાતો સહેલાઈથી સમજાય એ માટે ધર્મોપદેશ માટે લોકભાષાને અપનાવી, અને એને ધર્મશાસ્ત્રની ભાષાનું ગૌરવ અપાવ્યું. જુદા જુદા ધર્મમતોમાંથી સાર તત્ત્વ સ્વીકારવા માટે અને સત્યની શોધને વેગ આપવા માટે અનેકાંત પદ્ધતિની પ્રરૂપણા કરી.

અને આટલું જ શા માટે? ભગવાન મહાવીરની વિચક્ષણ બુદ્ધિએ જોયું કે ભગવાન પાર્શ્વનાથે બ્રહ્મચર્ય અને અપરિગ્રહના પાલન માટે યોજેલ ચોથા યામની બાબતમાં ભિક્ષુસંઘો શિથિલ બનતા જાય છે; અને એમાં ઠીકઠીક અવ્યવસ્થા ઊભી થઇ ગઈ છે. ખરી રીતે તો કામિની (વિલાસપ્રિયતા) અને કંચન (સંગ્રહશીલતા) ઉપર સંયમ મેળવવાની વાત એ કંઇ આજકાલનો કે મહાવીરના સમયનો જ કોયડો નથી, પણ એ તો અનાદિકાળનો સનાતન કોયડો છે. અને એ માટે યુગે યુગે યોગી પુરૂષોને પોતાના જીવન તેમજ કવનદ્વારા સમર્થ પ્રયત્નો કરવા પડયા છે; અને છતાં લપસણી ભૂમિની જેમ એ બાબતો હંમેશાં લપસણી રહી છે. સંઘને બ્રહ્મચર્ય અને અપરિગ્રહ મહાવ્રતના ભંગના દોષમાંથી મુક્ત કરવા માટે ભગવાને ચોથા અને પાંચમા મહાવ્રતોને જુદાં પાડીને એ માટે સ્પષ્ટ વિધાન કર્યું. ભગવાન મહાવીરનું આ પગલું સંઘશુદ્ધિ અને ધર્મશુદ્ધિના ઈતિહાસમાં યાદગાર અને હંમેશને માટે માર્ગદર્શક બની રહે એવું છે.

પણ ભગવાન મહાવીરના આ મહાન કાર્યની પ્રશંસા કરીએ કે કેવળ ભૂતકાળની વાતો કરીને રાચીએ, એટલું પૂરતું નથી. એ ભૂતકાળનો ઉપયોગ આપણે આપણી સામેથી પસાર થતાં કાળને તેમજ આપણા વ્યક્તિગત જીવન અને સમાજને ઘડવામાં કરીએ તો જ એનો સાચો મહિમા સમજાયો ગણાય.

અત્યારે જૈન સંઘમાં જે શિથિલતા પ્રવેશી ગઈ છે તે કોઈ પણ સંઘહિતચિંતક વિચારકને ચિંતા ઉપજાવે એવી છે. અને આ ખામી અસાધ્ય બની જાય એટલી આગળ વધે તે પહેલાં આપણા અગ્રણીઓ સચિંત બન્યા છે, અને એ માટે પાણી પહેલાં પાળ બાંધવાનો પ્રયત્ન કરી રહ્યા છે, એટલું જૈન સંઘનું સદ્ભાગ્ય છે. એકાદ અઠવાડિયામાં અમદાવાદને આંગણે મળનાર આપણા શ્રમણોપાસક શ્રી સંઘ સમ્મેલનનું આ દૃષ્ટિએ જ મૂલ્યાંકન કરવું ઘટે છે. સાચે જ, એ સમ્મેલન એ આપણી સંસ્કૃતિને અશુદ્ધિના કીચડમાં સરી પડતી અટકાવનારું ભારે દૂરંદેશી ભર્યું સત્કાર્ય છે.

આમ છતાં જેઓ, દૂધમાંથી પોરા કાઢવાની જેમ, આવા શુભ પ્રયત્ન સામે પણ વિરોધ દર્શાવવા તત્પર થતા હોય તેઓ આપણામાં પ્રવેશી ગયેલી શિથિલતાનો જ એક વધુ પુરાવો પૂરો પાડે છે! શિથિલતાને પંપાળવાનું કે એ તરફ આંખમીંચામણા કરવાનું શિથિલતા સિવાય બીજું કોણ કરે?

ઇચ્છીએ કે કોઈ આવી આત્મવિઘાતક શિથિલતાને પંપાળવામાં ધર્મ ન સમજે, અને એ શિથિલતાને દૂર કરવાના પ્રયત્નમાં સહુ કોઈ નિષ્ઠાપૂર્વક સાથ અને સહકાર આપે.

ભગવાન મહાવીરના જીવન અને ઉપદેશને સમજ્યાનો આ જ સાર છે.

# સામયિક સ્ફુરણ



## એ થાય તે સોના જેવું !

એટલું સારું છે કે તિથિચર્ચાની બાબતમાં હજી આપણા સંઘનું મન રીઢું નથી બની ગયું, અને એક નવો ગચ્છ ઊભો થયો છે એમ માનીને સૌ પોતપોતાના ગચ્છની માન્યતા પ્રમાણે વર્તે, એમાં આપણે શા માટે વચ્ચે પડવું, એવો ખોટો સંતોષ લેવા નથી ટેવાઈ ગયું. હજી પણ તપગચ્છ સંઘમાંની અનેક વ્યક્તિઓને, જૈનસંઘના સંગઠનમાં આડખીલી રૂપ બનતો આ મતભેદ મતભેદ નહીં ક્રિયાભેદ—ખટકયા કરે છે, અને એ કોઈ પણ રીતે દૂર થાય એમ તેઓ ઇચ્છે છે. સંઘના હિતની દૃષ્ટિએ અમને આ એક શુભ ચિહ્ન લાગે છે. એકવાર જો સૌએ આ મતભેદ પચાવી લીધો, તો પછી બીજા સંખ્યાબંધ ક્રિયાભેદોની જેમ આ ક્રિયાભેદ પણ કાયમી જ બની ગયો સમજવો !

અમારા તા. ૯–૨–૬૩ના અંકમાં અમે પૂ. આ. મ. શ્રી વિજયપ્રેમસૂરિજી મહારાજના સમુદાયના સંગઠનની સમસ્ત શ્રી સંઘના સંગઠનની દૃષ્ટિએ કેટલીક વિચારણા કરી હતી. તે પછી અમારા તા. ૨૩–૨–૬૩ના અંકમાં પર્વતિથિની નવી માન્યતા વાળાઓને ક્યારેક અનુભવવી પડતી વિચિત્ર સ્થિતિની થોડીક રજૂઆત કરી હતી. અને અમારા છેલ્લા તા. ૨૩–૩–૬૩ના અંકમાં મ. આ. પં. શ્રી વિજયપ્રેમસૂરિજી મહારાજના સાધુસમુદાય માટે નક્કી કરવામાં આવેલ બંધારણની થોડીક મીમાંસા કરી હતી. આ બધું વાંચીને અમારા એક ભાવનાશીલ વાચક બંધુ લખે છે કે—

"તમે સંગઠનની, તિથિચર્ચાના ઉકેલની અને બંધારણ સંબંધી જે વાતો લખી, તેની સાથે એક વાતનો વિચાર કરવા જેવો લાગે છે. અને એ બાબતનો સંબંધ તિથિચર્ચાના ઉકેલની સાથે છે કે જેમ એ સમુદાયનું બંધારણ તૈયાર કરવામાં શ્રીયુત રમણલાલ વજેચંદ અને શેઠશ્રી રમેશભાઈ બકુભાઈ ઉપયોગી થઈ પડયા હતા, તેમ તિથિચર્ચાનો ઉકેલ લાવીને તપગચ્છ સંઘમાંથી એક

કલેશના કારણને દૂર કરવામાં ઉપયોગી થાય, અને આ માટે તેઓ પૂ. આ. મ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજને વાત કરે તો આ ચર્ચાનો નિવેડો ન આવી શકે? મને તો લાગે છે કે તેઓ તો આવો પ્રયત્ન કરે તો મહાપુણ્યના ભાગીદાર બને."

પત્ર લખનાર ભાઈની ભાવના જેમ આવકારદાયક છે, તેમ એમણે કરેલ સૂચન પણ ઉપયોગી અને વ્યવહારૂ બની શકે એવું છે. અને તેથી આવકારદાયક લાગે છે.

પણ આ સંગઠન અને બંધારણ ઘડવામાં ઉપયોગી થતી વખતે આ બે મહાનુભાવોના મનમાં તિથિચર્ચાના નિકાલની સત્તા આ. મ. શ્રી વિજયરામચંદ્રસૂરીજીને સોંપવાનો વિચાર મુખ્યપણે કામ કરતો હતો, કે ભવિષ્યમાં સમસ્ત તપગચ્છ સંઘનું સંગઠન સાધવાની ભાવના આગળ પડતી હતી, એ નિશ્ચિતપણે કહેવાનું કે જાણવાનું કોઈ આધારભૂત સાધન આપણી પાસે નથી. પણ, આ સંગઠન અને બંધારણની જાહેરાતને એકાદ વર્ષ જેટલો સમય વીતવા છતાં, તિથિચર્ચાના ઉકેલની દિશામાં આ બે મહાનુભાવો તરફથી કોઈ પણ નક્કર પગલું ભરવામાં આવ્યાનું જાણી શકાયું નથી, તે ઉપરથી એવું કંઈક અનુમાન કરવાનું મન થઈ આવે તો એમાં આપણો દોષ ન ગણાય, કે એમનું મુખ્ય ધ્યેય આ સત્તા આ. શ્રી. વિજયરામચંદ્રસૂરીજીને અપાવવાનું હતું. જો એમ હોય તો સમસ્ત શ્રી સંઘના વ્યાપક હિતની દૃષ્ટિએ એમનું એ પગલું લાભકારક પુરવાર ન થઈ શકે. પણ આ તો માત્ર અમારું અનુમાન છે. અને અમે પોતેજ ઇચ્છીએ છીએ કે અમારું અનુમાન નિરાધાર હોય; અને શ્રીસંઘના સંગઠનનું વ્યાપક હિત એમના હૈયે વસેલું હોય; તેમજ આ માટે પ્રયત્ન કરવાની યોગ્ય તકની તેઓ રાહ જોતા હોય.

તિથિચર્ચાના નિરાકરણની જરૂર અંગે કંઈ વિશેષ લખવાની જરૂર નથી. તેમજ કોઈપણ એ ખામીના નિરાકરણ માટે ક્યારેક મોડું થયું લેખાતું નથી.

અમે તો એટલું જ ઇચ્છીએ છીએ કે આગમી શ્રમણોપાસક શ્રીસંઘના સમ્મેલનને અવસરે આ બે મહાનુભાવો તેમજ બીજા મહાનુભાવોના શુભ પ્રયાસોથી આ વાતનું નિરાકરણ થઈ શકે તો સોના જેવું થાય!

## સાધ્વીજીના ધર્મોપદેશની અસર

આગરાથી પ્રગટ થતા 'શ્વેતાંબર જૈન' પત્રના તા. ૧૬-૩-૬૩ના અંકમાં સાધ્વીજી શ્રી વિચક્ષણશ્રીજીના પ્રવચનનું અને એની અસરનું જે વર્ણન આપ્યું છે તે આહ્‌લાદ ઉપજાવે એવું અને સાધ્વીજીનો ધર્મોપદેશ પણ સાધુ-મુનિરાજોના ઉપદેશ જેવો જ પ્રભાવશાળી બની શકે છે એ સત્યની સાખ પૂરે એવું છે. છેવટે વ્યક્તિ પોતે નહીં, પણ એનાં જ્ઞાન અને ચારિત્ર જ પ્રભાવશાળી નીવડે છે—ભલે પછી એ પુરુષ હોય કે સ્ત્રી.

સાધ્વીજી શ્રી વિચક્ષણશ્રીજી અભ્યાસ અને પ્રવચન નિપુણ સાધ્વીજી છે. એમની વાણી અનેક ભાવિક શ્રોતાઓનાં અંતરને સ્પર્શી જાય છે, અને એમને અધર્મથી દૂર થવાની અને ધર્મને માર્ગે ચાલવાની પ્રેરણા આપે છે.

દોઢેક મહિના પહેલાં તેઓ (મધ્યપ્રદેશમાં) જીરન નામના ગામમાં ગયાં હતાં, અને ત્યાં એમણે જાહેર સ્થળે જાહેર પ્રવચનો આપ્યાં હતાં, એમનાં પ્રવચનોમાં માનવતા, ભ્રાતૃભાવ, સંગઠન, સેવા, વાર્પણ જેવા ગુણોને આગળ પડતું સ્થાન મળે છે. અને તેથી એમાં જૈન જૈનેતર શ્રોતાઓ સમાનભાવે સામેલ થાય છે.

આ ગામના જૈન સમાજમાં કોઈ નાની સરખી બાબતને લઇને મોટો મતભેદ પડી ગયો હતો. અને તેથી ત્યાંનો સમાજ વર્ષોથી બે પક્ષમાં વહેંચાઈ ગયો હતો.

સંગઠનની હાકલ કરતાં સાધ્વીજીનાં પ્રવચન આ

ગામના જૈન સમાજના અંતરને સ્પર્શી ગયા; અને સાધ્વીજી તરફથી કોઈપણ જાતના અંગત દબાણ વગર જ તેઓએ મતભેદનું નિવારણ કર્યું અને પોતાનું સંગઠન સાધી લીધું.

એ જ રીતે કેટલાક મહિનાઓ પહેલા, આ સાધ્વીજીના પ્રવચનોથી પ્રેરાઈને પીપલિયા ગામના લોકોએ મરણ પાછળના જમણા (કારજ) ના રીવાજને તિલાંજલિ આપી હતી.

આવા ધર્મપ્રચાર માટે આ સાધ્વીજીને ખૂબ ખૂબ ધન્યવાદ અને અભિનંદન ઘટે છે.

આપણુ વિશાળ સાધ્વી સમુદાયને તક આપવામાં આવે તો એ કેવું ઉત્તમ ધર્મકાર્ય કરી શકે એનું આ ઉત્તમ ઉદાહરણ છે.

આવા દાખલાઓ ઉપરથી પ્રેરણા લઈને આપણા સાધ્વીસંઘને ઊંડા અધ્યયનની અને ધર્મોપદેશની છૂટ આપવામાં આવે એ જ આ લખાણનો ઉદ્દેશ છે.

## પુસ્તક–પરિચય

**મહાવીર દર્શન અને ચંદનબાળાનું કથાગીત** ( એક કાવ્યકૃતિ ); રચયિતા શ્રી શાંતિલાલ બી. શાહ; પ્રકાશક–શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર, ગોડીજીની ચાલ, મુંબઈ-૨; પૃષ્ઠ સંખ્યા-૯૬; સચિત્ર; કિંમત–દોઢ રૂપિયો.

શ્રી શાંતિલાલ બી. શાહ એ ગુજરાતના એક લોકપ્રિય અને જાણીતા સંગીતકાર છે; પોતાની કામણગારી સંગીતકળા દ્વારા મોટે ભાગે પોતે જ રચેલી કાવ્યકૃતિઓને તેઓ શ્રોતાઓના અંતર સુધી પહોંચાડી દે છે, એ એમની સંગીતકળાની નોંધપાત્ર વિશેષતા છે. અને એની કાવ્યરચનાઓની ખાસ નોંધપાત્ર વિશેષતા એ હોય છે તેઓ ધર્મભાવના, રાષ્ટ્રીયતા અને માનવતાને જાગૃત કરે એવી જ કૃતિઓ રચે છે–પછી એનો વિષય ધાર્મિક હોય, સામાજિક હોય, રાષ્ટ્રીય હોય, કે બીજો ગમે તે હોય, કાવ્યરચનામાં મધુર, મુલાયમ અને માર્મિક શબ્દોની પસંદગીમાં શ્રી શાંતિભાઈ નિપુણ છે.

ભગવાન મહાવીરનું જીવન એ તપ, ત્યાગ, સંયમ, વૈરાગ્ય અને તિતિક્ષા દ્વારા આત્મબળને પ્રગટાવનારું આદર્શ જીવન છે; અને એમાં નાનામાં નાના માનવીથી લઈને મોટામાં મોટા યોગીઓને પણ પોતાની સાધના-યાત્રામાં ઉપયોગી થઈ શકે એવું અદ્ભુત જીવન પાથેય ભરેલું છે. એટલે એ જીવનના જેટલાં ગુણગાન થાય, અને એનાં જેટલાં કાવ્યો રચાય તેટલાં ઓછાં છે.

આ નાનીસરખી કૃતિ ભગવાન મહાવીરના વિરાટ જીવનના કેટલાક પ્રેરક પ્રસંગોને કાવ્યમય બાનીમાં રજુ કરે છે. ઉપરાંત, એમાં ભગવાન મહાવીરના મથામંથનને દર્શાવતાં, ભગવાનના જીવનની જુદી જુદી વિશેષતાઓની સ્તવના કરતાં તેમજ ભગવાન મહાવીરની પ્રાર્થના કરતાં કેટલાંક કાવ્યો પણ આપવામાં આવ્યાં છે. વળી ચંદનબાળાની કરુણ અને પ્રેરક ઘટનાને અનુલક્ષીને એક મોટું કથાગીત પણ આપવામાં આવ્યું છે. આમ આ નાનાસરખા પુસ્તકમાં ભગવાન મહાવીરના અલૌકિક જીવનનું દર્શન કરાવતી એક જ કર્તાએ રચેલી વિવિધ કાવ્યકૃતિઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે, અને એ રીતે એનું 'મહાવીર-દર્શન' એ નામ સાર્થક બન્યું છે.

નાટક જેમ દૃશ્ય કલાકૃતિ ગણાય છે; એ ભજવી બતાવવામાં આવે ત્યારે જ એની મહત્તાનાં સાચા દર્શન થાય છે; એ જ રીતે કવિતા એ શ્રાવ્ય સાહિત્ય-કૃતિ લેખાય છે; સંગીતકારને મુખે ચડેલી કવિતાનો આત્મા સોળે કળાએ ખીલી ઊઠે છે, અને અંતરને સ્પર્શી જાય છે. શ્રી શાંતિભાઈના બુલંદ તથા સુમધુર કંઠ દ્વારા એમની જ સુકોમળ કાવ્યકૃતિઓને સાંભળવી એ એક ચિરસ્મરણીય લહાવો છે.

આ કાવ્યકૃતિનું સ્વાગત હો!

# અભયદાનનો અમૂલ્ય અવસર

### ૩૦,૦૦૦ જાનવરો કાળના પંજામાં

### ગુજરાતના ૬ જીલ્લાઓમાં દુષ્કાળનું સંકટ

એ દુઃખની વાત છે કે ગુજરાત જેવા ધર્મપ્રિય રાજ્યના ૬ જીલ્લાઓમાં છેલ્લા ૪ માસથી દુષ્કાળની પરિસ્થિતિ પ્રવર્તે છે. હજારો જાનવરો ભુખમરાથી, રોગથી અને કતલ માટે વેચાઈને મરણ પામ્યા. હજી પણ આશરે ૩૦,૦૦૦ અર્ધભુખ્યા જાનવરો સાથે મોત ડોકીયા કરે છે.

મુંબઈ જીવદયા મંડળી અને ગુજરાત ગૌશાળા પાંજરાપોળ સંઘે નીમેલી ગુજરાત પશુરાહત સમિતિએ સંકટગ્રસ્ત ભાગોના ૩૦,૦૦૦ પશુઓને રાહતની વિવિધ યોજના દ્વારા બચાવવાનો નિર્ણય કર્યો છે.

અમરેલી ખાતે ભરાતી અઠવાડીક બજાર પરથી સેંકડો જીવોને છોડાવ્યા છે અને કેટલ કેમ્પમાં આશરે ૫૦૦ ઉપયોગી ગાયો બળદો દાખલ થયા છે.

અભયદાનની આશાએ સંકટપીડીત જાનવરોનાં ટોળેટોળાં કેટલ કેમ્પમાં પ્રવેશ માંગે છે. પણ પુરતી આર્થિક મદદ અને ઘાસચારાની સગવડ વગર વધારે જાનવરો દાખલ કરવાનું જોખમ લઈ શકાતું નથી.

રૂા. ૨૦ માં એક જાનવરને અભયદાન મળતું હોય તો અભયદાનમાં પુન્ય માનનાર દાનવીરો અને પશુધનની રાષ્ટ્રીય ઉપયોગતા સમજનારા દેશભક્તોને આ તકે ઉદાર મદદ કરવા વિનંતિ છે.

વિનંતિ સેવકો,

જગજીવનદાસ નારણદાસ મહેતા
પ્રમુખ.

ગણપતીશંકર દેસાઈ
પ્રમુખ: જીવદયા મંડળી

પન્નાલાલ ઉમાભાઈ હઠીસિંગ

મગનલાલ પી. દોશી

ચંદુલાલ પ્રેમચંદ શાહ

જયન્તિલાલ એન. માન્કર

ઠાકોરભાઈ શાહ,

મુકુંદરાય ત્રિવેદી

માનદ મંત્રીઓ.

લલ્લુભાઈ શેઠ (ધારાસભ્ય)

મનુભાઈ પંચોળી

અરવિંદભાઈ પન્નાલાલ

મદદ મોકલવાનું ઠેકાણું:

## ગુજરાત પશુરાહત સમિતિ

મુંબઈની શ્રી જીવદયા મંડળી, ૧૪૯, શરાફ બજાર, મુંબઈ ૨

# શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ પ્રકાશિત સમાજના ઉત્કર્ષ માટેની યોજના

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના પ્રત્યેક કાર્યોને અને પાલીતાણા અધિવેશનમાં થયેલ ઠરાવોને અમલી બનાવવા આપશ્રી આપનો દરેક પ્રકારનો સહયોગ આપશો તેવી આશા છે. આપણી આ સંસ્થાના નેતૃત્વ નીચે સમાજ ઉત્કર્ષના અને સમાજ ઉપયોગી પ્રત્યેક કાર્યોને પ્રગતિશીલ બનાવી સંગઠન સાધી કોન્ફરન્સનો સંદેશો ભારતભરમાં પ્રચલિત થાય તે હેતુસર આપણે એક સુકૃત ફંડની યોજના કરી છે. જે યોજના અનુસાર જૈન સમાજના નાગરિકો માંગલિક પ્રસંગો કે જેવા પર્યુષણપર્વ, દિવાળી, તેમજ લગ્ન પ્રસંગે આ સુકૃતફંડમાં પોતાનો યથાશક્તિ ફાળો નોંધાવે તે હેતુસર તેમજ કોન્ફરન્સનો પ્રેરક સંદેશો પ્રત્યેક ઠેકાણે પ્રચલિત થાય તેવી આશાથી આ સુકૃતફંડનું નક્કી કરવામાં આવ્યું છે.

અમને આશા છે કે આપ સમક્ષ સ્વયંસેવકો અગર આપણા સાધાર્મિક સેવાભાવિ ભાઈ-બ્હેનો ઉપસ્થિત થાય ત્યારે ફુલનહિ તો ફુલની પાંખડી પણ જરૂર યથાશક્તિ આપવા કૃપા કરશો.

**સમાજ ઉપયોગી કાર્યો** કે ઉદ્યોગગૃહ સ્થાપવા, સાદાઈથી લગ્નોત્સવ કરવા, છાત્રાલયોને ઉત્તેજન આપવું, શૈક્ષણિક કાર્યક્રમને વધુ સહાયરૂપ થવું. પ્રાંતિય સમિતિઓ રચીને કોન્ફરન્સના ભાવિ કાર્યક્રમનો પ્રત્યેક જીલ્લામાં પ્રચાર કરવો. અગ્રગણ્ય શહેરોમાં કોપરેટીવ બેંકો સ્થાપવી. સાધર્મિક બંધુઓની સેવા કરવી.

## શ્રી સંઘના સહકારની આવશ્યકતા.

આ અને આવા કાર્યોને સફળતાપૂર્વક પાર પાડવા માટે કોન્ફરન્સનું નિભાવફંડ સમૃદ્ધ હોવું જોઈએ એ નિર્વિવાદ વસ્તુ છે એ ખાતામાં ૪૭૦૦૦, ઉપરાંતનો તોટો છે. વિશેષમાં ઉપરોક્ત કાર્યો હાથ ધરવા માટે પણ નાણા જોઈએ. આ સર્વ દૃષ્ટિએ કોન્ફરન્સે "કોન્ફરન્સ નિભાવફંડ" એકત્ર કરવાની શરૂઆત કરી છે. તેમાં યથાશક્તિ સૌને પોતાનો ફાળો અર્પવા નમ્ર વિનંતિ છે. નીચેના કોઈપણ વર્ગમાં સભ્ય થવા અથવા અન્ય રીતે કોન્ફરન્સ નિભાવફંડ માટે રકમ એકત્ર કરી સંસ્થાને મોકલી આપવા વિનંતિ છે.

રૂ. ૧૦૦૧ અથવા રૂ. ૫૦૧ આપી અનુક્રમે મુરબ્બી સભાસદવર્ગ અ અને બ

રૂ. ૨૫૧ અથવા રૂ. ૧૦૧ આપી અનુક્રમે આજીવન સભાસદવર્ગ અ અને બ

સૌના આ પ્રકારના સહકારથી અખિલ ભારતની આપણી આ મહાસભા પ્રાણવાન બની સવિશેષ સમાજસેવા કરવા શક્તિમાન થશે. જેનો સુયશ શ્રી સંઘને ચરણે હશે.

લિ૦


૧. અભયરાજજી બલદોટા, પ્રમુખ

૨. વાડીલાલ ચત્રભુજ ગાંધી, ઉપ-પ્રમુખ

૩. જયંતિલાલ આર. શાહ, ઉપપ્રમુખ

૪. મહા-મંત્રીઓ મહીપતરાય જાદવજી શાહ

૫. ,, પોપટલાલ આર. શાહ

૬. સહાયકમંત્રી : જયરાજ જૈન

# "ભગવાન મહાવીર અને ઉત્તરાધ્યયન સૂત્ર"

લે:—પ્રો. અમૃતલાલ સવચંદ ગોપાણી એમ. એ; પી. એચ; ડી.

પોતાના ઐહિક જીવનનો અંત હાથવેંતમાં જ છે એમ જાણી, અવધારી ભગવાન મહાવીરે પોતાના ઉપદેશની અવિચ્છિન્ન ધારા ચાલુ રાખી જે અમાસની પાછલી રાત સુધી ચાલુ રહી. આ લાંબા ઉપદેશમાં પંચાવન વિપાક પુણ્યફળ વિપાક વિષયક પ્રરૂપણા, પંચાવન પાપફલ વિપાક વિષયક પ્રરૂપણા અને છત્રીશ અપૃષ્ટ વ્યાકરણ અધ્યયનનો સમાવેશ થાય છે. અંતે પ્રધાન નામનું અધ્યયન નિરૂપતાં નિરૂપતાં અમાસની પાછલી રાતે ભગવાને આ નશ્વર દેહ છોડી ફાની દુનિયાનો ત્યાગ કર્યો.

ભગવાને નિર્વાણ પ્રાપ્ત કર્યું જાણી મલ્લકી અને લિચ્છવી ગણરાજાઓ જે ત્યાં ઉપસ્થિત હતા તેઓ બોલી ઉઠ્યા "સંસારમાંથી ભાવ પ્રકાશ ચાલ્યો ગયો; હવે ચાલો આપણે દ્રવ્ય પ્રકાશ કરીએ." આ રીતે રોશની પ્રકટાવી જેને આપણે દીવાળીના પર્વ તરીકે ઉજવીએ છીએ.

ઈદ્રિભૂતિ ગૌતમ ભગવાનની આજ્ઞાથી દેવશર્મા નામના બ્રાહ્મણને પ્રતિબોધવા પાસેનાજ ગામમાં ગયા હતા. તેમણે જ્યારે ભગવાનના દેહાંતના સમાચાર સાંભળ્યા ત્યારે બોલી ઊઠ્યા " આજ ભારતવર્ષ શોભા વિનાનો બની ગયો. "

પોતાના અવસાન સમયે ભગવાને સોળ પ્રહરની દેશના અર્થરૂપે આપી. તેમાં ઉપર્યુક્ત પંચાવન અધ્યયનો તથા ઊત્તરાધ્યયનનો સમાવેશ થાય છે. મરૂદેવા માતાનું પ્રધાનનામક અધ્યયન પ્રરૂપતાં પ્રરૂપતાં ભગવાને અંતર્મુહૂર્ત્તનું શૈલેશીકરણ કર્યું અને મોક્ષપદ પામ્યા. ઉત્તરાધ્યયનની પ્રકાશના પૂછ્યા વિના ભગવાને અંતકાળે કરી એ વાત ઘણા ખરા સ્વીકારે છે તો કોઈ નથી પણ સ્વીકારતા. પરંતુ એ બાબતની ચર્ચા અહિં અપ્રસ્તુત છે. ફક્ત એટલું જ અહિં કહેવાનો મારો આશય છે કે ઊત્તરાધ્યયનની કાવ્યમયતા પ્રાસાદિક છે અને એમાં ભરેલો ઊપદેશસ્રોત પરમ પાવનકારી છે એની શૈલિની હૃદયંગમતા સંબંધે કોઈ વચ્ચે બેમત નથી જ. એ વાંચતાં આપણને બૌદ્ધગ્રંથ ધમ્મપદ સ્વાભાવિક રીતે યાદ આવી જાય છે. ભાવવાહક ભાષાને દૃષ્ટિએ બંન્ને ગ્રંથોનું સ્થાન પોતપોતાના શ્રુત સાહિત્યમાં અગ્રગણ્ય છે.

આ સૂત્ર એટલે આનંદપ્રદ બોધનો અગાધ દરીયો. તેમાં છત્રીશ અધ્યયન છે. શ્રી ભદ્રબાહુએ આ સુત્ર ઉપરની પોતાની નિર્યુક્તિમાં જણાવ્યું છે કે એના છત્રીશ અધ્યયન પૈકીમાં કેટલાંક અંગમાંથી પ્રભવેલા, કેટલાંક જિનભાષિત, તો કેટલાંક પ્રત્યેક બુદ્ધસંવાદ રૂપ છે. તે ઊપર શાંતિસૂરિ ટીકા કરતાં પોતાની ટીકામાં જણાવે છે કે અંગ એટલે દૃષ્ટિવાદ વગેરેમાંથી ઊદ્ભવેલ જેવાં કે બીજુ પરીષદ અધ્યયન કે જે ભગવાને કેવલ જ્ઞાન પ્રાપ્ત થયા પછી પ્રરૂપ્યું અને પ્રત્યેક બુદ્ધમાંથી ઉદ્ભવેલ તે "કાવિલીય" શીર્ષક આઠમું અધ્યયન અને સંવાદાત્મક અધ્યયન તે તેવીશમું "કેસિ ગોયમિજ્જ" નામનું અધ્યયન.

બૌદ્ધોના 'સુત્તનિપાત' સાથે આ સૂત્રનું ઘણું જ સામ્ય છે. પરંતુ 'ધમ્મપદ' સાથે એની કાવ્યમયતા સંબંધક જે સમાનતા છે તે ખાસ ધ્યાન ખેંચે તેવી છે તેથી તે સામ્યસ્થાપક અમુક કાવ્યો અહિં નીચે બન્નેમાંથી સરખામણી કરવામાં આવેલ છે.

| ઉત્તરાધ્યયન સૂત્ર | ધમ્મપદ |
|---|---|
| ૧. माया पिया न्हुसा भाया,<br>भज्जा पुत्ता य ओरसा।<br>ना लं ते मम ताणाय,<br>लुप्पंतस्स स कम्मुणा ॥ (અ. ૬; ગા. ૩) | ૧. न संति पुत्ता ताणाय,<br>न पिता न पि बंधवा ।<br>अंतके नाधि पन्नस,<br>नत्थि आतिसु ताणता ॥ (મા ર્વગ, ૧૬) |

૧. અર્થ -

માતા, પિતા, પુત્રવહુ અને ભાઈ, ભાર્યા તથા પેટના સગા પુત્રો પોતાના કર્મોને લીધે લોપ પામતા એવા મને બચાવવા સમર્થ નથી.

૨. जहा पोम्मं जले जायं,
नोवलिंपइ वारिणा ।
एवं अलित्तं कामेहिं,
तं वयं बूम माहणं ॥ ( અ. ૨૫; ગા. ૨૭)

૨. અર્થ :-

જેમ પદ્મ પાણીમાં ઉત્પન્ન થયેલ છે છતાં એ પાણીથી લેવાતું નથી એમ કાર્યોએ કરીને જે લેવાયેલો નથી તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

૩. अप्पा चेव दमेयव्वो,
अप्पा हु खलु दुद्दमो ।
अप्पा दंतो सुही होइ,
अस्सिं लोए परत्थ ए ॥(અ. ૧; ગા. ૧૫)

૩. અર્થ :-

આત્માને જ દમવો જોઈએ. આત્માને દમવો કઠણ છે–દમેલો આત્મા જ–સુખી થાય છે–અહિં આ અને પરભવમાં પણ.

૪ मासे मासे तु जो बालो,
कुसग्गेणं तु भुंजए ।
न सो सुयक्खायस्स धम्मस्स,
कलं अग्घई सोलसिं ॥ (અ. ૯; ગા. ૪૪)

૪. અર્થ:-

દર માસ ડાભની અણી ઉપર સમાય એટલું જ અન્ન કોઈ મૂઢ માનવી ખાય તો પણ તે સારી રીતે કહેવાયેલા ધર્મની સોળમી કળાને પણ પામી શકતો નથી.

૧. અર્થ :-

જેના ઉપર મૃત્યુનો પંજો પડેલો છે એવા પુરુષનું રક્ષણ તેના પુત્રોથી, તેમ તેના બાપથી, સગા ભાઈઓથી કે બીજાં સગા, વ્હાલાથી થઈ શકતું નથી.

૫ वारि पोक्खरपत्ते व,
आरग्गेरिव सासपो ।
यो न लिंपति कामेसु,
तमहं बूमि ब्राह्मणं ॥ (બ્રાહ્મણ વર્ગ ૧૯)

૨. અર્થ :-

જેમ પદ્મપત્ર ઉપર પાણીનું ટીપું લેવાતું નથી તેમ કામભોગોથી જે લેપાતો નથી તેને હું બ્રાહ્મણ કહું છું.

૬ अत्तानं चे तथा कयिरा,
यथञ्ञमनुसासति ।
सुदंतो वत दम्मेथ,
अत्ता हि किर दुद्दमो ॥ (આત્મ વર્ગ, ૩)

૩. અર્થ :-

પારકાને બોધ આપે તેમ માનવીએ પોતેજ આચરણમાં મૂકવું જોઈએ. આત્માનું એવી રીતે દમન કરવું જોઈએ જેથી એ સારી પેરે કેળવાય. કારણ એનું એ છે કે આત્માને દમવો ઘણું અઘરું છે.

૪ मासे मासे कुसग्गेन,
बालो भुंजेथ भोजनं ।
न सो संखातधम्मानं,
कलं अग्घति सोलसिं ॥ (બાલ વર્ગ, ૧૧)

૪. અર્થ:-

ડાભની ટોચ ઉપર માય તેટલું ભોજન કોઈ બાલ (મૂઢ) દર માસે ખાય તો પણ ધર્મના રહસ્યને પામેલા લોકોની સોળમી કળાને પણ પામી શકતો નથી.

---

ઉપરની સરખામણી ઉપરથી એ સ્પષ્ટ થશે કે ઉત્તરાધ્યયન સૂત્ર અને ધમ્મપદ વચ્ચે શાબ્દિક અને આર્થિક સામ્ય ઊડી આંખે વળગે તેવું સ્પષ્ટ છે. સામ્ય બતાવે એવી હજુ ઘણી ગાથાઓ છે. અહિં તો માત્ર થોડીક જ આપી છે. આ સામ્ય માત્ર આકસ્મિક છે એમ માની શકાય તેમ નથી. "Great minds think a like" અર્થાત્ મહાત્માઓની વિચારસરણિ એક સરખી હોય છે એ ન્યાયે આમાં પણ સામ્ય છે. અલબત્ત, ધર્મ ધર્મ વચ્ચે અને ધર્મનાયકો મૂળનોજ તાત્ત્વિક ભેદ હોય

છે અને એને લઈનેજ જુદા જુદા ધર્મોના અસ્તિત્વ સ્થાનો છે. એટલે આપણે મતે બુદ્ધ મહાત્મા ન હોય તો પણ અર્થાત એમ કરવા જતાં આપણા સમ્યક્ત્વને અંતરાયરૂપ નીવડતું હોય તો પણ એમના અનુયાયીઓના હિસાબે તો એ મહાત્મા હતા જ. મૌલિક બાબતોમાં મતભેદ હોવા છતાં અન્ય બાબતોમાં કેવું સાદૃશ્ય હોઈ શકે છે એ બતાવવાનો આશય જ ઉપરની તુલનાનો છે. આ રીતે તપાસતાં વૈદિક ધર્મગ્રંથો સાથે પણ જૈનસૂત્રોનું ઘણે ઠેકાણે સારૂપ્ય નજરે ચડે છે. પરંતુ અહિં એ અભિપ્રેત ન હોઈ ચર્ચા નથી કરી. આવી સમાનતાઓ શોધી આમવર્ગ સુધી એને પહોંચાડવામાં આવે તો જનતાની સંકુચિત દૃષ્ટિ જરૂર વિસ્તૃત બનાવી શકાય તેમજ સદ્ભાવ સ્થાપવાનો તથા દેશમાં અત્યારે ચાલતો ધર્મને નામે ચડેલો કલહ શાંત કરવાનો વ્યવહારૂ માર્ગ ચીંધી શકાય. બુદ્ધે એવી ઘણી બાબતો પ્રરૂપી હતી જેનો જૈનસૂત્રગત બાબતો સાથે જરાય મેળ ન હોય તેમજ અન્ય ધર્મનો એક બીજા સાથે મેળ ન હોય તો પણ બીજી આનુષંગિક બાબતોમાં બધા ધર્મ-પ્રવર્તકોમાં કેટલી સંવાદિતા હતી એ ઉપરની તુલનાથી યત્કિંચિત બતાવી એક જ અનુમાન ઉપર આવવાનું રહે છે કે ધર્મરૂપી મહાનદના આ બધા સ્રોતો ભિન્ન ભિન્ન દિશામાં વહીને પણ છેવટે આત્માના અજરત્વ, અમરત્વરૂપી મહાર્ણવમાં જ ઠલવાય છે. ઇત્યલમ્

# સાધના અને શિથિલતા

**લેખક : મનસુખલાલ તારાચંદ મહેતા**

આચાર્ય મહારાજ ઉપાશ્રયમાં શાંત અને ગંભીર વાણીમાં વ્યાખ્યાન આપી રહ્યા હતા. વ્યાખ્યાનનાં સમય સિવાય તેઓ લોકોના સંસર્ગમાં ભાગ્યે જ આવતા. ગોચરી અને આવશ્યક કર્મકાંડની બીજી ક્રિયાઓ સિવાય બધો સમય તેઓ અભ્યાસ, મનન અને નિદિધ્યાસનમાં તલ્લીન રહેતા. તેઓ જેવા ઉગ્ર તપસ્વી હતા, તેવાજ પ્રકૃતિમાં શાંત અને સૌમ્ય હતા. ધર્મશાસ્ત્રોનો તેમનો અભ્યાસ અપરિમિત હતો, અને શ્રોતાઓને સમજાવવાની શૈલી અપૂર્વ હતી. વ્યાખ્યાન સિવાય મોટાભાગે તેઓ મૌન રાખતા, અને જરૂરી શબ્દો કરતાં એક પણ વધુ શબ્દનો ઉપયોગ કદાપિ ન કરતા.

આચાર્યશ્રી વ્યાખ્યાનમાં ઉત્તરાધ્યયન સૂત્રનું મૃગાપુત્રવાળું અધ્યયન સમજાવી રહ્યા હતા, અને મૃગાપુત્રની સંયમ ધર્મ અંગીકાર કરવાની તીવ્ર ઇચ્છાવાળી વાતનો પ્રસંગ ચાલી રહ્યો હતો. માતા પિતા મૃગાપુત્રને શ્રમણને સહન કરવા પડતાં અનેક પરીષહો અને કષ્ટોની વાત સમજાવી રહ્યા હતા, ત્યારે માતા પિતાની દલીલનો પ્રત્યુત્તર આપતાં પુત્રે કહ્યું : 'હે માત પિતા! જે ભોગો હું ભોગવું છું તે બધા મને કિંપાકફળ જેવા દેખાય છે. ભોગો દેખાવમાં મનોહર લાગે છે, પણ પરિણામે દુઃખ આપનાર છે. બાહ્યદૃષ્ટિએ શરીર ભોગો ભોગવે છે, પણ વાસ્તવિક રીતે તો ભોગો જ શરીરને ભોગવે છે. વળી આ દેહ પણ અનિત્ય, ક્ષણભંગુર, નાશવંત તેમજ વ્યાધિઓ અને રોગોનું ધામ છે. એક દિવસે પરવશપણે આ બધાંને છોડીને જવાનું જ છે, તો પછી, એ બધાંને છોડી આપણે જ શા માટે બહાદૂરી પૂર્વક ન ચાલી નીકળીએ ?'

શ્રોતાજનો મૃગાપુત્રની દલીલ સાંભળીને ગદ્ગદિત થયા હતા, તેવામાં શ્રોતાજનોમાંથી એક મુમુક્ષુએ આચાર્યશ્રીને શંકાના સમાધાન અર્થે પૂછ્યું : મહારાજ સાહેબ! સંસારનું આવું દુઃખરૂપ સ્વરૂપ સમજવા છતાં સંસારથી અલગ થઈ જવાની ઇચ્છા કેમ નહિં થતી હોય.

આચાર્ય મહારાજે જવાબ આપતાં કહ્યું : 'મહાનુભાવ! માનવીમાં સુખની તૃષ્ણા અનાદિ હોવાથી વાસનાઓ પણ અનાદિ હોય છે. માનવી જે જે અનુભવ ગ્રહણ કરે છે અથવા ઉપભોગ કરે છે તે સર્વનું મૂળ સુખી થવાની ઇચ્છામાં રહેલું છે. એ અનુભવો અને ઉપભોગોનો પ્રારંભ કાળ નથી, પરન્તુ એક પ્રકારનો નવો ઉપભોગ. પૂર્વના ઉપભોગથી બંધાયેલી ચિત્તવૃત્તિ દ્વારા માનવીના મનને જે એક પ્રકારની ગતિ મળે છે તેના પર આધાર રાખે છે. આત્મા આનંદ સ્વરૂપ છે. પરન્તુ પૂર્વના વિપરીત સંસ્કારો વારંવાર ઉદ્ભવીને આ સત્યજ્ઞાનને ઢાંકી દે છે, અને તેથી માનવીના ચિત્તમાં સુખ પ્રાપ્ત કરવા અર્થે બાહ્ય વસ્તુઓની આવશ્યકતા દર્શાવવા વાળી વૃત્તિઓ ઉત્પન્ન થાય છે, અને આવી વૃત્તિઓ માનવીને સંસારમાંથી મુક્ત બનવામાં

અવરોધરૂપ બને છે. સંસાર દુઃખમય હોવા છતાં તેનાથી અલિપ્ત થવાની માણસને ઈચ્છા થતી નથી, એટલું જ નહીં, પણ સંસારથી વિરક્ત બની મુક્તિના પંથે જતા હોવાનો દાવો કરનારા સંન્યાસી અને સાધકો, તપસ્વી ત્યાગીઓ, તેમજ સંયમી અને જ્ઞાનીઓ પણ નિમિત્ત મળતાં મોહાંધ બની, પોતાના ગ્રહણ કરેલાં માર્ગેથી ચ્યૂત બની ભ્રષ્ટ થઈ જાય છે.'

પોતાના દલીલના સમર્થનમાં એક સુંદર દૃષ્ટાંત આપતા આચાર્ય મહારાજે કહ્યું : 'પૂર્વે વૈતાઢ્ય નામે પર્વત પર દેવોને પણ મોહ પમાડે એવું ગગનવલ્લભ નામે નગર હતું, અને તે નગરમાં યુવાવસ્થાને પામેલાં અને પરસ્પ અત્યંત પ્રીતિવાળાં મેઘરથ અને વિદ્યુન્માલી નામના બે વિદ્યાધર ભાઈઓ રહેતા હતા. બંને ભાઈઓ વિદ્યાના રસીયા હતા. એમણે એક વિદ્યા સાધવા નિશ્ચય કર્યો. એ વિદ્યા સાધવાની વિધિ એવી હતી કે બંને ભાઈઓએ પૃથ્વીપર આવી ચંડાળ કુલમાં ઉત્પન્ન થયેલી કન્યા સાથે લગ્ન કરી, તેની સાથમાં રહી એક વરસ સુધી અખંડ બ્રહ્મચર્ય પાળવું. કોઇ પ્રસંગે સ્ત્રીના સહવાસમાં મોહાંધ બની જવાનો પ્રસંગ ઉત્પન્ન થાય તો તેવા પ્રસંગે સ્ત્રીના બાહ્ય સ્વરૂપને બદલે તેના આંતરીક સ્વરૂપને અર્થાત્ શરીરમાં રહેલાં દુર્ગંધી રસો, લોહી, માંસ, મેદ, હાડકાં, મજ્જા, આંતરડાં, વિષ્ટા વિગેરેનું ચિંતન મનન કરવા તેમના ગુરુદેવે તેઓને ખાસ શિક્ષામણ આપી હતી.'

બંને ભાઈઓ ચંડાળનો વેષ અપનાવી દક્ષિણ ભરતાર્ધના વસંતપુર નામના નગરમાં ચંડાળપાડામાં જઈ પહોંચ્યાં અને ચંડાળોને કહ્યું : અમારા કુટુમ્બી-જનોએ અમને કાઢી મૂકયા છે, અને તેથી રખડતાં રખડતાં તમારા આશ્રય અર્થે અહીં આવી પહોંચ્યા છીએ. ચંડાળોએ તેમને આશ્રય આપ્યો, અને તેમની બે કન્યાએનાં બંને ભાઈઓ સાથે લગ્ન કર્યાં. પછી તો બંને ભાઈઓ ચંડાળો સાથે કામ કરવા લાગ્યા.'

ચંડાળની બે કન્યાઓમાંથી એક કન્યા આંખે કાણી હતી ત્યારે બીજી લાંબા દાંતવાળી હતી બંને કન્યાઓ દેખાવમાં એટલી બધી કદરૂપી અને બેડોળ હતી કે તેમની સાથેના સહવાસમાં સ્ત્રીના આંતરિક સ્વરૂપનું


## जैनधर्म की पुस्तकें

1 Jain Monastic Jurisprudance. Dr. S. B. Dev 3-00
2 Progress of Prakrit and Jain Studis. Dr. Sandesara 0-75
3 Studies in Jain Philosophy. Dr. Nathmal Tatia 16-00
4 Lord Mahavir. Dr. Boolchand 4-50
5 Hastinapura. Prof. Amarchand M. A. 2-25
6 Studies in Jain Art. Dr. U. P. Shah 10-00
7 Early History of Orissa. Dr. A. C. Mittal 21-00
८ महामात्य वस्तुपालका साहित्यमंडल डॉ. सांडेसरा ४-००
९ भारत के प्राचीन जैन तीर्थ डॉ. जगदीशचन्द्र जैन २-००
१० आत्ममीमांसा. श्रीदलसुख मालवणिया २-००
११ जैन साहित्य की प्रगति श्री पं. सुखलालजी ०-२०
१२ जीवन में स्याद्वाद श्री चन्द्रशंकर शुक्ल ०-७५
१३ सुवर्णभूमिमें कालकाचार्य डॉ. उमाकान्त शाह १-००
१४ स्वाध्याय–महात्मा भगवान दीन २-००
१५ आध्यात्मिक विचारणा पं. सुखलालजी २-००
१६ दर्शन और चिंतन श्री पं. सुखलालजी (हिन्दीमें) ७-००
१७ जैन अध्ययन की प्रगति श्री दलसुख मालवणिया ०-२५

વિસ્તૃત સૂચિપત્ર મંગાવો

### જૈન સંસ્કૃતિ સંશોધન મંડળ

જૈનાશ્રમ, વારાણસી ૫ અથવા
સરસ્વતી પુસ્તક ભંડાર, રતનપોળ, અમદાવાદ.
ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ.

ચિંતન-મનન કરવામાં ન આવે તો પણ તેના સામે જોવાનું મન જ ન થાય.

વરસને અંતે મેઘરથે નિયમોનું પાલન કરી વિદ્યા સિદ્ધ કરી, પણ ચંડાળ કન્યાના સહવાસમાં વિદ્યુન્માલી લપસી પડયો. લગ્ન પછી થોડા વખત સુધી તો તેણે વ્રતપાલન કર્યું, પણ એક રાતે તેનું માથું દુઃખતું હતું ત્યારે જીદ પકડી પેલી ચંડાળ કન્યા તેનું માથું પોતાના ખોળામાં લઈ દાબવા લાગી. વિદ્યુન્માલીને ચંડાળ કન્યાના હાથનો સ્પર્શ અતિ કોમળ અને મધુર લાગ્યો અને પોતાના નિયમમાંથી ચ્યૂત થઈને વાસનાની પ્રબળ જવાળાને તાબે થઈ ગયો, અને પછી તો विवेक भ्रष्टानां भवति विनिपात : शतमूख.'

સાધનાનો સમય પૂરો થતાં મેઘરથ પોતાના ભાઈ પાસે આવી બોલ્યા: મોટાભાઈ! આપણી સાધનાનો કાળ સમાપ્ત થયો, અને વિદ્યા સિદ્ધ થઈ, એટલે હવે વૈતાઢય પર્વત પર જઇ આપણે આરામ અને વૈભવ પૂર્વક જીવન જીવીએ.

મેઘરથની વાત સાંભળી લજ્જાપૂર્વક નીચે જોઈ વિદ્યુન્માલીએ ખેદપૂર્વક કહ્યું મેઘરથ! તું તો વિદ્યા સિદ્ધ કરી કૃતકૃત્ય થયો, પણ હું તારી ભાભીના સહવાસમાં વ્રતનું પાલન નથી કરી શકયો, અને પરિણામે તે બિચારી બે જીવવાળી થઈ છે. તું વૈતાઢય પર્વત પર જા, અને બીજા વરસને અંતે મને અહિં પાછો તેડવા આવજે.'

વિદ્યુન્માલીની વાત સાંભળી મેઘરથ દિગ્મૂઢ થઈ ગયો અને વિચારવા લાગ્યો કે દેવાંગનાઓ જેવી વિદ્યાધરીઓને મૂકી આવી કાણી, કદરૂપી અને બેડોળ સ્ત્રીમાં મોટાભાઈ શું જોઈને મોહી પડયા હશે? મેઘરથ નિરાશ હૃદયે વૈતાઢયપર્વત પર ગયો અને આતુરતા પૂર્વક વરસ પુરૂં થવાની રાહ જોવા લાગ્યો.'

'આખરે વરસનો સમય પૂરો થતાં મેઘરથ પોતાના ભાઈને તેડવા ચંડાળવાડામાં પહોંચી ગયો. ત્યાં પહોંચતા તેણે જે દૃશ્ય જોયું તેથી તે આભો બની ગયો. વિદ્યુન્માલી પોતાના રડતાં બાળકને છાનો રાખવા પ્રયત્ન કરી રહ્યો હતો, ત્યારે તેની કાણી પત્ની કાળો કકળાટ કરતાં માર્મિક શબ્દોમાં ઠપકો આપતાં તેને કહી રહી હતી; બાળકને સાચવવાની કે ઉછેરવાની આવડત નથી, એનું ભાન એને પેદા કરતી વખતે કયાં ચાલી ગયું હતું? તારા જેવો રૂડો રૂપાળો પતિ પ્રાપ્ત થયો તે માટે આપણા જાતિ ભાઈઓ મારા ભાગ્યના વખાણ કરે છે, પણ આવડત વિનાના માત્ર રૂડા રૂપાળા પતિદેવો સ્ત્રીઓને કેવા માથે પડે છે તેની જાણ આ બધા લોકોને કયાંથી હોય '

વિદ્યુન્માલી મૂંગા મોઢે પત્નીનો ઠપકો સાંભળી રહ્યો હતો, તેવામાં પોતાના ભાઈને ત્યાં આવેલો જોયો. પત્નીના શબ્દો મેઘરથને કાને પડ્યાં તે જાણીને તેને સહેજ આઘાત થયો. મેઘરથે મોટાભાઈને હવે વૈતાઢય પહાડપર આવવા વિનંતિ કરી.'

'મેઘરથની વાત સાંભળી વિદ્યુન્માલીનું મોઢું ઝાંખુ પડી ગયું, પણ પછી શરમ મને લજ્જાહીન બની તેણે કહ્યું;' વૈતાઢય પર્વત પરના વિદ્યાધરના સુખો ભોગવવાનું મન તો મને ઘણું થાય છે, પણ આ તારી ભાભીએ પાછો ગર્ભ ધારણ કર્યો છે, અને તેનો વિશ્વાસઘાત કરી અહિંથી કેમ નીકળી શકાય? વિદ્યાની સાધના તો મેં છોડી દીધી, કારણ કે બાળક ઊછેરવાની સાધનામાં હું તો હવે પડી ગયો છું, અને એ સાધનાની અપૂર્ણતા અર્થે તારી ભાભી મને ઠપકો આપી રહી છે.'

'મેઘરથે જોયું કે ભાભીના માર્મિક અને કટાક્ષ યુક્ત શબ્દો પણ વિદ્યુન્માલીને મધ જેવા મીઠાં લાગે છે, અને સ્મશાનના હાડકાંથી ભરેલી તેમજ ચારે બાજુ દુર્ગંધ ફેલાવતી જીર્ણ ઓરડીમાં વિદ્યુન્માલી આનંદ પૂર્વક જીવન જીવી રહ્યો છે. વિદ્યુન્માલીના બિહામણા પુત્ર જેને જોતાં ઘૃણા થઈ આવે તેમ વિદ્યુન્માલી કોઈ અદ્‌ભુત સ્વરૂપ જોઇ રહ્યો હતો. એટલું જ નહીં પણ સંસાર અને જીવનમાં તે પુત્ર તેનુ સર્વસ્વ હોય એવા ભાવ પણ મેઘરથ મોટાભાઈના મોઢા પરથી વાંચી શકયો. મેઘરથ નિરાશ થઈ દુઃખીત હૃદયે પાછો વૈતાઢય પહાડ પર ચાલી નીકળ્યો.'

આચાર્ય ભગવંતે વ્યાખ્યાનના અંત ભાગમાં કહ્યું: 'મહાનુભાવો! માનવજાતિનો મોટો ભાગ પણ આ સંસારમાં વિદ્યુન્માલીની જીવન પદ્ધતિ પ્રમાણે જ જીવી

રહ્યો છે. પ્રત્યેક માનવ જીવન એક મહાન સાધના છે, અને જીવનને એક મહાવ્રત માની તેને અનુરૂપ જીવન જીવવું જોઈએ. ભગવાન મહાવીરે માનવજીવનના મૂખ્ય ચાર પ્રકાર દર્શાવ્યા છે એક માનવજીવન એવા પ્રકારનું હોય છે કે જેમાં માનવી સદાચારનું સ્વરૂપ જાણતો હોય, તેમ છતાં સદાચારનું પાલન ન કરી શકતો હોય. બીજા પ્રકારના જીવનમાં, માનવી સદાચારનું પાલન કરતો હોવા છતાં તે વિચારોને સદાચારના યથાર્થ સ્વરૂપની સમજણ ન હોય, પરંતુ પરંપરાથી ચાલી આવતી રીતભાતોનું તેઓ માત્ર અંધ અનુકરણ કરતાં હોય છે. ત્રીજા પ્રકારના જીવનમાં માનવી સદાચારનું સ્વરૂપ જાણતા કે તે મુજબ આચરણ ઘડવા કશો પ્રયત્ન જ કરતા નથી, અર્થાત્ આવા માનવો અંધારામાં ફાંફાં મારતાં જીવન પસાર કરતાં હોય છે. ચોથા પ્રકારનું માનવજીવન એવું હોય છે કે જેમાં સદાચારનું યથાર્થજ્ઞાન કરવાની સાથે મેઘરથના માફક તેનું પાલન કરવાનો પણ સતત ખ્યાલ રાખવામાં આવતો હોય છે. પ્રત્યેક માનવે ચોથા પ્રકાર મુજબ જીવન જીવવાનો પ્રયત્ન કરવો જોઈએ, અને એ રીતે સફળ જીવન જીવી શકે તેજ માણસનું જીવન સાર્થક છે, અને આવો જ માણસ જીવન અને મરણની પરંપરાનો અંત લાવવા શક્તિમાન થાય છે.'

'મેઘરથના જીવનની માફક તમારી પ્રકૃતિના ઉર્ધ્વ-ગામી તેજને આધીન બનવું કે પ્રકૃતિના ઓઠાં નીચે વિદ્યુન્માલીની માફક અધોગતિના માર્ગે કૂચ કરવી, તે તમારે પોતે પસંદ કરવાનું છે. માનવદેહ પ્રાપ્ત કરવા માટે ઉચ્ચ કોટિના દેવો નિરંતર ઝંખના કરી રહ્યાં હોય છે, તે માનવદેહ આપણ સૌને પ્રાપ્ત થયો છે, પરંતુ માત્ર મનુષ્યદેહ પ્રાપ્ત કરવાથી આપણી સાધના પૂર્ણ થતી નથી. જીવનમરણની પરંપરાનો અંત લાવવાની આર્ય સાધના અર્થે આપણને માનવદેહ મળ્યો છે—પરંતુ આવા અનંતા માનવદેહ પ્રાપ્ત કર્યા હોવા છતાં આપણી સાધનામાં વિદ્યુન્માલીની માફક શિથિલ બની જઈ ભોગોપભોગમાં લપસી પડયાં છીએ અને કોઈ કોઈ વાર તો લાભની અપેક્ષાએ આપણે નુકશાન જ વહોરી લીધેલું હોય છે.'

'બહિરાત્મા અને પરમાત્મા, દેવ અને દૈત્ય, સ્વર્ગ અને નર્ક, પેગમ્બર અને શયતાન, મુક્તિ અને બંધન. આ બધાં જ તત્વો આપણા પોતાના આત્મામાંજ પડેલાં હોય છે, અને તેથી જ જ્ઞાનીપુરુષોએ વારંવાર કહ્યું છે કે" अप्पामेव अप्पाणं, जइत्ता सुहमेहए અર્થાત્ પોતાના શુદ્ધ આત્માથી, પોતામાં રહેલ દુષ્ટ આત્માને જીતનાર ખરેખર પૂર્ણ સુખને પામે છે.'

'તીર્થંકરો, ગણધરો, આચાર્ય ભગવંતો, જ્ઞાની મહાત્મા પુરુષો અને સમાજની ચારિત્ર્યશીલ અને વિશિષ્ટ વ્યક્તિઓ તો માત્ર આપણને માર્ગદર્શન કે ચેતવણી આપી શકે, પરંતુ શિથિલતાના માર્ગે જઈ વિદ્યુન્માલીની માફક બંધનમાં પડવું કે મેઘરથનો માર્ગ અપનાવી મુક્તિના પંથે જવું, એ નક્કી કરવાનું કાર્ય તો પ્રત્યેક સાધકે પોતે જાતે જ કરવાનું છે અને તેથી તો ધર્મશાસ્ત્રો કહે છે કે : आत्मैव हि आत्मानो बन्धुः आत्मैव रिपुरात्मनः અર્થાત્ આત્મા જ આત્માનો સૌથી મોટો મિત્ર છે અને સૌથી મોટો શત્રુ છે.'

અને આ રીતે આચાર્ય ભગવંતનું વ્યાખ્યાન સમાપ્ત થયું.


## પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટીનાં પ્રકાશનો

| | | |
|---|---|---|
| १ | प्राकृत पिंगलम् भा. १, २ | रु. ३१-०० |
| २ | अंगविज्जा | २१-०० |
| ३ | चउप्पन्न महापुरिसचरियं | २१-०० |
| ४ | आख्यानमणिकोष | २१-०० |
| ५ | पउमचरियं | १८-०० |

हिन्दी अनुवाद के साथ

**પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટી-વારાણસી. ૫**

સરસ્વતી પુસ્તક ભંડાર,
રતનપોળ, અમદાવાદ.

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય,
ગાંધી રોડ, અમદાવાદ.

મોતીલાલ બનારસીદાસ,
દીલ્હી, બનારસ, પટણા.

# ભગવાન મહાવીરનો ઉપકાર

લેખકઃ—વસંતલાલ કાંતિલાલ ઇશ્વરલાલ

તીર્થંકર દેવ મહાવીરનું મોટામાં મોટું દાન બોધિ અને સમાધિનું છે. જે કોઇ જીવ તેમના સીધા આડકતરા સંપર્કમાં આવે છે તે આ બોધિને સમાધિ લગભગ અવશ્ય પામે છે. પછી તે મોડા પામે કે વહેલો તે તેની આંતરિક પરિપકવતા પર આધાર રાખે છે.

આ બોધિ અને સમાધિ તે શું વસ્તુ છે? ક્યાં, ક્યારે, કેવી રીતે, કોનાથી કોનામાં ઉત્પન્ન થાય છે. એ સઘળો આગમશાસ્ત્રનો વિષય છે.

આપણું બહાર જેમ એક દુનિયા છે તેમ આપણી અંદર પણ દુનિયા છે. આ અંદરની અદ્‌ભુત ઐશ્વર્યમય દુનિયાનું દર્શન થવું તે બોધિ છે અને તે દુનિયામાં ખોવાઈ જવું તે સમાધિ છે. ચક્રવર્તી અને ઇન્દ્રની રિધ્ધિ સિધ્ધિથી અનંત કોટિ ગણી રિદ્ધિસિધ્ધિથી અંદરની દુનિયા ઠાંસી ઠાંસીને છલોછલ ભરી છે. સર્વ દેવોના ત્રણે કાલના સુખો ભેગા કરો તોયે તે સુખ અંદરની નવી દુનિયામાં રહેતા સુખ સાથે સરખાવતાં સાગર પાસે બિંદુ જેવું લાગે છે.

બોધિ પ્રાપ્ત થતાં આ અંદરની દુનિયાનું શ્રેષ્ઠ પણું બરોબર સમજાય છે. ત્યાં શાંતિ છે, સુખ છે, સામર્થ્ય છે, સમૃધ્ધિ છે. જે અનુત્તર છે. જેનાથી ચડિયાતા દરજ્જાની એકે વસ્તુ હયાત નથી. જ્યારે એ અંદરની દુનિયા સાથે આપણે તદ્રુપ થઇએ છીએ અને બાહ્ય દુનિયાના અસ્તિત્વનો જ છેદ ઉડાડી દઇએ છીએ ત્યારે સમાધિ પ્રાપ્ત થાય છે.

દુનિયામાં જો વાસ્તવિક રસાનુભવ આપવાની કોઇની પણ તાકાત હોય તો તે આધ્યાત્મિક પદાર્થની છે. પ્રત્યેક આધ્યાત્મિક પદાર્થ તે અમર વૈભવનો વિપુલ ખજાનો છે. જે ક્ષણે 'અધ્યાત્મ' સાથે તત્ત્વાનુસંધાન થાય છે તે ક્ષણે જ આપણને ચિત્ત પ્રસન્નતા અને અખૂટ રસધારા મળી રહે છે. આલોક પરલોકની વાત તો દૂર રહી, પાપ પુણ્યની વાત તો દૂર રહી, અધ્યાત્મનો પદાર્થ તેની ઉપાસના કરીશું તો તે જ ક્ષણે તાત્કાલિક અનુપમ રસમાધુરીની લહાણ કરશે.

એકવાર આ રીતે રસનું ઝરણું કલકલ નિનાદ કરતું રમતું થયું કે અંદરની દુનિયામાં મગ્નતા વધતી જાય છે. મગ્નતા આવતાં સ્થિરતા આવે છે. સ્થિરતા આવતાં પૂર્ણતા આવશે. અંદરની નવી દુનિયામાં પગ મૂક્યો કે સમાધિ મળશે જ. આપણી અંદરની દુનિયાનો જે રાજવી છે તેના પ્રેમમાં પડવું જોઇએ. એ રાજવી તે તીર્થંકર દેવ છે. મહાવીર છે, ઋષભ છે, અરિહંત છે. જેને આજ સુધી આપણે પ્રેમના નામે ઓળખીએ છીએ તે મોહ છે. બહારની દુનિયાના પદાર્થોની આસપાસ તે રચાય છે. સ્થૂલ પ્રેમ તે મોહ છે. આંતરસૃષ્ટિના સમ્રાટ તીર્થંકરદેવ પ્રત્યેનો મોહ તે મોહ નથી, પ્રેમ છે. મોહ જુદા કરે છે, ટુકડા કરે છે, ભાંગફોડ કરે છે. પ્રેમ એક કરે છે, જુદાઇ દૂર કરે છે, અભેદાત્મક વલણથી સુસજ્જ કરે છે. પ્રેમનું રહસ્ય છે સમર્પણ; મોહનું રહસ્ય છે સ્વાર્થ ને સ્વચ્છંદ મોહ લૂંટવામાં માને છે. પ્રેમ લૂંટાઈ જવામાં માને છે. પોતાની જાત માટે બીજાઓને લૂંટવા તે મોહ છે; બીજા માટે પોતાની જાત લૂંટાઇ જવાદેવી તે પ્રેમ છે. મોહ અને પ્રેમ વચ્ચેનો આ તફાવત છે. એક બહારની દુનિયામાં અળસિયાં જેમ ફુટી નીકળે છે અને હળદરના રંગ જેમ ઊડી જાય છે. પ્રેમ તે અંદરની દુનિયા સાથેનો વ્યવહાર છે, તીર્થંકરદેવ પ્રત્યેનો ઋણાનુબંધ છે.

જ્યાં મોહ છે ત્યાં મૃત્યુ છે, રોગ છે. નબળાઈ છે; પ્રેમ છે ત્યાં તાકાત છે યૌવન છે, અમરતા છે. મોહ આપણને છુંદી નાખશે; પ્રેમ આપણને ખીલવશે. મોહ નીચોવી નાખશે; પ્રેમ પરિપૂર્ણ બનાવશે. મોહ સૂકવી નાખશે, ખંખેરી નાખશે, મારપીટ કરશે; મોહના માર્ગમાં અથડાવાનું છે, કૂટાવાનું છે; આજ સુધીની બધીજ સતામણી મોહની જ છે, કારણ મોહમાં મારાપણાની ભાવના છે; પ્રેમમાં મારાપણાની ભાવના નથી, પણ આપણાપણાની ભાવના છે. 'હું'પદનુ ત્યાં વિસર્જન છે. મોહ મર્યાદિત છે, સીમિત છે; અમર્યાદિત, નિઃસીમ અને બેહદ છે.

# જાહેર સુચના

આ ભીષણ મોંઘવારીના સમયમાં પાલીતાણામાં વિદ્યાભ્યાસ કરવાવાળા જૈન વિદ્યાર્થીઓને કંઈક રાહત મલી શકે તે ઉદ્દેશને ધ્યાનમાં રાખીને તેઓને રહેવા તથા જમવાની વ્યવસ્થા શ્રી જિનદત્તસૂરીશ્વરજી બ્રહ્મચર્યાશ્રમ (પાલીતાણા)માં માત્ર માસ એકના રૂા ૧૮ અઢાર લવાજમથી દાખલ કરવામાં આવે છે. (બીજી સંસ્થાઓમાં આના કરતાં ઓછુ લવાજમ પાલીતાણામાં નથી) તેમાં પણ ઓછું લવાજમ લેવું અગર ફ્રી માં લેવા તે કમીટીના અધિકારમાં છે. વિદ્યાર્થીઓની આરોગ્યતાની બાબત ધ્યાનમાં રાખીને સંસ્થામાં ચોખા ઘીનો ઉપયોગ કરવામાં આવે છે. જે વિદ્યાર્થીઓને સંસ્થામાં રહેવાની મરજી હોય તે સંસ્થા સાથે પત્ર વ્યવહાર કરીને પ્રવેશ ફોર્મ મંગાવી શકે છે. સંસ્થામાં સંખ્યા પુરી થઈ ગયા બાદ પ્રવેશ ફોર્મ ઉપર વિચાર કરવામાં આવશે નહીં; માટે પ્રવેશ ફોર્મ જલ્દી મંગાવીને ભરીને મોકલી આપવા.

**શ્રી જિનદત્તસૂરીશ્વરજી**

**બ્રહ્મચર્યાશ્રમ**

પ્રતાપમલજી શેઠિયા

વ્યવસ્થાપક ટ્રસ્ટી

૩૮, મારવાડી બજાર. મુંબઇ નં. ૨

આધિ, વ્યાધિ અને ઉપાધિનું મૂળ મોહ છે; બોધિ અને સમાધિનું મૂળ પ્રેમ છે. ખાવું તે મોહ છે, ખવડાવવું તે પ્રેમ છે. કમાવું તે મોહ છે, કોઈકને કમાણી આપવી તે પ્રેમ છે. હું સર્વનો છું અને સર્વ મારાં છે એવી જીવંત સજાગ ભાવના તે પ્રેમ છે–સમાધિ છે. આ 'સર્વપણું' એટલું તો સૂક્ષ્મ થાય છે કે તે 'એકાકીપણા' સુધી પહોંચે છે. 'હું કોઈનો નથી અને કોઈ મારાં નથી' તે એકત્વ ભાવના અને 'હું સર્વનો છું અને સર્વ મારાં છે' એ ભાવના અધ્યાત્મની એક ઊંચાઈ પર એક જ બની જાય છે. કારણ બેઉ ભાવના સરખી અગત્યની છે અને અન્યોન્ય પોષક છે.

ભગવાન મહાવીરે સંદેશ આપ્યો : ચાલો, આપણે મોહમાંથી પ્રેમ તરફ જઈએ, બહારની દુનિયામાંથી અંદરની દુનિયામાં જઈએ. આધિ, વ્યાધિ અને ઉપાધિમાંથી સમાધિમાં જઈએ.

આ મોહનું પ્રેમમાં રૂપાંતર કેવી રીતે કરવું ? ભગવાન મહાવીરે કહ્યું કે મોહને પ્રેમમાં પલટાવવા માટે એકજ રસાયણ છે–ઔષધ છે મંત્ર છે. તે છે જ્ઞાન. જ્ઞાન દ્વારા મોહ પ્રેમમાં રૂપાંતર પામશે. જ્ઞાનની શક્તિ મોહની બદબૂ અને સડાને દૂર કરી પ્રેમનું લાવણ્ય પ્રગટાવશે. મોહતિમિરનો ઉચ્છેદ કરનાર જ્ઞાનરવિ છે. પહાડોને વજ્ર તોડી નાખે તેમ મોહને જ્ઞાન તોડી નાખશે. જ્ઞાનની પ્રતિમા મોહના કીચડને પ્રેમના સુવર્ણમાં ફેરવી નાખશે.

જ્ઞાન એટલે પ્રકૃતિના શાશ્વત નિયમોની સક્રિય સજાગ સમજ. આ શાશ્વત નિયમો પર જ નિસર્ગનું મહાશાસન, વિશ્વનું રાજતંત્ર ચાલી રહ્યું છે. આ શાશ્વત નિયમો ક્યારેય કાર્ય કરતા અટકતા નથી, કે નથી ક્યારેય ભૂલ કરતા. અચૂકપણે અને અફરપણે તે સનાતન નિયમો કાર્ય કરી રહ્યા છે. તેનું પાલન કરનાર મુક્ત બને છે, તેની સામે બંડ કરનાર છિન્ન ભિન્ન થઈ જાય છે. આ પ્રકૃતિના શાશ્વત બંધારણને પૂર્ણ વફાદાર રહેવાની સક્રિય સમજ તે જ જ્ઞાન છે. એવું જ્ઞાન મોહનું પ્રેમમાં રૂપાંતર કરે છે. પ્રેમ સમાધિ પ્રગટાવશે અને સમાધિ એટલે અંદરની ભવ્ય દુનિયાના માલિક થવું અને બહારની દુનિયાની ગુલામી મટી જવી.

આપણું ચિત્ત સતત પીડા ભોગવે છે, ઈચ્છેલું

મળતું નથી, જે નથી ઇચ્છતા તે મળે ટીંગાય છે. ચિત્તની પીડાથી ચિત્ત સતત કઠોર બને છે. પીડિત અને કઠોર ચિત્ત જીવનનું સૌંદર્ય છિન્ન ભિન્ન કરે છે. ચિત્તને ઉપદ્રવરહિત કરવું પડશે. બાહ્ય વિક્ષેપોની તોફાનમસ્તી હાંકી કાઢવી પડશે. સમાધિ તે બાહ્યાંતર ઉપદ્રવોની મુક્ત દશા છે. ચિત્તની તે શાંત, સ્થિર, પ્રસન્ન ગંભીર દશા છે.

પરમતત્ત્વનું દર્શન, સ્પર્શન અવગાહન, નિમજ્જન, અને હુંપદ વિસર્જન સમાધિમાં છે. ચિત્ત એક અદ્વિતીય શાંતરસમાં અને અતિંદ્રીય તૃપ્તિમાં ડૂબી જાય છે. હાલતાં ચાલતાં, ઊઠતાંબેસતાં, ખાતાંપીતાં આ સમાધિ ચાલુ રહે તેવી સ્થિતિ બોધિ સમાધિની છે. તીર્થંકરદેવ મહાવીર સદા સર્વને આ બોધિ સમાધિ આપી રહ્યા હતા.


# સુરતની વીસ વરસ જુની અને જાણીતી

## "જૈન પેઢી"માંથી માલ સારો ને ચોખ્ખો વ્યાજબી એકજ ભાવથી

## —: મંગાવી સહકાર આપો :—

## પેઢી દાન માંગતી નથી ... આપનો સહકાર ઈચ્છે છે

દેરાસરો માટે :–રૂપેરી, સોનેરી બાદલુ, સફેત સંગીન કટોરા મજુરીથી બનાવી અપાય છે. મજુરીમાં સેલટેક્ષ લાગતો નથી.

* જુના કટોરા અગર ચાંદી સુરત મોકલો અથવા ચાંદી સુરતમાં લેવાની સગવડ રાખી છે.

તે ઉપરાંત :–વરખ, કેશર, બરાસ, ચક્ષુટીલા, અગરબત્તી, ધુપ, વાસક્ષેપ, વાળાકુંચી, કટાસણા, ચરવળા, પાતરા તરપની સેટન કામળો, રેશમ, ઉન, ધાર્મીક પુસ્તકો વગેરે તમામ ઉપકરણો મળે છે.

## —: માલ સારો ... નફો જુજ :—

બચત :–બચત સાધારણ ખાતામાં વપરાય છે. એક પંથ દો કાજ

પેઢીના નફામાંથી ને સદ્‌ગૃહસ્થોના સહકારથી

## —: ચાલતી વિવિધ સહાયક પ્રવૃત્તિઓ :—

(૧) શહેરના દેરાસરો–ઉપાશ્રયોના સાધારણ ખાતાને મદદ (૨) સાધુ–સાધ્વીઓને સંયમી જીવનને આરોગ્ય સંબંધી ભક્તી અને વૈયાવચ્ચ સહાય (૩) જૈન કુટુંબોને ઘેરઉપયોગી વસ્તુમાં રાહત વળતર સહાય (૪) યોગ્ય જૈન કુટુંબોને વાર્ષીક ઘરઉપયોગી વસ્તુઓની મદદ (૫) મેડીકલ, ઓપરેશન સહાય (૬) અતીથી જૈન બંધુઓને યોગ્ય મદદ સહાય (૭) માંદાની માવજત સાધન સહાય (૮) સામાયક પોસહ માટે ધર્મોપકરણ વપરાશ સહાય (૯) શીવણમશીન સહાય (૧૦) ગૃહઉદ્યોગ પ્રવૃત્તિ સહાય (૧૧) શીવણ ભરતગુંથણ માટે ગૃહઉદ્યોગશાળા (૧૨) વિદ્યાર્થીઓને નામુ ટાઇપરાઈટીંગ શીક્ષણ સહાય (૧૩) કેળવણી ફી સહાય (૧૪) ધાર્મિક સંસ્કાર પાઠશાળા (૧૫) જૈન સંસ્કાર પુસ્તકાલય (૧૬) માનવસેવા, જીવદયા, પાંજરાપોળ સહાય (૧૭) તીર્થયાત્રા પ્રવાસ પ્રવૃત્તિ (૧૮) સંસ્થાઓનું વહીવટી કાર્ય પ્રવૃત્તિ.

તે ઉપરાંત સમાજની અનેક નાની મોટી પ્રવૃત્તિઓ કરવામાં ભાગ લેવાય છે.

વધુ વિગત માટે લખોઃ– **શ્રી દેશાઇપોળ જૈન પેઢી** કાર્યાલય :–ગોપીપુરા, સુરત

# ભગવાન મહાવીરના ઉપદેશ વચનો

લેખક: રતિલાલ મફાભાઈ શાહ

### (૧) કરુણાદૃષ્ટિ

सव्वे जीवा वि इच्छन्ति, जीविउं न मरिज्जिउं

વિશ્વના સર્વ જીવો જીવવા ઇચ્છે છે, મરણ કોઇને પણ પસંદ નથી. માટે કોઇની પણ હિંસા ન કરો.

### (૨) અહિંસાપાલન

વિશ્વ સૂક્ષ્મ જીવોથી વ્યાપ્ત હોય હિંસાથી કેવી રીતે બચવું ?

ભગવાન એનો ઉત્તર આપે છે કે:—

जयं चरे जयं चिट्ठे, जयं आसे जयं सए

जयं भुंजंतो भासंतो, पावकम्मं न बंधई

જે સંયમપૂર્વક ચાલે છે, સંયમપૂર્વક વર્તે છે, સંયમપૂર્વક ખાઇ-પીએ છે, અર્થાત્ જે સર્વ જીવો પ્રત્યે આત્મીય ભાવ રાખે છે અને સ્વાર્થ, લોભ, લાલસા કે રાગદ્વેષના પરિણામોથી મુક્ત બને છે એને પાપકર્મનો બંધ લાગતો નથી.

### (૩) સત્યની આજ્ઞા

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरई

સત્યની આજ્ઞામાં પ્રવૃત્તિ કરનાર બુદ્ધિશાળી પુરુષ મૃત્યુને તરી જાય છે.

### (૪) સત્યની સાધના

अप्पणा सच्चमेसेज्जा

અંતઃકરણથી સત્યની શોધ કરો.

### (૫) સત્યનું આચરણ

સત્ય 'જય' કે 'પરાજય' સાથે જોડાયેલી વસ્તુ નથી. પણ કેવળ આચરણ પર જ એ આધારિત છે. માટે सच्चं इतिमार भूयं સત્યનું પાલન એ જ સારભૂત છે.

### (૬) સત્ય એ જ ઈશ્વર

सच्चं खु भगवं સત્ય એ જ પરમેશ્વર છે.

### (૭) સમવિભાજન

असंविभागी न हु तस्स मोक्खो

જે વ્યક્તિ પ્રાપ્ત વસ્તુઓનું સમવિભાજન નથી કરતો એ મોક્ષ નથી પામતો.

### (૮) રાષ્ટ્રભક્તિ

जे नायगं च रट्ठस्य हंता। महामोहं पकुव्वर

જે રાષ્ટ્રનો નેતા છે, જેના પર રાષ્ટ્રના સુખનો આધાર છે, તેને હણનાર ભયંકર એવું મહામોહનીય પાપકર્મ બાંધે છે.

### (૯) ધાર્મિક ઉદારતા

पन्नरस भेवे सिद्धाः

ગમે તે વર્ણ, જ્ઞાતિ, પંથ કે પક્ષની વ્યક્તિ હોય તે પણ મોક્ષ પામી શકે છે, શરત એટલી જ કે એણે પૂર્ણ જીવન શુદ્ધિ-વીતરાગતા પ્રાપ્ત કરી હોવી જોઇએ.

### (૧૦) સર્વ ધર્માદર બુદ્ધિ

सर्वदर्शनसंग्रहः इति जैनधर्मः બધા જ દર્શનોનો સંગ્રહ એ જ જૈનધર્મ છે.

### (૧૧) માનવ સમાનતા

णो हीणे, णो अतिरित्ते જગતમાં કોઇ ઉચ્ચ નથી, કોઇ નીચ નથી.

### (૧૨) મિથ્યાત્વની વ્યાખ્યા

रत्तो दुट्ठो मूढो पुव्व वुग्गाहिओ अचत्त रि

ए ए धम्माणरिहा अरिहो पुण होई मज्झत्थो

જે દૃષ્ટિરાગી છે, દ્વેષી છે, હિતાહિતને નહી સમજનારો છે, તેમજ સાચા ખોટાની પરીક્ષા કર્યા વિના જે પરંપરાગત વસ્તુને વળગી રહેનારો છે તેવો પુરુષ ધર્મ પ્રાપ્ત નથી કરતો.

### (૧૩) રાષ્ટ્રભાષા

अर्धं च मगध देश भाषात्मकं अर्धं च सर्वभाषात्मकं

अट्ठारस देसी भाषाणियतं अद्धमागहं

અડધી માગધી અને અડધી બીજી ભાષાઓ, જે એવી ૧૮ દેશી ભાષાઓ હતી તેના મિશ્રણવાળી અર્ધ માગધીને ભાષાનું વાહન બનાવવા પાછળ એક એવી રાષ્ટ્રભાષા નિર્માણ કરવાનો હેતુ હતો કે જેથી ભિન્ન ભિન્ન ભાષાભાષી લોકો એકબીજાને સમજી મિત્રતા—

ઐક્ય કેળવી શકો. આમ અહિંસાની ભાવનામાંથી રાષ્ટ્રભાષાનું સર્જન થયું હતું.

(૧૪) અંધશ્રદ્ધા

सततं मूढे धम्मं णाभिजाणति

અન્ધ શ્રદ્ધાળુ ધર્મને જાણી શકતો નથી.

(૧૫) સમભાવભરી વિશ્વમૈત્રી

मितिये सव्व भूसु

જીવ માત્ર પ્રત્યે મૈત્રીભાવના કેળવો.

(૧૬) ચારિત્ર્ય

देवा वि तं नमंसंति

ચારિત્ર્યવાન પુરુષોને તો દેવો પણ નમે છે.

માટે ચારિત્ર્ય એ જ આત્માનું ખરું બળ છે.

(૧૭) સેવાધર્મ

गोयमा जे गिलाणं पडियरइ, से मं दंसणेण पडिवज्जइ

હે ગૌતમ ! જે ગ્લાનની બીમારની સેવા કરે છે એ દર્શનદ્વારા મને જ સ્વીકારે છે. માટે ગ્લાનની સેવામાં જ મારી ભક્તિ રહેલી છે.

(૧૮) આત્મૈક્ય

तुमंसि नाम स च्चेव, जं हंतव्वं ति पन्नसि

જેને તું હણે છે તે તું જ છે. જેને તું પરિતાપ આપે છે તે પણ તું જ છે, કારણ કે સ્વરૂપ દૃષ્ટિ.

(૧૯) અદ્વૈતદૃષ્ટિ

एगे आया આત્મા એક જ છે.

(૨૦) અન્ય દર્શનીઓ પ્રત્યેની ઉદારદૃષ્ટિ

आउसंतो समणा ! इमे मे असणे वा ४ सव्वजणाए

निसिट्ठेन भुंजह वा णं जाव......

.........भुंजिज्जा वा पाईज्जावा ।

દુષ્કાળની સ્થિતિ હતી. લોકો ભૂખે મરતા હતા. ત્યારે સમવિભાજનની વાત કરી અને મુનિઓને કહ્યું કે:—

"દાતાને કહો કે દ્વાર પર સાધુ બ્રાહ્મણ ઊભા છે, એમને પણ આપો. દાતાની શક્તિ ન હોય તો તમે ત્યાંથી કે બીજેથી વહોરી લાવો અને અન્ય ભિક્ષુઓ બ્રાહ્મણોને આપો. એ ન લે તો એમને ભોજનમાં આમંત્રીને પણ ખવડાવો.

(આચારાંગ 'શ્રમણ' માસિકમાંથી)

(૨૧) વિધિનિષેધ

નિશીથ ગાથા પર૪૮–૨૦૬૭માં કહેવામાં આવ્યું છે કે "તીર્થંકરોએ કોઈ વિષય પરત્વે આજ્ઞા કે નિષેધ નથી કર્યો પણ જેથી સાધક સંયમ ભણી ગતિ થાય એ રીતે જ વર્તે.

(૨૨) પાપભૂત

નિમિત્ત–જ્યોતિષ–મંત્ર–તંત્રને પાપશ્રુત કહેવામાં આવ્યું છે.

મૂલ નિશીથ સૂત્રમાં કહ્યું છે કે મંત્ર, તંત્ર–જ્યોતિષ આદિનો પ્રયોગ કરનારને પ્રાયશ્ચિત લેવું પડતું, આ કારણે હરિભદ્રસૂરીના જ્યોતિષ વિષયક ગ્રંથને 'પાપશ્રુત' કહી બાળી મૂકેલો.

('આર્યકાલક' લેખક મુનિશ્રી કલ્યાણવિજયજી)

(૨૩) સાચો સાધુ

गुणे हि साधु अगुणेहि असाधु

માણસ ગુણથી જ સાધુ બને છે, અવગુણથી અસાધુ બને છે.

(૨૪) સાચો વિચાર

જે ભિન્ન ભિન્ન દૃષ્ટિએ વિચારવામાં આવે છે એજ વિચાર છે. જે એકાંગી છે તે વિચાર જ નથી. વિચાર હંમેશા સર્વાંગીણ જ હોવો જોઈએ.


## યાત્રા પ્રવાસની યોજના કરવી છે ?

શ્રી સમ્મેતશિખરજી — કચ્છ— મેવાડ — પાલીતાણા–વરસીતપ

પાવાપુરીજી — મારવાડ

આ સિવાય ટુંકા-લાંબા અંતરની યાત્રા પ્રવાસની વ્યવસ્થા કોઈપણ મહેનતાણું–ફી લીધા વિના કરી આપીશું કરકસરભર્યો પ્રોગ્રામ બનાવી આપીશું. વિગત માટે લખો યા મળો:—

ભગવાનજી કપાસી—દોશીવાડાની પોળ–કસુંબાવાડ–અમદાવાદ-૧

(રેપ્રે. હિંદ મુસાફીર એજન્સી) મુંબઈ.

# जब महावीर अवतीर्ण हुए थे।

लेखक : शाह कुन्दनमल धनराजजी लापोदवाला-बेंगलोर

आज से लगभग २५०० वर्ष पहेले जब परमात्मा महावीर अवतीर्ण होने वाले थे उस समय भारतवर्ष की दशा अति शोचनीय थी। जातिवाद का बोलबाला था। महिलाओं एवं क्षुद्रों को अत्यंत ही हीन अस्वथा में देखा जाता था। क्षुद्र तो ठोकरों में उडाये जाते थे। उनको पशु-तुल्य गिनकर उनके सब अधिकार छीन लिये थे। सार्वजनिक स्थानों पर उनको खडे रहने तक का अधिकार नहीं था। ब्राह्मण लोग नवे सर्वा हो चले थे। धर्म कर्म के सब अधिकार उनकी बपौती बन बैठी थी। विद्याभ्यास भी मानो उनके आतिरिक्त कोई ज्यादा नहीं कर सकता था। सब ओर झटाधारी तापसों के झुण्ड के झुण्ड विचरण कर रहे थे। अभक्ष्य भक्षण कर धर्मधारी कहलाते थे। यज्ञ और शुष्क क्रियाकांड ही धर्म का मूल समझा जाता था। छडे चौक मूक पशु यज्ञ कुंड में होमे जाते थे। इस तरह की पशु बलि को धर्म गिना जाता था। लोग अंध श्रद्धा में इतने झकड गये थे कि प्राय: उनके सभी कार्य देवी देवताओं के नाम पर ही होते थे। स्त्रीयों के मोक्षधिकार नहीं था। सामाजिक वातावरण इतना दुषित हो चला था कि सब ओर अंधकार ही अंधकार नजर आता था। न्याय नाम की कोई वस्तु नहीं रह गई थी।

## राजनैतिक परिस्थिति

ऊपर मुजब सामाजिक परिस्थिति के साथ देश का राजनैतिक वातावरण भी बडा डांवाडोल था। संक्षेप में निम्नोक्त वाक्य उसका परिचय करायेंगे :-

उस समय मगध राज्य सबसे प्रबल एवं प्रभावशाली था। वहां का अधिपति महाराजा श्रेणिक बिंबिसार अत्यंत कुशल शाशक था। वह शुरु शुरु से बौद्ध धर्म के प्रति झुका हुआ था। बाद में महारानी चेलणा के परिचय से पक्का जैन धर्मी हो गया था। जैन शासन में वह इतना अनुराग रखता था कि दैविक शक्तिएं भी उसकी श्रद्धा को नहीं डिगा सकी थी। परंतु उसमें भी सामान्य जन की भाँति नारियों में अतीव राग था। कहते है कि उसकी सैंकडों रानियों थी। चेलणा रानी को तो वह हर के लाया था जो कि उसको तारिका स्वरुप सिद्ध हुई थी। अहिंसा के प्रति आस्था पूर्ण रुपेण होने से वह युद्धों में ज्यादा नहीं पडा।

अवन्तीपति चंडप्रद्योत धोखे से वत्सराज उदयन को पकड लेता है। उसको अपनी पुत्री वासवदत्ता को पढाने का कार्य सोंपता है। उन दोनों में गाढ संबंध हो जाता है और वे वहाँ से भाग निकलते हैं। प्रद्योत उनका असफल पीछा करता है। उनके प्रेम मिलन की कविताएं उपलब्ध होती हैं।

चंडप्रद्योत सिंधु-सौवीर देश के वितमय शहर की एक कूबडा दासी पर मोहित हो जाता है। दासी आराध्य देव की प्रतिमा लेकर पलायन कर जाती है। वितमय का राजा उदयन तथा अन्य उसके अधीन नरेश मिलकर चंडप्रद्योत को पकडकर उसके चेहेरे पर 'दासी पति' खुदवा कर उसे छोड देते हैं।

चंपानगरी का दधिवाहन राजा कौशांबी शहर ऊपर घेरा डाल देता है। परंतु कई महीनों तक सफलता नहीं मिलने पर पुन: चला जाता है। कौशांबीपति शतानिक उसका पीछा कर उसका सर्वस्व छीन लेता है।

कोशलराज विदुदम शाक्यों के गणतंत्र पर इसलिये आक्रमण करता है कि शाक्यों ने उसके पिता को हलके कुल का समझ कर एक दासी पुत्री व्याह दी थी। उसका बदला लेने के निमित्त कई हजार शाक्यों का उसने कच्चरघाण निकलवा दिया था।

कौशांबीनगरी का अधिपति शतानिक चंपानगरी और उसके राजा दधिवाहन की समृद्धि देखकर उस पर चढ आया। लूटपाट मचाई। राजा दधिवाहन इस सदमे से चल बसा। महारानी धारिणी तथा राजपुत्री वसुमती लूटेरों के हाथ में पड जाती है। धारिणी अति दुख के कारण प्राण त्याग देती है। वसुमति सेठ के घर बेची जाती है। यही वसुमती चन्दनबाला के नाम से विख्यात प्रभु महावीर की प्रथम साध्वी थी।

कौशांबी के महाराजा शतानिक की रानी मृगावती अत्यंत रुपवती थी। अवंतीपति चंडप्रद्योत उसको पाने के लिये कौशांबी पर चढ आया। शतानिक भयभित होकर मृत्यु पाया। धारिणी महारानी ने बडी युक्ति से अपने शीयल की रक्षा की। उसके भाग्योदय से परमात्मा महावीर उसी दिन कौशांबी पधार गये। उनके व्याख्यान में चं प्रद्योत को नत मस्तक हो कर बैठना पडा। मृगाव ी उनकी साध्वी समुदाय में सम्मिलित हो गई।

पोतनपुर नरेश प्रसन्नचंद्र राज र्षि उग्र तपस्या कर रहे थे। एका एक उनका ध्यान अपने राज को चंपापति द्वारा ग्रस देखकर उसको छाडने के लिये टूट पड़ा। परंतु अपने साधु वेश का मान होने पर फिर क्षपक श्रेणी पर चढ़ गये
उस समय ऐसे राज्य प्रपंच, राजनीति, आक्रमण, अपहृरण के छोटे बडे दावानल प्रज्व लित हो रहे थे।

ऐसे समय में दीन दुखियों के रक्षक, सर्वजन बन्धु, परमअहिंसा स्वरुप अलौकिक ऐसा परमात्मा महावीर का अवतार हुआ। अपने कार्यों द्वारा भारत भूमि को पावनकर, नीच ऊंच का भेदभाव मिटाकर सब का एक समान उत्कर्ष किया।


# શ્રી જેસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ

## ઐતિહાસીક તીર્થયાત્રા કરી જીવન સફળ કરો.

**જેસલમેર જુહારીયે, દુઃખ વારીયે: અરિહંતબિમ્બ અનેક, તીરથ તે નમુ રે.**
**(સમયસુંદર ૭)**

આપણી સંસ્કૃતિનું જુનું પુણ્ય સ્થળ જેસલમેર નગર કે જ્યાં દુર્ગ ઉપર આઠ શિખરબંધી જૈન મંદિરો, ૬૬૦૦ મનમોહક જિન પ્રતિમાઓ અને જિનભદ્રસૂરિ જૈન જ્ઞાન ભંડારમાં વિશ્વવિખ્યાત હસ્તલેખીત તાડપત્ર ઉપર હજારો જૈન ગ્રંથો છે. વિશેષમાં અહીં દાદાજી શ્રી જિનદત્તસૂરિજીની ૮૦૦ વર્ષ પ્રાચીન ઓઢવાની ચાદર મોજુદ છે. ચોકસોમાં બનેલ દેરાસરમાં મુળનાયક ભગવાન શ્રી પાર્શ્વનાથજી પ્રતિમા સંવત ૨ ના સમયની બીરાજીત છે. પધારો અને એકવાર આ મહાન તીર્થની યાત્રા કરીને આનંદ પુણ્ય પ્રાપ્ત કરો.

જોધપુરથી સવારમાં અને રાત્રે પોકરણ જવાવાળી ગાડીમાં પોકરણ સ્ટેશને સાંજે અને સવારે ઉતરવાથી જેસલમેર માટે મોટર મળે છે. ત્રણ કલાકનો માર્ગ અને પાક્કો ડામર સડક છે.

**તા. કઃ**–ઉતરવા માટે અહીં ધર્મશાળા, ભોજનશાળા તથા અન્ય પ્રકારની સગવડતા છે. આ તીર્થની નજીકમાં જ લોદ્રવા અમરસાગર આવેલ છે. લોદ્રવામાં અલૌકિક ચમત્કારી શ્રી ચીંતામણી સહસ્ત્રફણા પાર્શ્વનાથની ભવ્ય પ્રતિમા છે. અને ત્યાંના અધિષ્ઠાયક દેવ અખંડ જયોત સમાન શાંત સ્વભાવના છે, તથા શ્રદ્ધાળુ પ્રભુભક્તોની આશા પૂરી કરે છે. જે દિવસે સાંજના આંગી રચવામાં આવે ત્યાં ભાવપૂર્વક દર્શન કરવાથી હૃદય ઘણું જ પ્રફુલ્લિત બને છે. આ તીર્થનો લાભ લેવો તે પણ જીવનની એક અમૂલ્ય તક છે.

પ્રાર્થી: શ્રી જેસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર ટ્રસ્ટ (રાજસ્થાન) જેસલમેર.

# યુગનો પડકાર

લે. શાંતિલાલ બી. શાહ

મહાવીર સંતાનો સહુયે આવો ભેળાં થઈએ
ભેળાં થઇ ભાવિનો સહુયે આવો વિચાર કરીએ.
કાળ નિમંત્રી રહ્યો છે સહુને આજે સાદ કરીને
આ યુગનો પોકાર સુણીએ આપણે કાન દઇને
સમાજના આ જીર્ણ શરીરનો ઘાટ નવેસર ઘડીએ.
આપ ભલે હો મૂર્તિપૂજક કે હો સ્થાનકવાસી
શ્વેતાંબર, દીગંબર, તેરાપંથી, ચૈત્યનિવાસી
સૌનો એક પિતા મહાવીર છે એનું ગૌરવ લઇએ.
આજ સુધી તો રહ્યાં નિરાળાં સહુનાં જીવન પંથે
આજ સુધી તો રહ્યાં નિરાળાં ધર્મશાસ્ત્રના ગ્રંથે
હવે જુદાઇમાં જોખમ છે એનો ખ્યાલ તો કરીએ.
બાહ્યવેશ કે ક્રિયાકાંડ જેવાં છે તેવાં ભલે રહ્યાં
વિધિવિધાનો—ઉપકરણો જેવાં છે તેવાં ભલે રહ્યાં
અખંડ છે ઉપદેશ પ્રભુનો એને તો અનુસરીએ.
વેરવિખેર થયેલાં ટુકડાં જેવું આપણું જીવન
એક પિતાના પુત્રો જાણે એકબીજાનાં દુશ્મન
ભૂલ ભર્યો ઇતિહાસ ભૂતનો એને ભૂલી જઈએ !
અહિંસાનો આદર્શ જગતને જૈનોએ ધરવાનો
‘ મિત્તિ મે સવ્વ ભૂએસુ ’ ને ચરિતાર્થ કરવાનો
મહાવીરે શીખવાડ્યું છે તે જગને કંઇક શીખવીએ.
એક હશું તો આગળ જઇશું જગના પ્રવાહ સાથે
ભિન્ન રહીને ભૂંસાઇ જાશું એક દી’ આપણે હાથે
આવો નાના વાડાઓ તોડીને વિશાળ બનીએ !

આવો કૂચકદમ કરીએ સૌ
હાથમાં હાથ મિલાવી
‘જય હો મહાવીરનો’ એમ કહીને
દઇએ ગગન ગજાવી

એક થઈને આ યુગના પડકારને ઝીલી લઇએ ’
મહાવીરના સંતાનો સહુયે આવો ભેળાં થઇએ.

[ કર્તાના તાજેતરમાં પ્રસિદ્ધ થયેલ “ મહાવીર દર્શન ” માંથી ]

## ઉંબરગામે કેળવણી માટે રૂા ૩૬૦૦૦ ની આપેલી માતબર રકમ

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના પ્રમુખશ્રી અભયરાજ બલદોટા તથા શ્રી રીષભદાસજી રાંકા અને અન્ય કાર્યકર મિત્રો ગુજરાતના પ્રવાસે ઉંબરગામ તા. ૨૬-૩-૬૩ના ગયા હતા. ત્યાં બીરાજમાન પૂ. સાધ્વીશ્રી સદ્ગુણાશ્રીજીની પ્રેરણાથી ત્યાંના આગેવાન વ્યાપારી અને કોન્ફરન્સ કાર્યવાહી સમિતિના સભ્ય શ્રી રાયચંદ ગુલાબચંદ તરફથી રૂા. ૨૧૦૦૦ જેવડી રકમ તેમજ શ્રી સરદારમલ ડાકલીયા તરફથી રૂા. ૧૧૦૦૦નો સુંદર ફાળો અને બીજા રૂા. ૪૦૦૦ ત્યાં ઉપસ્થિત થયેલાઓમાંથી એકઠા કરાયેલ. એમ કુલ્લે રૂા. ૩૬૦૦૦ જેટલી માતબર રકમ કેળવણીફંડમાં ભરાયેલી જાહેર કરવામાં આવી હતી. આમ શ્રી જૈન શ્વે. કોન્ફરન્સની પ્રથમ પ્રાંતિક સમિતિની નિમણુંકના શ્રીગણેશ આવા શુભ ફાળાથી થવા બદલ કોન્ફરન્સના કાર્યકરોના હૃદય પુલકિત થયા હતા અને પ્રથમ પ્રવાસ આવા મંગળ શરૂઆતથી આરંભતા કાર્યવાહીમાં તેમજ જૈન સમાજના અનેક કાર્યકર્તાઓમાં ઉત્સાહની વૃદ્ધિ થશે. એટલું જ નહિ પરંતુ દરેક પ્રાંતમાં આવા સુંદર દૃષ્ટાંતનો બોધ લઇ કેળવણીફંડમાં વધુ ને વધુ સારી પ્રગતિ થાય એવો જૈન સમાજ અવશ્ય નિશ્ચય કરશે.

કોન્ફરન્સના હોદ્દેદારોના આગમન વેળા ઉંબરગામ સંઘે દેણુંથી બગવાડા સુધીના ૧૯ ગામના સંઘના પ્રતિનિધિઓને સમાજ હિતની વિચારણા સહ આમંત્રી આવેલ સર્વનું સ્વાગત તેમજ સવાર સાંજ જમણની સુંદર વ્યવસ્થા કરી લાભ લીધો હતો. તા. ૭-૪-૬૩ ના ફરી વખત સાધ્વીજીના નેતૃત્વ નીચે સૌએ એકત્ર થવાનું નક્કી કરેલ છે. તે સમયે પણ કેળવણીના આ ફાળામાં વધારો થાય તેવી ધારણા છે અત્રે ઓળી આરાધન શ્રી ઝુમરલાલ ફતેહચંદ તરફથી થઈ રહ્યું છે.

# भगवान महावीर सकल देशना.

लेखक : रिषभदास रांका.

जब भगवान जृंभिक ग्राम के पास ऋजुवालुका नदीके किनारे वैयावत नामक चैत्यमें शालवृक्ष के नीचे गोदोहासन पर बैठकर उत्कृष्ठ शुक्ल ध्यान कर रहे थे। चित्त शुद्ध और एकाग्र बन गया था तब वैशाख शु० १० को चतुर्थ प्रहरमें केवल ज्ञानकी प्राप्ति हुई। बारह सालकी कठोर साधना सिद्ध होकर कल्याणमार्ग स्पष्ट हो गया। वे छद्मस्थ मिटकर अर्हत, जीन, केवली और सर्वज्ञ बन गये। अज्ञान, भय, मान, लोभ, माया, रति अरति, असत्य, चौर्य, मत्सर, हिंसा, राग, द्वेष, क्लेश, पैशुन्य, मायामृषावाद आदि दोषोंसे मुक्त बन गये। उनके मुखपर असीम शांति और माधुर्य दिखाई देने लगा। पर वहां उपदेश दे ऐसी पर्षदा न होनेसे उन्होंने नगरी की ओर प्रयाण किया। शास्त्रोमें तो ऐसा वर्णन मिलता है कि कैवल्य ज्ञान प्राप्ति के बाद उन्होंने दिया हुआ उपदेश निष्फल गया। जो एक आश्चर्यजनक घटना थी।

भगवान जब अपापा नगरी में पधारे तब सोमिल नामक समृद्धिशाली ब्राह्मण के यहां यज्ञ चल रहा था। जिसमें अनेक पंडित और विद्वान ब्राह्मण आये थे उनमें इन्द्रभूति आदि ग्यारह प्रमुख पंडित अपने विशाल शिष्य परिवार के साथ उपस्थित थे। जब भगवान महावीर पधारे तो लोक बहुत बडी संख्यामें उनके दर्शनके लिये तथा उपदेश सुनने के लिये जाने लगी। जब यज्ञ देखने आई हुई जनताको जाते देखा तो यज्ञमें भाग लेने आये हुये प्रमुख ग्यारह पंडितों को बुरा लगा और वे अपने पांडित्य से महावीर पराजित करने के लिये वहां पहुंचे।

जब महावीर की सौम्य, गंभीर, किंतु तेजस्वी और ध्यानमग्न मुखमुद्रा देखी तो उनका कुछ क्रोध शांत हुआ और जब भगवानने ध्यान समाप्त कर पलक खोलकर परिषद की ओर अमृतमयी दृष्टि डाली गुस्सा बिलकुल ही चला गया और उनको प्रति श्रद्धाभाव से एक टक देखने लगे। जब भगवान परिषद को उद्देश कर अमृतमयी वाणीमें उपदेश देना प्रारंभ किया तो परिषद तथा पंडित वर्ग मुग्ध होकर वह वाणी एकाग्र चित्त से श्रवण करने लगे।

भगवान बोले, देवानु प्रिय,

अपनी तरह जीनमें प्राण है ऐसे जीवोंके छ प्रकार है। पृथ्वीकाय, जलकाय, अग्नीकाय, वायुकाय, वनस्पतिकाय और त्रसकाकाय। ये सभी जीव सुखभिलाषी है और सुख को परमधर्म मानते है। इसलिये किसी भी जीवको कभी दुःख नहीं देना चाहिये, दूसरों से नहीं दिलाना चाहिये और कोई दुःख देता हो तो उसे अनुमोदन भी नहीं करना चाहिये। साधनाके लिये पंच महाव्रतों का आजीवन धारण करना चाहिये। तभी साधना सफल होती है।

प्रथम व्रत धारण करनेवालों को चाहिये कि वह इस व्रतके पालनमें यह सावधानी रखे। सभी भूत प्राणियोंको हिंसाका यावज्जीवन त्याग का संकल्प करे। वह यह निश्चय करे कि स्थूल, सूक्ष्म, स्थावर या जंगम किसी भी प्राणी की मन, वचन, काया से मैं हिंसा नहीं करुंगा। दूसरोंसे नहीं करवाऊंगा तथा कोई करे। उसका समर्थन नहीं करुंगा। उसे अनुमति नहीं दूंगा। मैं पाप कर्मसे निवृत होता हूं, उसकी मैं निंदा करता हूं, गर्हा करता हूं और इस पापकर्मसे मैं मुक्त होता हूं।

साधक किसी भी जंतुको क्लेश न हो इस प्रकार सावधानीपूर्वक चले। वह आत्मशोधन कर मन को पापयुक्त, सदोष, सक्रिय, कर्मबंधन

निर्माण करनेवाला, प्राणियेंके वध छेद भेद और कलह प्रद्वेष परितापयुक्त न होने दे। साधक को चाहिये कि वह अपनी वाणी की जांच करे। उसे पापयुक्त, सदोष, कलह-प्रद्वेष-परितापयुक्त न होने दे। साधक को चाहिये कि प्रत्येक वस्तु ठीक से देखकर जांचकर साफकर ले या रखे जिससे जीवोंकी हिंसा न हो वैसे ही खाने पीने की चीजें ठीकसे देख भालकर उपयोग में ले जिससे किसी भी जीवकी हिंसा न हो।

यदि साधक ऐसा करता है तो अहिंसा महाव्रत को शरीर से स्वीकार कर उसने उसका पालन किया ऐसा माना जावेगा।

अहिंसा व्रत की तरह दूसरा व्रत वाणीके दोषोंके त्याग का है। जिसे जीवन पर्यंत पालनेका संकल्प साधक करता है। क्रोध, लोभ, भय हास्य में भी मैं मन, वचन, काया से असत्य नहीं बोलूंगा दूसरोंसे नहीं बुलवाऊंगा तथा झुठ बोलनेकी अनुमति नहीं दूंगा।

इस व्रतके पालन में साधक को यह सावधानी रखनी चाहिये कि वह जो कुछ बोले सोच विचार कर ही बोले, जिससे बिना विचार किये झुठ बोलने के दोषसे बच जाय। निर्ग्रंथ को चाहिये कि वह क्रोध, लोभ, भय और मजाक का त्याग करे जिससे कि क्रोधमें, लोभमें, भयके कारण या हसी मजाक में झुठ न बोल दे। यदि इस प्रकार सावधानी के साथ इस व्रतका पालन करता है तो उसने दूसरे महाव्रतका स्वीकार कर आचरण किया ऐसा समझा जावेगा।

साधक तीसरे व्रतमें सभी प्रकार की चोरीका त्याग करता है। वह ग्राम, नगर, जंगल में अल्प या अधिक, सचित या अचित कोई भी वस्तु दिये बिना नहीं लेता, लेनेके लिये नहीं कहता या लेनेवाले का अनुमोदन नहीं करता। इस व्रतके पालन के लिये साधक को चाहिये कि वह कमसे कम वस्तुऐं मांगे। जो कुछ भिक्षामें मिले उसे अपने आचार्य या गुरु को बताकर उनकी इजाजत से खावे। वह काल या क्षेत्र की मर्यादा बांधकर ही आवश्यक वस्तुएं मांगे निर्ग्रंथ कमसे कम वस्तुओंके उपयोग का प्रमाण समय समय पर निश्चित करे। साधक को चाहिये कि वह सहधर्मीयों के लिये भी विचारपूर्वक मित प्रमाण में ही वस्तुएं भिक्षामें मांगे।

चौथा महाव्रत ब्रह्मचर्य है। सभी प्रकार के मैथुन का जीवन पर्यंत वह त्याग करता है। वह किसी प्रकार के मैथुन का सेवन नहीं करता, दूसरों से नहीं करवाता व मैथुन करनेवाले का अनुमोदन नहीं करता इसलिये वह यह सावधानी रखता है। वह स्त्रियोंसे बिना जरुरत व बार बार बात नहीं करता, स्त्रियों के मनोहर अवयवों को न तो देखता है और न उनका चिंतन ही करता है। साधक पूर्व जीवन में की हुई काम क्रिडा का स्मरण नहीं करता और न काम को उत्तेजित करनेवाला आहार ही लेता है। वह स्त्रियों द्वारा उपयोग में लाये हुये आसन का भी उपयोग नहीं करता।

साधक सभी तरह के परिग्रह का त्याग करता है। छोटी या बडी, सचित अचित सभी वस्तुओंमें परिग्रह बुद्धि नहीं रखता, दूसरोंसे नहीं रखवाता या परिग्रह की अनुमोदना नहीं करता। इसलिये वह कर्णसे मधुर शब्द सुनकर उसमें आसक्ति, मोह या राग नहीं करता, वैसे ही अप्रिय शब्द सुनकर उनका द्वेष नहीं करता। कानोंमें शब्दोंका न सुनना तो संभव नहीं किंतु उनकी आसक्ति या द्वेष त्याग करना संभव है। और आंखोसे प्रिय अप्रिय रुप देखकर उसमें राग द्वेष नहीं करता। नाकसे प्रिय या अप्रिय गंध आवे तो उसके प्रति उसकी आसक्ति या घृणा नहीं होती। जिव्हासे प्रिय या अप्रिय स्वाद चख कर उसके प्रति ममता या द्वेष नहीं रखता और न प्रिय अप्रिय स्पर्शों के प्रति उसकी वह भावना होती है।

इस प्रकार सभी इंद्रियों के विषयोंके प्रति अनासक्ति रखता हुआ भिक्षु इसप्रकार सावधानी

से चलता, खडा रहता, बैठता, सोता, खाता और बोलता है कि जिससे उसे जरा भी पापकर्म का बंधन हो।

सब जीवोंके प्रति आत्मभाव रखकर समता आचरण करनेवाला, इंद्रिय निग्रही, हिंसादी, पाप कर्म रहित साधक उन्नत होता है, पाप कर्मसे-बंधन से मुक्त होता है। साधक प्रथम ज्ञानको प्राप्त करे बादमें दयाका आचरण करें क्योंकि अज्ञानी अपने हिताहितको नहीं जानता। इसलिये ज्ञानियों के कल्याण किसमें और अहित कर पाप कौनसा, यह जानना चाहिये। साधक को ज्ञानियोंसे मार्गदर्शन लेकर कल्याण मार्गका पथिक बनना चाहिये।

यदि कोई जीव अजीव को न समझता हो तो वह संयम कैसे कर सकता है। सब जीवोंकी कर्म अनेकविध गतिको जानता है तभी उसके कारणोंको समझ सकता है। तभी उसे बंध मोक्ष की जानकारी हो सकती है और वह दैवी और मानवी विषय भोगसे विरक्ति हो सकता। उनके प्रति वैराग्य निर्माण हो सकता है। तभी वह पाप कर्मोंको रोककर उत्तम धर्मका आचरण करता है और अज्ञानसे एकत्र कर्मरज को दूर कर सकता है। इस प्रकार साधना करनेवाला साधक केवल ज्ञान दर्शन की प्राप्ति कर लोक आलोक का यथार्थ रुप जानकर मन वचन और काया की प्रवृत्तियों का निरोध कर "शैलशी" स्थिति को प्राप्त होता है। जब शैलशी अवस्था प्राप्त होती है, चित्त बिलकुल शैलकी तरह स्थिर हो जाता है तब कर्मोंका क्षय कर साधक सिद्धा वस्था कों प्राप्त होता है।

इस प्रकार का सर्व कल्याणकारी उपदेश सुनकर ग्यारह पंडित अपने विशाल शिष्य परिवार सहित भगवान महावीर के अनुगामी बने और उन्होंने उनके कल्याणकारी उपदेशका चारों और बडे उत्साहके साथ प्रचार किया।




પોપ્લીન્સ, શર્ટીંગ્ઝ મસરાઈઝડ ધોતી
છાપેલી વોયલ્સ અને લોન્સ

'Sanforized'
Registered Trade Mark
of cluett, peasody &Co inc

રાયપુર મિલ્સ લિમિટેડ, અમદાવાદ.

# પ્રભુદર્શન (૬)

[ શુદ્ર-અંત્યજ જાતિને માનવ-ગૌરવપ્રદ 'મેતર" નામાભિધાનની અમરગાથા ]

લેખક:-બાપુલાલ કાલિદાસ સધાણી. "વીરબાલ" વાયા-ભાભેર થઈને, મોરવાડા

"વત્સ ! તું વ્યગ્ર ના બનીશ. જીવનના ઝંઝાવાતમાં સ્વસ્થ રહેવું એમાંજ માનવીની પ્રજ્ઞાની કસોટી છે. ધીર બનજે !" ભગવાન ચોમેર જામેલી ગંભીરતાને વિદારતા બોલતા હતા.

"દયામય ! ઉછરીને આપના ચરણમાં બેઠો છું, મને કશો સંતાપ નથી. આપનાં શબ્દમધુએ મને સદા આનંદમગ્ન રહેવા શીખવ્યું છે પ્રભુ !"

"મને તારામાં વિશ્વાસ અને આશા છે ભદ્ર ! આવા બનાવો ક્યારેક કોઈ યુગ સંકેત લઈને આવે છે, વિહ્‌વળ બનવાને બદલે એ સંકેતને સમજવામાં આવે તો અસારમાંથી સાર મળે છે. વત્સ ! તું શુદ્ર પણ છે આર્ય પણ છે, બન્નેના સંગમશો મિત્રાર્ય બન ! તું શુદ્ર અને આર્ય વચ્ચેનો સંત બની જા. ! શુદ્રોની લઘુતામાંથી છુટશે-આર્યો અંતરખોજ કરશે. બન્ને વચ્ચેના અંતર ખુટશે !"

"કરૂણાનિધાન પ્રભુના મુખમાંથી નીકળેલું સંબોધન અમારા જીવનભરના નવા અવતારનું નામાભિધાન થશે. પૂર્વજીવનના નામને ભુલી અમે એને મિત્રાર્ય કહીશું." અભયકુમાર આનંદિત થતા બોલી ઉઠયા, સૌ સભાજનોએ એમાં સુર પુરાવ્યો.

*    *    *    *

અકલ્પનીય એક બનાવ બની ગયો હતો. રાજગૃહીના ધનદત્ત શ્રેષ્ટીનો એકનો એક યુવાનપુત્ર; એની જન્મદાત્રી તો એકશુદ્ર પત્ની હતી. વિરૂપા અને શેઠાણીનુ સાખ્ય આત્મિય બન્યું, શેઠાણીના પેટે અવતરતી પુત્રીઓ પણ જીવતી નહોતી એ વલોપાત ન જોઈ શક્તી વિરૂપાએ નવજાત પુત્ર શેઠાણીના ખોળામાં ધરી દીધો. શેઠાણીના કોઠામાંથી રોગનો વારસો લઈને આવેલી પુત્રી વિરૂપાના ઘરમાં ઉછરી નહિ અને વિરૂપાને પાછળ કોઈ સંતાન થયું નહિ. એટલે માતૃત્વ ભુખી વિરૂપા જ્યારે અર્પણ કરેલો પુત્ર વરઘોડે ચડયો ત્યારે એ ગુઢમર્મને જીરવી શકી નહિ; રાજમાર્ગ ઉપર એચીંસ પાડી ઉઠી "એ શ્રેષ્ટીપુત્રની માતા હું છું, એ મારૂં બાળક છે" રાજગૃહીના પ્રજાજીવનમાં એક આંધી ઉઠી મગધરાજ અને મહામંત્રી અભય આવ્યા, પુછપરછ અને તપાસ કરી, સમતા અને વિતરાગત્ત્વના ઉપદૃષ્ટા ભગવાન મહાવીરની પર્ષદામાં નિત બેસતા શેઠપુત્રે શુદ્ર માતાનું માતૃત્ત્વ સ્વીકારી લીધું. સાપ કાંચળી છોડે તેમ સુખ સંપતિ ભરી મેડી મહેલાતો છોડી એ શુદ્રવાસની ઝુંપડીએ જઈ વસ્યા.

આ ઘટના વેળાએ ભગવાન મહાવીર રાજગૃહીના ઉદ્યાનમાં વિચરતા હતા. એમની દૃષ્ટિ આ ઝંઝાવાતમાંથી શુદ્રજાતિમાં નવો પ્રાણ ફૂંકનાર એક અભિનવ સંદેશવાહક જન્મતો નીરખી રહી હતી. એને યોગ્ય ઘાટ આપવાનું કામ આજ એ કરી રહ્યા હતા.

" મિત્રાર્ય ! શુદ્રને નામે આખી એક પ્રજા પગમાં ખુંદાઈ રહી છે, ઉચ્ચવર્ગ એને તુચ્છ ગણે છે, તિરસ્કૃત કરે છે. જ્યારે એ કચડાતી જાતિ એક બાજુ દીનહીન બની રહી છે, તો કોઈ વૈરના પ્રતિશોધમાં પડી છે, તારા જેવાને ઘણું કાર્ય કરવાનું પડયું છે. રૌહિણેય જેવા માર્ગ ભુલ્યાને વિનાશને પંથેથી પાછા વાળવાના છે. તો બીજીપા સ્વસ્છતા અને સ્વમાનનું રોપણ કરવાનું છે, ભીખવૃતિને સ્થાને સ્વાવલંબનની શ્રમ-પ્રતિષ્ટા કરવાની છે."

"પ્રભુવર મારે માટે તો એ બધું ગજા ઉપરવટનું છે. ઘડીભરતો એમ થઈ જાય છે કે પ્રભુ ! આ પંપાળ છોડી દઇને આપના શરણમાં બેસી જાઉં !"

" ભદ્ર ! પ્રાપ્ત કર્તવ્ય પહેલું બજાવ ! યથા અવસરે એ પણ થશે. પ્રસંગોના ભોજ ન રોના વિરાગને ઓળખ અને દૃષ્ટિવાન થઈ કાર્યરત બની જા. માનવીના સાચા પ્રયત્નને આત્માના અનંત સત્વનું પીઠબળ

પડેલું છે–પણ એમાં છાતી વગરનું" એવા કોઈ પ્રશ્ન નથી, માંગલ્યાર્ય એજ આત્મમુક્તિની વાટ છે" ભગવાન મિત્રાર્યમાં ચેતન રેડતા હતા.

"મિત્રાર્ય ! પ્રણુચિંધ્યા તારા કર્તવ્યપંથમાં અમે તારા સાથીદાર છીએ, ગર્ભકાલે હતો એવોજ તું અમારો આર્યનો મિત્ર મિત્રાર્ય છે. પ્રભુ અર્પ્યું અભિનવ નામ તું સાર્થ કર !' મહામંત્રી બોલતા હતા.

"મારી સામેનું કાર્ય જોઉં છું ને અવાક બની જાઉં છું. અજ્ઞાત વહેમ, અસ્વચ્છતા હીનહીનતાનાં કુંડાળાંમાંથી પસાર કેવી રીતે થવું એજ સુઝતું નથી દિશાસુન્યતા પ્રવર્તી થાય છે."

"જ્ઞાન અને ધીરજ જેના ભાથામાં છે એને અશક્ય શું વત્સ ? એને પગલે પગલે પ્રકાશની કેડી પડતી જાય છે ચેતનાકર્ષણ એવું છે કે અણધારી દિશાઓમાંથી સહકારનાં બળો એની સાથમાં આવી ઉભે છે ! જીવન એવી રીતે જીવ કે ગુણવાચક નામ જાતિવાચક બને જાય. આથી શુદ્રજાતિ મિત્રાર્થ બને આર્યોના સ્વજન જેવી બની રહે. તારો એ કર્તવ્યપંથ છે. ભદ્ર ! તારા જીવનનો એ યુગ સંકેત છે. એને તું માથે ચઢાવી લે !"

"ભલે પ્રભુ ! આપનો સંદેશ હું શીરે ચડાવું છું. આપ મારા રાહબર રહેશો. હું ભુલું ત્યાં મને માર્ગ ચીંધશો ! "ભગવાનના ચરણમાં મિત્રાર્ય મસ્તક નમાવી રહ્યો.

"નિજ આત્માને સૌનો રાહબર છે વત્સ ! સાચનું સાચ સાથીદાર છે તું નિશંક બનીજા ! " ભગવાન હાથ ઉંચા કરીને જાણે સાચનું સાચ સાથીદાર છે" નું વચન આપતા હતા. પર્ષદા વિસર્જન થઈ ત્યારે ગંભીરતા હળવી બની હતી, અને હવામાં જાણે એક ચૈતન્ય પ્રવાહ વહેતો થયો હતો.

(૨)

શુદ્રજાતિમાં ઓતપ્રોત થઈને મિત્રાર્ય ભીખ માગવાને સ્થાને મજુરી અને નાના ઉદ્યોગોની આજિવિકાનું મુખ્ય સ્થાપે ચર્મોદ્યોગ છે, પશુપાલન, ખેતી, જાડાં કાપડની


# ગિરિરાજ આબુના–પવિત્ર તીર્થસ્થાનની

**નજીકમાં આવેલ**

ચરણજિનપતિ શ્રી મહાવીરસ્વામીની પદરેણુથી પવિત્ર બનેલ

## મહા તીર્થ મુંડસ્થળના

જીર્ણોદ્ધારનાં કાર્યમાં સહાય મોકલી આપી અપૂર્વ પુણ્યલાભ પ્રાપ્ત કરો.

આબુરોડ સ્ટેશનથી ચાર માઇલ જેટલા જ અંતરે આવેલ મંડાર–આબુરોડ સડક પર આવેલા મુંગથલા ગામ માટે સવાર–સાંજ બસ સર્વીસ મળે છે.

પવિત્ર ગિરિરાજના દર્શને પધારો ત્યારે આ અપૂર્વ પ્રાચીન તીર્થસ્થાનની મુલાકાત લેવાનું ન ભૂલશો.

—: નીચેના સ્થળે સહાયતા મોકલશો :—

## શ્રી મુંડસ્થળ જીર્ણોદ્ધાર સમિતિ

પોસ્ટ : મુંગથલા ( આબુરોડ ) ( સિરોહી–રાજસ્થાન )

વણકરી એવા ગૃહ ઉદ્યોગોથી શુદ્રજાતિના જીવનને સ્વાવલંબન ઉપર મુકયું. પારકા ઘરની ગંદકી ઉપાડનારાને ઘરની સ્વચ્છતાના પાઠ આચરી બતાવ્યા. લુંટફાટ, રંજાડ, દેવ-દેવીઓનાં નામે થતા અનાચાર નામશેષ કરી દીધા. ભજન ભક્તિ ગુણકિર્તિથી આત્માની ભુખને સંતોષવા વિસ્તાર્યાં જ્યાં જ્યાં એના મનવાણી અને કાયા પહોંચે ત્યાં જુની ઘરેડનાં જીવનપાસાંને એ બદલતો રહે છે. આમે આમ સુધડતા સંસ્કારનાં બીજ વાવતા જાય છે. દુર રહીને દોરનારા ભગવાન મહાવીરદેવને મિત્રાર્ય ભુલ્યો ન્હોતો. રાજગૃહી આવતાં લેવા પડતાં લાંબામાર્ગને સ્થાને વૈભારગીરીની દુર્ગમ શિખરમાળોમાંથી નવો ટુંકો માર્ગ તૈયાર કરી દીધો. પતિતપાવન પ્રભુ એ ટુંકા માર્ગે રાજગૃહીને વ્હેલી વ્હેલી પાવન કરી શકતા. મિત્રાર્યના મહા-કાર્યનો પરિચય રાખતા. મિત્રાર્ય પ્રભુનાં દર્શન પામી ધન્ય બની જતો. આ નવા ધોરીમાર્ગે વ્યાપાર વાણિજ્યની સવલત આપી વટેમાર્ગુઓના પ્રવાસ સુલભ બન્યા. શુદ્રજાતિના આ ભગીરથ કાર્યે સમગ્રપ્રજામાં આશ્ચર્ય અને માન પેદા કર્યાં. શુદ્રજાતિનાં કેટલાક જુથ મિત્રાર્યના આ પરિવર્તનનો વિરોધ કરતાં પણ એમનાજ ઘરમાં પાછલે બારણેથી આ નવસંસ્કરણ ઘુશી જતું. એની નમ્રતા, મીઠીવાણી, ઉંડી સમજ અને કામ લેવાની આગવી લઢણ પરિચયમાં આવતા સૌને પોતાનાં કરી લેતી. સમગ્ર શુદ્રજાતિમાં એક નવો પ્રાણ-નવી હવા પેદા થઇ ગઇ. મહામંત્રી અભયકુમાર જેવા સુજ્ઞપુરૂષો તો આ શુદ્રજાતિને "મિત્રાર્ય"ના નામથીજ સંબોધતા. એ તો સ્પષ્ટ કહેતા "આખી એક માનવજાતિને શુદ્ર, અત્યંજ એવા ક્ષુદ્દલક નામે કેમ ઓળખાવાય ? એનો ચેપ એ જાતિને લાગ્યો, એમણે પોતાની જાતને "મિત્રાર્ય" કહેતાં ગૌરવ અનુભવવા માંડયું. પ્રભુ ભાખ્યો 'મિત્રાર્ય' શબ્દ જાતિવાચક રૂપ ધરી રહ્યો. રાજકુળ અને વણિકકુળ સાથે શુદ્રનાં લગ્ન શકય બન્યાં, મગધરાજ શ્રેણિક મહામંત્રી અભયકુમાર જેવા ભગવાન મહાવીરદેવના જીવન સંદેશને શિરોધાર્ય કરનાર અનેક સુપ્રતિષ્ઠિત ગૃહસ્થાનો મિત્રાર્યની પ્રવૃત્તિને સાથ અને સહકાર હતાં. શ્રમણ સમુદાય આમ્યનગરોમાં શેરીએ શેરીએ-ઘરો ઘરમાં પતિત્તોધ્ધારની આકથા પહોંચાડતા હતા.

આમ પ્રભુની પ્રેરણામાં કર્તવ્યનિષ્ઠ રહીને પ્રશાન્ત બનેલા મિત્રાર્ય એક દિવસે એક કાર્ય પુરૂ થયું હોય તેમ સંસાર છોડીને ભગવાન મહાવીરના શ્રમણસંઘમાં ચાલી નીકળ્યા.

(૩)

સમતા અને નિર્મોહની સાધના કરતા મિત્રાર્યની જીવનપોથીમાં અર્પણ અને બલિદાનનાજ અક્ષરો જાણે લખાવાના હતા. માતાએ સખ્યભાવે પુત્ર હિજરાતી સખીના ખોળામાં અર્પણ કરી દીધો. એ પુત્રે ઉચ્ચ જાતિમાંથી શુદ્રજાતિ સ્વીકારી લઈ આત્મ વલોપન કર્યું અને હવે જીવનની સંધ્યાએ નવા અર્પણની વેળા આવી પહોંચી હતી.

મિત્રાર્યમુનિ ભડભડતા બપોરે-'પાપ બાળવાણે' રાજગૃહીનગરીની શેરીઓમાં ગોચરીએ નીકળ્યા હતા. એક સોનીના ઘરમાં ભિક્ષાર્થે પ્રવેશ કર્યો. સુવર્ણજવ ઘડતા સોનીએ ઉઠી વંદન આદર કરી રસોડામાંથી લાવી આહાર વ્હોરાવ્યો. મુનિએ ધર્મલાભ કહી વિદાય લીધી. સોની પેઢીમાં આવી જુએ તો સુવર્ણ જવ ન મળે. સોનીને મુનિ ચોર લાગ્યા, પાછા વાળીને બોલાવી લાવ્યો. તવાશ કરી પણ, જવનો પત્તો ન લાધ્યો. મુનિએ કયાંક ઝડપથી છુપાવી દીધા છે તે કઢાવવા આકરી શિક્ષા કરવાનું વિચારી રહ્યો, મુનિ તો માન ઉભા હતા. આંગણામાં આળા ચામડાની લાંબી પટી પડી હતી. તે લઇને મુનિના માથાની ચોપાસ કસીને બાંધી દીધી. ખેંચીને તડકે ઉભા રાખી દીધા. ઊનાળાની આગઝરતી ગરમી, ચામડાની પટીની કારમી ભીંસ, એવડી વેદનાના જંતર-ડામાથી મિત્રાર્ય મુનિ પસાર થઇ રહ્યા. ચામડી તુટતી હતી, લોહી લાવારસ સમું બની રહ્યું હતું, કાયા આવી એક ભીષણ વ્યથાની ભઠ્ઠીમાં શેકાઈ રહી હતી; પણ આત્મા સ્વસ્થ રહેવા મથી રહ્યો, સ્વેચ્છાએ વ્હોરી લીધેલી પીડા હસતેમુખે સહવાની હતી. સુવર્ણજવ ચણીને ભારથી ઉડી નહિ શકેલું ક્રૌંચ પક્ષી ઇમારતને ટોડલે બેઠું હતું એને બચાવવા આજે દેહ દાનઆપવાં સ્વીકારી લીધાં હતાં, અને સોનીતો રાક્ષસ અને સંશયમાં અકૃત્ય આચરી રહ્યો હતો. એનો શો દોષ ? પક્ષી ખેદશો ? વ્યગ્રતા શી ? ભગવાનના શ્રી મુખે બોધેલી

અને મનભાવી આત્મપ્રસન્નતા આજે અંતરમાં વસાવ-વાની વિરલ ઘડી આવી હતી, તે દિવસે આર્યગોશાલક જ્યારે ક્રોધમૂર્તિ બનીને તેજોલેશ્યાની અગનઝાળ વરસાવી રહ્યા ત્યારે અમૃતસ્નાન કરતા કરૂણાનિધાનપ્રભુ જે પ્રશાન્ત વદને સ્વસ્થ બેઠા હતા તે દ્રશ્ય અંતરચક્ષુ સામે ખડું થઇ ગયું મિત્રાર્ય મુનિનો આત્મા એવા દ્રશ્યમાં નિમજ્જન કરતા વેદનાથી પર બનતો હતો. પળે પળે રોમરોમમાં ધણધણાટી બોલતી હતી–દેહ બળભળતો જતો હતો, તેમ તેમ આત્માનું વજ્ર પરખાતું હતું. અંતિમ પળો આવી પહોંચી. મૃત્યુ તો સર્વ વેદનાનો સરવાળો.–એ ઘડી તો ભલભલાને ભુલાવી દે. પણ મિત્રાર્ય મુનિના અંતરમાં તો એ પરિસીમાને વટાવી જતો જ્ઞાનાનંદ બસ વીલસીજ રહ્યો. સિદ્ધ બુદ્ધ બનેલા આત્માએ દેહબંધન છોડી દીધા, અને કાયા ઢળી પડી.

ધાર્યું ન્હોતું એવું બની ગયું, શિક્ષાને બદલે ખૂન થયું હતું. નગર સામે ઢળી પડેલો દેહ કશાયે તરફડાટ વગર શાન્ત પડયો હતો. મુખ ઉપર જોયું તો મૃત્યુની વેદનાને સ્થાને પરમાનંદ વિલસી રહ્યો હતો. જરાક ધારીને જોયું તો તપકૃશ વદન ઉપરની રેખાઓ ઓળખાઈ આવી. સોની ચોંકી ઉઠયો. પૂર્વ જીવનના ધનાઢય પુત્ર, એક દિવસના જાતિ ઉદ્ધારક મિત્રાર્ય, અને આજના ભગવાન મહાવીરના સંઘના શ્રમણ! સોની વિમાસી રહ્યો. આખી જિંદગી સુવર્ણનો કસ લેનાર આજ માનવીના કંચનને ઓળખી શકયો ન્હોતો. અવનવાં આભુષણનો કલાકાર જીવનની કળાને ઉપાસી શકયો નહિં, એવા એવા વિચાર ધોધ એના દિલમાં ઉભરાવા લાગ્યા. ત્યાં તો કઠીયારાએ આવીને બળતણનો ભારો નાંખ્યો. અને 'ધબકે પંખી જાગીયું જી—જવલા કાઢયા તેણે બહાર'—સુવર્ણજવ પંખીની ચરકમાં જોઇ સોની ચીસ પાડી ઉઠયો.

'ઓહ મુનિરાજ! આ પંખીને બચાવવા દેહનું બલિદાન દઈ દીધું. સત્યને અહિંસા બેઉ આચરવા મૌન ભજી લીધું, અને મેં સુવર્ણજવ માટે વિવેક ભુલી મુનિહત્યા કરી! કેવો અવિચાર! કેવી ક્રુરતા! કેવી સહનશીલતા? કેવો આત્મત્યાગ? કેવું, 'આત્મવત્ સર્વે ભુતેષુ'નું અમરગાન! આનું પ્રાયશ્ચિત બસ એજ! એજ મુનિમાર્ગ! એજ મુનિવેશ ધરીને ચાલી નીકળવું એ સિવાય બીજું શું હોઈ શકે?' ચીસ સાંભળીને આડોશીપાડોશી દોડી આવ્યા ત્યારે રાજસોની મુનિવેશ ધરતો લવતો હતો, "મેં મુનિની હત્યા કરી. એક મહાસાધકનું શંસયમાં બલિદાન લીધું, ઓહ! હવે તો એ પાપ ધોવા મારૂં એક જીવન ઓછું પડશે! પ્રભુ! પ્રભુ! મને માફી મળશે? મારો આત્મા નિર્મળ થશે! જગત મને માફ કરશે?" એની આંખમાંથી આંશુ ટપકતાં હતાં, કોલાહલ વધતો હતો. માનવમેદની જામતી હતી. મગધરાજ આવ્યા, નગરજનો આવ્યા, મિત્રાર્યો આવ્યા. સૌના મુખમાંથી "ધન્ય જીવન"–"ધન્ય મૃત્યુ," "અમર બલિદાન"–ના શબ્દો નીકળતા હતા, અંતિમવિધિની તૈયારીઓ ચાલી. સ્મશાનયાત્રા નીકળી ત્યારે જયઘોષ ગાજતા હતા. "ભગવાન મહાવીરનો જય હો! મહામુનિ મિત્રાર્યનો જય હો! શુદ્રજાતિને નવો અવતાર આપનારનો જય હો!"

મહામુનિ મિત્રાર્યના અમર મૃત્યુ પછી તો સમગ્ર શુદ્રજાતિ પોતાની મિત્રાર્ય તરીકે પિછાન આપવામાં ગર્વ લેવા લાગી. એ છાતી કાઢીને કહેતી, "અમે નાના પંખી માટે જીવનને ઓળઘોળ કરી શકીએ છીએ. એ તારણહારની પરંપરાને અમે જાળવી રાખીશું." અને સામો પડઘો પાડતી હોય તેમ સર્વ આર્યજાતિએ 'મિત્રાર્ય' નામને અપનાવી લીધું.

કાળ વહેતો જ રહે છે. અને પ્રજા તો સ્થિતિચુસ્ત છે. શુદ્રજાતિ એજ લઘુગ્રંથીમાં ગુંચાઈ ગઈ. અને આર્યજાતિનો તુચ્છકાર એવોને એવોજ ઉપસી આવ્યો. સર્વ સ્વપ્નાં આળસી ગયાં. ન વિસરાઈ એ બલિદાનની અમરગાથા! ન ભુલાયું એ મિત્રાર્ય નામ અને તેનું માન ગૌરવ!

લોકભાષાને ટેરવે ફરી ફરીને નવાંરૂપ એ ધરી રહ્યું. 'મિત્રાર્ય'માંથી મેતાર્ય મેતારજ-મેઅજ. અને આજનું મેતર કોઈપણ શુદ્ર અંત્યજ હરીજનને 'મેતર'નું સંબોધન કરો, એ ગૌરવને માન અનુસરશે. વળી એક નવું પ્રભાત ઉગડયું, અંત્યજોદ્ધારના કાર્યમાં પુ. ગાંધીજીએ 'હરીજન' શબ્દનું પ્રદાન કર્યું કચડાતી પીડાતી જાતિને નવું ગૌરવપ્રદ નામ મળ્યું.

જય હો યુગે યુગે દીનહીન જાતિની ખબર લેનાર યુગ પ્રવર્તકોનો! જય મહાવીર

# શ્રી ચતુર્વિધ સંઘને નમ્ર વિનંતિ

## શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ—પાલીતાણા (સૌરાષ્ટ્ર)

રજીસ્ટર નં. A ૨૩૬૧ (બોમ્બે)

## સૌરાષ્ટ્રમાં બહેનો માટેની એક જીવંત સંસ્થા

સૌરાષ્ટ્રમાં કેટલીકએક જીવંત સંસ્થાઓ આજ પણ મહામહેનતે ટકી રહી છે. એવી સંસ્થાઓમાં પાલીતાણા ખાતે આવેલ શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ નામની સંસ્થા મોખરે આવે છે.

સારાયે ભારતવર્ષમાં જૈન બહેનોના વિકાસની મંગળરેખા દોરતી આ એક જ સંસ્થા છે.

આ સંસ્થાની સ્થાપના સંવત ૧૯૮૦ ના વૈશાખ શુદિ ત્રીજના દિવસે પાંચ બહેનોની નાનકડી એવી સંખ્યા, નાનકડા એવા ભાડુતી મકાનમાં, થોડા એવા ભંડોળથી શરૂ કરવામાં આવી હતી. ભરતી અને ઓટના અનુંભવો કરતી આજે ૯૫ જેટલી નાની-મોટી બહેનોને સંસ્થામાં આશ્રય આપી શિક્ષણ-સંસ્કાર આપી રહી છે, અને નાનું પણ હવા-પ્રકાશવાળું મકાન સંસ્થાની માલીકીનું બંધાવી શકી છે.

સંસ્થામાં જૈન સમાજની વિધવા, ત્યક્તા, કુમારિકા બહેનોને રહેવાની, ખાનપાનની, ધાર્મિક તેનજ વ્યાવહારિક શિક્ષણની, ભરત-ગુંથણ ને સંગીતની, શાળાંતના અભ્યાસની, S. S. C.ના અભ્યાસની, સીલાઇકામના ડીપ્લોમા કોર્સની, હિંદી તથા સંસ્કૃતના અભ્યાસની, એમ દરેક પ્રકારની સગવડતા સંસ્થા આપે છે. વિધવા તથા ત્યક્તા બહેનો માટે સંસ્થાએ નિયત કરેલ પાંચ વર્ષનો કોર્સ પૂરો થયે આ બહેનોને આ સંસ્થા ધાર્મિક પાઠશાળામાં શિક્ષિકા તરીકે નોકરી ઉપર ચડાવી આપે છે. આવી અનેક બહેનો આજે ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ ને મારવાડમાં ધાર્મિક પાઠશાળાઓ ચલાવી રહી છે ને સ્વમાનપૂર્વક સુખે જીવન જીવી રહી છે. કેટલીએક બહેનોએ ભાગવતી પ્રવ્રજ્યા અંગીકાર કરી આત્મકલ્યાણ સાધ્યું છે અને કુમારીકા બહેનો શિક્ષણ-સંસ્કાર મેળવી સુખી ગૃહિણીઓ બની છે. આજ સુધીમાં પાંચસો ઉપરાંત બહેનોએ સંસ્થામાં રહી શિક્ષણ-સંસ્કાર મેળવ્યા છે.

સંસારમાં રચ્યા-પચ્યા રહીને જીવન જીવી શકાય એવો અભ્યાસ કરાવનાર સંસ્થાઓનો આજે દેશમાં તોટો નથી; પણ માનવ જીવનને સફલ બનાવી શકે એવા ધાર્મિક સાંસ્કારિક અભ્યાસને માધ્યમ તરીકે રાખી કામ કરતી સંસ્થાઓ ગણી ગાંઠી હોય છે. જેમાંની એક સંસ્થા છે.

ખરેખર આ સંસ્થા સધવા બહેનોનું સંસ્કાર ધામ, વિધવા બહેનોનો વિસામો, નિરાધાર બહેનોનો જીવન આધાર, અજ્ઞાન બહેનોનો જ્ઞાનપ્રદીપ, દુઃખી બહેનોનું સુખ-શાંતિધામ, અને જ્ઞાનનું પવિત્ર ઝરણું છે અને આ સંસ્થા ચાળીશ વર્ષોથી સમાજની યથાશક્તિ સેવા કરી રહી છે.

દુઃખી, નિરાધાર, અજ્ઞાન, બળીજળી, ત્યક્તા, વિધવા જૈન બહેનોને આત્મઘાતમાંથી બચાવી શીળી છાંયડી, શાંતિ, સંતોષ, સંસ્કાર, શિક્ષણ આપવાનું પુણ્ય કાર્ય કરે છે. શક્તિશાળી જૈનસમાજ સ્રીવિકાસના ઉત્કર્ષ માટે કટિબદ્ધ કયારે બનશે? સમાજના ભાઇ-બહેનો આ શ્રાવિકાશ્રમના સમુદ્ધારમાં સેવાની સૌરભ પ્રસરાવો.

ભીષણ મોંઘવારી છે, શિક્ષણના નવા નવા વર્ગો ખોલતા રહીએ છીએ, વળી મકાન એટલું નાનું છે કે બહેનોની સંખ્યા વધી હોવાથી તાત્કાલિક નવું મકાન બંધાવવુ પડે તેમ છે. અને તે માટે જમીનનો એક વિશાળ પ્લોટ ખરીદવામાં આવ્યો છે અને સં. ૨૦૧૦ ના અષાઢ વદી

૧ બુધવાર તા. ૨૯-૭-૬૨ના રોજ નવા મકાનની શિલારોપણ વિધિ ભાવનગરનિવાસી શેઠ શ્રી ભોગીલાલભાઇ મગનલાલભાઇના પુત્રવધૂ અ. સૌ. મધુકાન્તાબહેનના શુભહસ્તે કરવામાં આવ્યો છે અને નવા મકાનની વિગતવાર સ્કીમ હવે પછી સમાજ સમક્ષ રજુ કરીશું જેથી દાનવીરો પોતાનો ફાળો નોંધાવી શકશે. ચાલુ ૭૦ જેટલી બહેનોની અરજીઓ દુખાતે હૈયે નામંજુર કરવી પડી છે, એટલે મકાનનો પ્રશ્ન એકાદ વર્ષમાં ઉકેલવો પડશે. તો દાનવીરો પોતાની શક્તિ ગોપવ્યા સિવાય આ પવિત્ર દિવસોમાં છુટે હાથે દાન આપે અને મકાનનો પ્રશ્ન ઉકેલી આપે અને કાર્યકરોની ૨૦૦-૨૫૦ બહેનોથી સંસ્થાને ગુંજતી કરવાની ભાવના છે તે ભાવના પાર પાડો.

જૈનસમાજ એ દાનશૂરો સમાજ છે, સાધર્મિકભક્તિ તેની નસેનસમાં ભરી પડી છે. ધર્મ, સાહિત્ય, કળા અને સાધર્મિક ભાઇ-બહેનોના કલ્યાણ માટે લાખોનાં દાન એ જૈનસમાજની વિશિષ્ટતા છે. ૬૨ વર્ષે ધર્મકાર્યોમાં, ઉત્સવોમાં, દહેરાસરોમાં, સંઘજમણોમાં, વિદ્યાલયોમાં લાખોનાં દાન અપનાર દાનવીરો જૈનસમાજની સારાયે ભારતવર્ષમાં આવી સ્ત્રીવિકાસની વિશ્રાંતિધામ સમી સંસ્થાને પોષી પગભર કરશે તેવી શ્રદ્ધા સાથે સંસ્થાને વિકસાવી રહ્યા છીએ.

સંસ્થામાં આવતી બહેનો દુઃખી છે, નિઃસહાય છે, ગરીબ છે, અનાથ છે, તે દૃષ્ટિએ દાન આપશો નહીં પણ જૈનધર્મને માનનાર શ્રી વીતરાગ ભગવંતની આજ્ઞાને માનનાર, એકએક ભાઈ-બહેન આ આપણી સાધર્મિક બહેનો છે તે હક્કની રૂઇએ ફરજ તરીકે 'ફુલ નહીં તો ફુલની પાંખડી' મોકલી સંસ્થાના કાર્યને વેગ આપશો.

ભીષણ મોંઘવારી અને સંખ્યાનું પ્રમાણ વધતાં વાર્ષિક ખર્ચ રૂા. ૩૭૦૦૦) સાડત્રીસ હજાર જેટલો થવા જાય છે. આ ખર્ચને પહોંચી વળવા આપના સાથ અને સહકારની જરૂર છે.

આફ્રિકામાં વસતા આપણા ભાઇ-બહેનો આ સંસ્થાને હંમેશાં સહકાર આપતા આવ્યા છે તેથી સંસ્થાને પ્રગતિને માર્ગે લઇ જઇ શકયા છીએ તો સંસ્થા માટે નવું મકાન બંધાવવાના કાર્યમાં સારો એવો સહકાર આપે અને કાર્યકરોને ચિંતામુક્ત કરે તેવી નમ્ર વિનંતિ કરીએ છીએ.

પૂજ્યપાદ આચાર્ય ભગવંતો, પૂજ્ય મુનિમહારાજો, પૂજ્ય સાધ્વીજી મહારાજો વિહાર દરમ્યાન સદુપદેશદ્વારા આ સંસ્થાને મદદ મળે તેમ કરવા કૃપા કરશોજી.

શ્રી ગામોગામના સંઘ, સંઘના આગેવાનો, કેળવણીપ્રિય સજ્જનો, દાનવીરો, ટ્રસ્ટફંડના ટ્રસ્ટીસાહેબો, અને દેશ-વિદેશમાં આપણા ભાઇ-બહેનોને આ મંગલ દિવસોમાં સંસ્થાને યાદ કરી સારી એવી મદદ મોકલવા નમ્ર અપીલ કરીએ છીએ.

જૈન શાસન જયવંતુ વર્તો.

: મદદ મોકલવાના સ્થળો :

(૧) શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ
પાલીતાણા ( સૌરાષ્ટ્ર )

—હેડ ઓફીસ—

(૨) શેઠ જીવતલાલ પરતાપશી
૯૭, સ્ટોક એક્ષ્ચેન્જ બિલ્ડીંગ,
એપોલો સ્ટ્રીટ, કોટ, મુંબઇ નં. ૧

લિ૦ ભવદીય,

| | |
|---|---|
| શ્રી માણેકલાલ ચુનીલાલ જે.પી. | પ્રમુખ |
| શ્રી જીવતલાલ પ્રતાપશી | ઉપ-પ્રમુખ |
| શ્રી જયંતિલાલ રતનચંદ શાહ | સેક્રેટરી |
| શ્રી જેઠાલાલ ચુનીલાલ ઘીવાળા | ,, |
| શ્રી ચંદુલાલ ટી. શાહ | ,, |

# દિવ્ય દિવસ

મફતલાલ સંઘવી

શ્રી જિનેશ્વરદેવનો ભક્ત, જગતના બધા જીવોનો મિત્ર જ હોય.

દેહને હૃદય સાથે છે, તેવો જ સંબંધ જિનભક્તિને જીવમૈત્રી સાથે છે.

ભક્તિ હૃદયને સ્પર્શે એટલે ત્યાં મૈત્રીનું મંગલમય વાતાવરણ જરૂર નિર્માણ થાય.

ભક્તિ, રાગનો ક્ષય કરે છે.
મૈત્રી, દ્વેષનો અંત આણે છે.

શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુનો જન્મ કલ્યાણક દિવસ એટલે ત્રણ જગતના બધા જીવોના કલ્યાણની ભાવનાને આચારમાં વણીને જીવનને સુવાસિત બનાવવાનો ધન્ય અવસર !

'શ્રમણ ભગવાનના અમે અનુયાયીઓ છીએ,' એ સત્યની પ્રતિષ્ઠા આપણે એક નિષ્ઠાપૂર્વક આપણા હૃદય-રૂપી મંદિરમાં કરી શક્યા છીએ કે કેમ તેનું કડક નિરીક્ષણ આજના દિવ્ય દિવસે આપણે કરવું જોઈએ; કારણ કે આપણો જીવન પ્રવાહ જે ગતિપૂર્વક આજે પ્રગતિ કરતો બતાવાય છે, તેમાં પ્રગતિના લક્ષણસ્વરૂપ જે પાવિત્ર્ય, તે જ ધૃતિ, ઔદાર્ય અને ગાંભીર્ય કળાવાં જોઈએ તેનો મહદંશે અભાવ વર્તાય છે.

થતી દેખાતી ક્રિયા વડે 'સબ સલામત'નો આત્મ-સંતોષ આપણને ખૂબ જ મોંઘો પડી જશે એટલું જ નહિ, પરંતુ ઇતિહાસ આપણા માટે અતિ આકરા વિશેષણો વાપરશે અને આપણને **"મહાપ્રતાપી પૂર્વજોના અતિવામણા વારસદારો"** તરીકે સંબોધતાં જરા પણ નહિ અચકાય.

પ્રભુજી જગનાથ અને જગબંધુ અને આપણે ?

ઘટી-ઘટીને થોડાક લાખે પહોંચ્યા અને તેમાંય વળી જુદા-જુદા ફીરકાની હિમાયત કરવા જેટલી માનસિક કંગાલિયત ચોમેર નજરે પડે.

સંખ્યાની જેમ તત્ત્વની બાબતમાં પણ શ્રમણ ભગવાનના સમયથી આજ સુધી એક ધારો ઘસારો આપણે ત્યાં આપણામાં સ્પષ્ટપણે વર્તાય છે.

પિતાનું વસ્ત્ર બાળકને બંધબેસતું ન થયું, એટલે તેણે તે વસ્ત્રને મનફાવતી રીતે કાપી કૂપીને પોતાના શરીર ઉપર ધારણ કર્યું અને પૂછનારને તે એવો જવાબ આપવા લાગ્યો કે, 'આ તો મારું છે.' એના જેવો જ ઘાટ તત્ત્વના માર્મિક સ્વરૂપને હાસ્યભૂત બનાવવામાં આપણે ત્યાં થયો છે.

**સર્વના વિચારથી ધર્મનો પ્રારંભ અને એકના ધર્મથી સર્વને લાભ,** એ ધર્મરહસ્ય વડે ચિત્તને વાસિત કરવાની વાત તો દૂર રહી, પરંતુ તેનો સ્વીકાર કરવા જેટલી માનસિક તૈયારી પણ ન દેખાય ત્યારે કોઈ પણ વિવેકી પુરુષ આપણને એમ કહેવા માટે પ્રેરાય કે તમારી જાગૃતિ કઈ પ્રકારની છે ? તમારું તત્ત્વચિંતન કયા ઢાળમાં ઢળી રહ્યું છે ? પ્રભુજીના ઉપદેશ સાથે આપણાં મન-હૃદયને આજે કેટલો સંબંધ છે, તેનો વિચાર કરતાં માથું શરમથી નમી જાય છે.

આત્મહિતચિંતા ઉપર આપણે ભાર મૂકતા હોવા છતાં આત્મતત્ત્વની અપેક્ષાએ તુલ્ય એવા જગતના સર્વ જીવોના હિતની ચિંતાનો વિચાર ઝીલવાની બાબતમાં અધિક ઉલ્લાસ અનુભવવાને બદલે માનસિક ખેંચ અનુભવીએ છીએ તે શું સૂચવે છે ?

નિશ્ચય અને વ્યવહાર વચ્ચેની આપણી સંગતિ દિનપ્રતિદિન કેટલી અસંગત બનતી જાય છે તેનો વિચાર સુદ્ધાં આપણે ત્યાં મોટે ભાગે બીનજરૂરી લેખાવા લાગ્યો છે. નિશ્ચયરૂપી અશ્વને આગળ રાખીને, વ્યવહારરૂપી રથ તેની સાથે જોડવો જોઈએ, જ્યારે આજે તો ઠેર-ઠેર અવળો ક્રમ કળાય છે, એટલે કે રથ આગળ અને અશ્વ પાછળ. અને શ્રી જિનરાજના અનુયાયીઓમાં ખાસ કળાવી જોઈએ એ આધ્યાત્મિક ખુમારી તો આપણા માટે સ્વપ્નવત્ બનતી જાય છે.

'ભગવાનના નામનું ભલે ગમે તે થાય, પરંતુ અમારાં નામ અમર થવાં જોઈએ' એવો આશય આજની આપણી સામાજિક તેમજ ધાર્મિક પ્રવૃત્તિઓના કેન્દ્રમાં આપણને અનેકવાર ઝળહળતો દેખાય છે.

ભાવપૂર્વક ભગવાનનું સ્મરણ કરવાથી, સ્મરણ કરનારનું હૈયું ત્રિભુવન હિતચિંતા વડે ભીંજાય, જ્યારે આપણે ત્યાં તે ભગવાનના સ્મરણ પૂર્વે જ કોઇને કોઈ ઐહિક યા પારલૌકિક ખ્યાલ કાંટાની માફક મનની ભોમકામાં એકાએક ઊગી નીકળતો હોય છે.

ભગવાન પરમ મહાતાર છે એ સત્ય આપણે ત્યાં વિસારે પડતું જાય છે, અને તેના સ્થાને અણછાજતો અહં દાખલ થતો જાય છે.

આપણે એટલા તો બેહાદુ બનતા જઇએ છીએ કે કોઈ જાગૃત આત્મા આપણને ઊભા થયાની વાત કરે છે, તો પણ આપણે છેડાઈ પડીએ છીએ અને તે આત્માને હડધૂત કરતાં આપણે જરા પણ અચકાતા નથી.

ઉપકારી મહાત્માઓએ છ એ દર્શનોનો જૈન દર્શનમાં સમાવતાર કરી આપ્યો અને ષડ્દર્શન જિન અંગ ભણી જે, તેમ સ્પષ્ટપણે ઉચ્ચાર્યું, જ્યારે આપણી આજની બંધિયાર હાલતને તત્ત્વના પ્રકાશ કરતાં વધુ માફક—અવિદ્યાનો અંધકાર—આવતો હોય એવું ઘણીવાર જોવા તેમજ અનુભવવા મળે છે.

નવો જણાતો પણ સાચો હોય તે વિચાર ઝીલવાનો અદમ્ય ઉત્સાહ પ્રગતિમાં સહાયભૂત થાય છે અને તે વિચારનું ખંડન, જડરાગનું પ્રતિપાદન કરે છે, તેમજ આપણા વિકાસમાં અંતરાયભૂત નીવડે છે.

આપણી પ્રત્યેક ધર્મક્રિયાના કેન્દ્રમાં શ્રી તીર્થંકર પરમાત્મા બિરાજતા હોય છે; તેમ છતાં તે ક્રિયા સાથેના જોડાણ સમયે, શ્રી તીર્થંકર પરમાત્માના સર્વ જીવહિતકર ભાવ સાથેના જોડાણ માટેનો નહિવત્ ઉત્સાહ તેમજ તાલાવેલી આપણે ત્યાં દગગોચર થાય છે.

મત–ભેદ, મન–ભેદ સુધી પહોંચે, અને તેમ છતાં તેનો જે પ્રત્યાઘાત શાણા પુરુષના હૃદયમાં પડતો હોય છે તે પણ ન અનુભવવા મળે ત્યારે એમ જ માનવું પડે કે આપણા ભીતરમાં ભક્તિનો ભેજ લાગ્યો નથી. ભક્તિ આર્દ્રતાને વધારે છે, આર્દ્રતા અલગતામાં એકતાનું નવનિર્માણ કરે છે. અને એવી એકતામાંથી


શ્રી શત્રુંજય તીર્થાધિરાજની પવિત્ર ભૂમિમાં દાન તથા પૂન્ય

કરવાનું અપૂર્વ ક્ષેત્ર

## શ્રી ગૌરક્ષા સંસ્થા—પાલીતાણા

સંસ્થામાં અપંગ, અશક્ત, તથા પાકડ ગાયો, વાછડા, વાછડી વગેરેને સુકાળ તેમજ દુષ્કાળ જેવા સમયમાં બચાવી પાલન કરી રક્ષણ કરવામાં આવે છે. હાલમાં દોઢસો ઉપરાંત જાનવરો છે. પાણીના બન્ને અવેડા ભરવામાં આવે છે. ગૌરક્ષા, દુગ્ધાલય, ખેતીવિભાગ, ઢોરઉછેરની પ્રવૃત્તિઓ ચાલુ છે. આ સઘળા ખર્ચને પહોંચી વળવાનું ઘણું મુશ્કેલ છે. કુદરતી આફતો તથા દુષ્કાળ વખતે ખર્ચ થતાં સંસ્થાને નાણાંની ખૂબજ મૂંઝવણ રહે છે. તો સર્વે મુનિ મહારાજ સાહેબોને, દરેક ગામના શ્રી સંઘને, દયાળુ દાનવીરોને તથા ગૌપ્રેમીઓને મૂંગાપ્રાણીઓના નિભાવ માટે મદદ મોકલવા વિનંતિ છે. સંસ્થા તરફથી બહાર દેશાવરમાં ઉપદેશકોને મોકલવામાં આવ્યા છે. તો તેમને સહાય કરવા વિનંતિ.

રમણીકલાલ ગોપાળજી કપાસી

ગૌરક્ષા સંસ્થા — જીવરાજ કરમસી શાહ

પાલીતાણા — માનદ્ મંત્રીઓ

જીવદયાના કાર્યમાં સહાય કરી મહાન પૂન્ય મેળવો.

જ સાચી પ્રતિકાર પ્રતિભા વાતાવરણમાં સુસંવાદિતા ફેલાવે છે.

મહોત્સવો આવશ્યક તેમજ અનુમોદનીય છે; તેમ છતાં સમાજની તત્કાલીન આર્થિક સ્થિતિ સાથે તેને આપણે સુસંગત બનાવવા જોઇએ. આપણી આધ્યાત્મિક ખુમારી અને આર્થિક સુસદ્ધરતાનો બુલંદ પ્રતિઘોષ આપણા મહોત્સવોના આંતર-બાહ્ય શરીર સ્વરૂપ બનવો જોઈએ.

'મારો સ્વામીબંધુ સીદાય એ મને કોઈ પણ રીતે ન પોષાય' એટલું તો દરેક જૈનબંધુના મન-હૃદયમાં બરાબર ઘુંટાવું જોઇએ. પોતાના સ્વામીબંધુના દુઃખનું સંવેદન ઝીલવા જેટલી પણ દયા જેના દિલમાં ન ઉગી હોય તે જૈન નહિ, પણ જન-સાધારણ માંડ ગણાય-ગણાવો જોઈએ. દયાના સાગર સરખા શ્રમણ-ભગવાનને દિલ દઈને પૂજનારા દિલમાં જો પોતાના ધર્મબંધુ માટે પણ પૂરેપૂરો સદ્ભાવ ન હોય તો એ ભાઈ, દયાનું પાલન કરવાની આંતરિક ક્ષમતા કઈ રીતે પ્રકટાવી શકશે?

શ્રમણ ભગવાનનો જન્મકલ્યાણ દિવસ એટલે દિવ્ય દિવસ! એ દિવ્ય દિવસના અજવાળે આપણે સહુ આપણા આંતર-ગ્રન્થના બંધ પાનાં ખોલીને વાંચવાને પ્રચંડ પુરુષાર્થ આદરીએ!

સંખ્યા, સત્ત્વ અને સાધના એ ત્રણેય બાબતમાં ઉત્તરોત્તર થતા જતા આપણા હ્રાસનાં મુખ્ય કારણો શોધવામાં જરા પણ પ્રમાદ સેવીશું તો આવતી કાલ આપણા માટે વધુ ભારરૂપ નીવડશે.

તે ભારરૂપ નીવડવાના વિધાનનું રહસ્ય એ છે કે, નિસર્ગ વ્યક્તિ તેમજ સમુદાયને સન્માર્ગમાં આગળ વધારવામાં એ પ્રકારના વિવિધ માર્ગો અખત્યાર કરતી હોય છે.

દિવ્ય દિવસના પ્રકાશ વડે આપણું મન પવિત્ર બનો! આપણું હૃદય વિશાળ બનો! આપણું જીવન ભવ્ય બનો! આપણી ભાવનામાં દેવાધિદેવની કલ્યાણકર કરુણાનાં કિરણ અવતરો! અને આ અણુમાં નવા જીવનની ઉષ્મા-પ્રભા સંચરો!

શ્રમણભગવાનનો વિચાર કરતાંની સાથે જ જેમનાં હૈયાં હર્ષઘેલાં બની જાય છે, એવા મહાસંતો આજે પણ આપણી આ પુણ્યભૂમિ ઉપર વિદ્યમાન છે.

તેમની સેવાભક્તિ દ્વારા પ્રભુસેવા અને વિશ્વ-વાત્સલ્યની પાત્રતા આપણામાં પ્રકટાવવા માટે આપણે કટિબદ્ધ થવું જોઈએ.

શ્રમણભગવાનના શાસનની ત્રિલોકવ્યાપી પ્રતિભાના સાચા વારસદાર તરીકેની સઘળી ફરજો બજાવવાનું સામર્થ્ય સકળ શ્રી સંઘમાં જાગો એવી આજના દિવ્ય દિવસે શ્રમણ ભગવાનને મારી અંતઃકરણપૂર્વકની પ્રાર્થના છે.


## STATE BANK OF SAURASHTRA

[ Subsidiary of the State Bank of India ]

HEAD OFFICE, BHAVNAGAR.

Paid-up Capital.........Rs. 1 Crore.

Reserve Fund......Rs. 60,00,000

Working Funds exceed...Rs. 18 Crores.

The Banks Branches and offices numbering 69 are spread over various rural and urban centres in Saurashtra and in Bombay at Narsi Natha Street, Mandvi. The Bank transacts all types of Banking business including deposits, advances to business and to Small Scale Industries, Foreige, Exchang, issue of Drafts, M.Ts., T.Ts., Hundies etc. The public are requested to avail of the facilities.

R. L. SOPARIWALA,
General Manager.

# પત્ર પેટી

વાચકોની સ્વતંત્ર વિચારસૃષ્ટિ

## જૈન સમાજ તક ન ચૂકે

જાણીતા ઉદ્યોગપતિ જૈન અગ્રેસર અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના અધ્યક્ષ શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈએ ભારતવર્ષના મૂર્તિપુજક જૈનોના ૫૦૦ જેટલા પ્રતિનિધિઓની એક બેઠક તા. ૧૩-૧૪ એપ્રીલના દિવસોમાં અત્રે બોલાવી છે.

શેઠશ્રી કસ્તુરભાઈનો આશય સંઘમાં ઐક્યતા સ્થાપવા અને સાધુ સંસ્થામાં જે શિથિલાચાર છે તે દૂર કરી પવિત્ર શ્રમણ સંસ્થા પ્રત્યેનો સમાજનો આદરભાવ વૃદ્ધિ પામે, એ છે. આ પ્રસંગને જૈનો વધાવી લઈ આવી ભાગ્યેજ મળતી તકનો સદ્‌ઉપયોગ કરવાનું ન ચુકે.

(૧) તિથિચર્ચા અંગે એક નિર્ણય પર આવી સમાજમાં આચરણાની ઐકયતા સ્થાપવી.

(૨) જે યત્કિંચિત શિથિલાચાર હોય તે અંગે બહાર અવાજ ન આવે એમ સક્રિય કાર્યવાહી, વગદાર કમિટિ તે માટે નીમીને શરૂ કરવી અને જે તે આચાર્યોની મુલાકાત લઈ એ અંગે યોગ્ય પગલાં લેવા.

(૩) જ્યાં જ્યાં ધર્માદા સંસ્થાઓની લક્ષ્મી અન્યત્ર રોકાયેલી હોય તે અને હવે પછી એકત્ર થનાર લક્ષ્મીમાંથી સાધુસાધ્વીની વૈયાવચ્ચની વ્યવસ્થા અને મધ્યમવર્ગના જૈનો માટે સસ્તા ભાડાની ચાલીઓ તેમજ નિ:સહાય વિધવા બ્હેનોને મદદ કરવાની કાયમી યોજના જરૂર વિચારે. એજ વિનંતિ. લી. સેવક

અમદાવાદ, તા. ૨૫-૩-૬૩. ભગવાનજી કપાસી

# શ્રી તપાગચ્છ જૈન સંઘને નમ્ર નિવેદન

ઘણા સમયથી તપગચ્છમાં ધર્મ સંબંધી વૈમનસ્ય ચાલે છે તે તપાગચ્છ જૈન ભાઈ-બ્હેનોને વિદીત છે. આ વૈમનસ્ય કયાં સુધી ચાલશે? ઘણા આચાર્યો તેમજ જૈન સમાજના અગ્રગણ્યો સ્વર્ગે સીધાવ્યા; પણ વૈમનસ્ય સાથે લઈ ગયા. અમદાવાદના પરાંગણામાં સાધુ સંમેલન થયા, પણ કોઈ જાતનો નીકાલ લાવી શકયા નહીં. મારવાડમાં કહેવત છે કે 'ત્રણ વીસી આપુ પણ સાઈઠ નહીં આપું' આ ઝગડો તેવાનો છે. નાની સરખી વાત છે.

તીથી ઝગડામાં સાધુ મુનિરાજો અંદરના ઉર્ષાળુ સ્વભાવથી કંઈ કરી શકયા નથી. બંન્ને પક્ષના સાધુ મુનિરાજોએ તો તપાગચ્છ જૈન સમાજમા ઘણો જ વૈમનસ્ય ફેલાવ્યો છે. ગામોગામ તેમ જ ઘરઘરમાં ઝગડાનો ફેલાવો થયો છે. ઘરબાર છોડી આ ચારિત્ર અંગીકાર કરેલ છે તો આવા વૈમનસ્ય ફેલાવી તરી જાય તેમ લાગતુ નથી. ચોખ્ખું દેખાય છે કે ગુરૂવર્યો કંઈ કરી શકે તેમ નથી. તેઓ તા ૧૩-૧૪ એપ્રીલ પહેલાં તિથીનો ઝગડો એક મત થઈ નાબુદ કરવાની તક ચુકશે તો આ તો જૈન સમાજના સકળ સંઘના આગેવાનો તેમ જ જૈન સમાજના લાડીલા શેઠ શ્રી કસ્તુરભાઈ તે તારીખોમાં શ્રી જૈન સંઘ જે તિથી નિર્ણય કરશે તે મુજબ વર્તવાનું છે. આપણે બધાં એકત્ર મળી તિર્થંકર ભગવાનના સમક્ષ નીર્ણય કરીશું. પછી તો સાધુ સાધ્વી તેમ જ સકળ સંઘને માનવું જ પડશે. તિર્થંકર મહારાજથી કોઈ મોટું નથી. સમાજમાં સંગઠનની ખાસ જરૂર છે. સમય આપણા માટે બહુ જ કપરો છે તો સાધુ સાધ્વી તેમ જ ગામેગામના તપાગચ્છ જૈન સંઘને મારી આ નમ્ર વિનતિ છે. સંઘ સેવક

કેસરીમલ હીરાચંદ સંઘવી-વડોદરા

**હીરક મહોત્સવ વિશેષાંકની સફળતા એટલે આપનો સહકાર**
**આપની શુભેચ્છારૂપ જાહેર ખબર પાઠવો.**

# सिद्धान्त के अनुयायियों को

लेखक :-पूज्य पंन्यासजी महाराज श्री कल्याणविजयजी गणि

તિથિચર્ચાનો પ્રશ્ન તપગચ્છ સંઘમાં ઉકળતા ચરુ જેવો અશાંતિકર બની ગયો છે; અને આ માટે અનેકવાર નાના મોટા અનેક પ્રયત્નો કરવામાં આવ્યા, પણ એમાં સફળતા મળી શકી નથી.

પૂ. પં. શ્રી કલ્યાણવિજયજી ગણિ જૈન શાસ્ત્રો અને ઇતિહાસના ઉંડા અભ્યાસી અને મર્મજ્ઞ વિદ્વાન છે. પર્વતિથિની નવી માન્યતાના પ્રવર્તન અને સમર્થનમાં એમનો કેટલો બધો હિસ્સો છે, એ જાણીતું છે. આમ છતાં તેઓ સમસ્ત શ્રી સંઘના કલ્યાણવાંછુ અને હિતચિંતક સહૃદય સાધુપુરૂષ છે.

પર્વતિથિના ઉકેલમાં જેઓ વારંવાર શાસ્ત્રાધારના નામે અવરોધો ઉભા કરે છે, તેઓને પોતાનો એ આગ્રહ પડતો મૂકવામાં, તેમજ એ ચર્ચાનો નિકાલ લાવીને તપગચ્છ સંઘમાં શાંતિ અને એકતા સ્થપાય એ માટે સહૃદયતા પૂર્વક વિચારણા કરવામાં ઉપયોગી થાય એવી કેટલીક સામગ્રી પૂ. પંન્યાસજી મહારાજે પોતાના આ લેખમાં આપી છે. આ સામગ્રી આપણને શ્રી સંઘની એકતા અને શાંતિની દિશામાં વિચાર અને પ્રયત્ન કરવા પ્રેરે, એવી ભાવના સાથે આ લેખ અહીં પ્રગટ કરીએ છીએ; અને અણીને વખતે આવો ઉપકારક લેખ લખી મોકલવા બદલ મહારાજશ્રીનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

—તંત્રી

आज से १० दिवस पर एक श्रावक एक आचार्य महाराज का पत्र लेकर हमारे पास आया और पत्र हमारे हाथ में देकर बोला–पूज्य श्री....महाराजने इसमें लिखी हुई बातों के खुलासे मंगाए हैं, इसलिये आप खुलासे लिखने की कृपा करें अथवा आप कहें वैसे मैं लिख लूं।

पत्र पढकर हमने आनेवाले सद्गृहस्थ को कहा–"हम इसका उत्तर लिखना, अथवा लिखवाना नहीं चाहते" आनेवाले भाई को कुछ भी उत्तर नहीं मिलने से आया वैसा वापस चला गया।

चार पांच दिन के बाद हमने फिर उस पत्र को पढा, उसमें खास प्रश्न निम्न लिखित थे–

(१) "आज तिथि पक्ष मिटकर संघ में ऐक्य होने के संयोग दिखते हैं, परन्तु पट्टक के जरिये; विजय....सूरिजी कहते हैं सिद्धान्त को छोडकर पट्टक किया नहीं जाता।"

(२) "अपने इतिहास में क्या ऐसे उदाहरण मिलते हैं, जिनमें सिद्धान्त या शास्त्र से विरुद्ध बात का भी पट्टक करने की बात हो, अगर हो तो ऐसा कब बना और किस विषय पर बना।"

(३) "सिद्धान्त अथवा शास्त्र से विरुद्ध कोन कोन सी आचरणाएं अपने पूर्वाचार्यों ने की और कब की।"

(४) "आज से पहले बने हुए ऐसे प्रसंग तुम्हारे ध्यान में हो तो उन्हें लिखभेजें।"

(५) "पट्टक करना पडे तो कैसे करना ठीक है? इसका मसौदा कैसा होना चाहिये।"

## उपर्युक्त प्रश्नों के उत्तर

(१) संघ में ऐक्य हो इसमें हम खुश हैं, जिनको सिद्धान्त अथवा दूसरे बहाने ऐक्य में न आना हो वे अपना रास्ता स्वयं खोज लें।

(२) सिद्धान्तविरुद्ध पट्टक अथवा आचरणाएं होने के अपने इतिहास में सैंकडों उदाहरण हैं जिनमें से कुछ आगे जाकर लिखेंगे।

(३) शास्त्र के विरुद्ध अनेक आचरणाएं अपने धर्ममार्ग में हुई हैं, जिनके दृष्टान्त आगे जाकर पढ़ेंगे"

(४) इस प्रकार के सैंकडो उदाहरण बने हैं, परन्तु उन सबको लिखने से एक ग्रन्थ बन जायगा, इसलिये थोडे से दृष्टान्त आगे लिखे जांएगे।

(५) हमको पट्टक अथवा उनके मसौदे करने में रस नहीं है, जिनको ऐसी बातों में रस हो, वे स्वयं मसौदा करलें।

## अनागमिक आचरणाएं

(१) भद्रबाहुस्वामी के समय की वाचना में आगम लिखे गए तब केवलाअनुयोगधर को कालिक श्रुत का एक एक पुस्तक अपनी निश्रा में रखने का अधिकार दिया गया था। उसके सिवा अपनी निश्रा में पांच जात के पुस्तकों में से एक भी पुस्तक अपने पास रखने वाले साधु को प्रायश्चित्त लेना पडता था। आज आचार्य और सामान्य साधु भी अपने नाम से ज्ञानमन्दिर बनवाते हैं, यह बात आगम और आचरण दोनों से विरुद्ध है।

(२) विक्रम की चतुर्थ शती में जब मथुरा में आगम व्यवस्थित किये गए तब दशम अंग "प्रश्न-व्याकरण' का मूल विषय जो १०८ प्रकार के प्रश्न, अप्रश्न, प्रश्नाप्रश्न और अगुंष्ठ प्रश्न, आदर्श प्रश्न आदि प्रश्न विद्याओं के रुप में था, उसे बदलकर उस स्थान में पांच आश्रव, पांच संवरात्मक प्रश्न व्याकरण कायम किया। यह बात आगमानुसारिणी नहीं है पर समय विशेष को ध्यान में लेकर पूर्वाचार्यों द्वारा किया हुआ परिवर्तन है।

(३) पूर्वकाल में साधु को केवल एक पात्रक रखने का विधान था, परन्तु आर्यरक्षितसूरिजीने मूल पात्र से कुछ छोटा "मात्रक" नामक पात्रक चातुर्मास्य में रखने की आज्ञा दी थी, यह आचरण है, परन्तु आजकल एक-एक साधु तीन-तीन पात्र सदा काल रखता है, यह आगम और आचरण दोनों से विरुद्ध है।

(४) आर्यरक्षितसूरिजी के पहले प्रत्येक साधु एक-एक पात्र रखता था और गोचरी के टाइम में पात्र दाहिने हाथ में रखकर उपर पडले ढांकता था और पडलों का दूसरा छोर दाहिने कंधे पर डालता था, पर आर्यरक्षितसूरिजी के समय से गोचरी झोलीमें लाने का शुरु हुआ और भिक्षा लाने की प्राचीन पद्धति उठ गई आज की भिक्षाचर्या-पद्धति आगम और आचरण दोनों से जुदी पडती है।

(५) पूर्वकाल में साधु कल्प (वस्त्रकम्बल) ओढते न थे, गोचरी स्थण्डिलभूमि आदि कार्यार्थ उपाश्रय से बाहर जाते तब उपधि अन्य किसी साधु को भलाकर जाते, यदि कोई सम्भालने वाला न मिलता तो उसे अपने कन्धों पर रखकर साथ लेजाते थे, वर्तमान समय में वस्त्रादि ओढकर जाते हैं, यह आचरण है, शास्त्र नहीं।

(६) पूर्वकाल में जैन साधु लज्जानिवारणार्थ एक वस्त्र का टुकडा कमर के अगले भाग में लटकाते थे, जो "अग्रावतार" कहलाता था, परन्तु वर्तमान में अग्रावतार के स्थानपर "चोलपट्टक" बांधते हैं, जो अर्वाचीन रीति है।

(७) शास्त्र में भिक्षा, स्थण्डिलगमन, विहार आदि के लिए दिन का तीसरा प्रहर नियत है, परन्तु आजकल ये सबकाम दिवस के प्रथम प्रहर में ही होते हैं और विहार तो बहुधा रात्रि के चौथे प्रहर में होता है।

(८) पूर्वकाल में भिक्षाचर्यार्थ निकलते उसी वक्त उपयोग का कायोत्सर्ग करते थे, परन्तु अब

प्रथम स्वाध्याय कर उपयोग का कायोत्सर्ग करते हैं, यह आगमोक्त नहीं है।

(९) बाल, वृद्ध, ग्लान, तपस्वी आदि को छोडकर सामान्य रुप से सर्व साधुओं को दिन में एकबार भोजन करने का शास्त्रादेश है, परन्तु आजकल इस नियम को पालने वाला शायद ही कोई भाग्यशाली दृष्टिगोचर होता है, अधिकांश को तो भोजन के लिये दो और तीन टाइम भी कम प्रतीत होते हैं।

(१०) पूर्वकाल में प्रत्येक साधु अपने पास प्रतिदिन उपयोग में लेने के वस्त्र रखता था, मात्र आचार्य अपनी निश्रा में अधिक उपकरण रखते और गच्छ के कार्य में उनका उपयोग करते थे, तब आज सामान्य साधु भी कपडों की गठरी और पेटियां अपने अधिकार में रखते हैं और स्वेच्छानुसार उनका उपयोग करते हैं, यह सब अनागमिक प्रवृत्ति है।

(११) पूर्वकाल में वर्षाऋतु लगने के पहले साधु अपनी उपधिका काप काढते थे और जल न मिलने की हालत में पात्रानियोग तो अवश्य धोते, आज वर्ष में नहीं किन्तु मास में अनेक बार वस्त्र धोते हैं यह आगम और आचरण दोनों से विरुद्ध हैं।

(१२) शास्त्र में आहार १, पानी २, स्तुतिवचन ३, वस्त्रधावन ४ और ५ हाथपग साफ करने की छूट आचार्य को होती थी, जो आचार्य नहीं होता उसे उपर्युक्त अतिशेष भोगने की छूट नहीं होती थी, आज उक्त अतिशेषों का उपजीवन कौन नहीं करता?

(१३) साधु को नवकल्प और साध्वी को पंचकल्पविहार करने की शास्त्र में आज्ञा है और संयम की शुद्धि के लिये उक्त शास्त्राज्ञा का पालन करना चाहिये, परन्तु आज नवकल्प या पंचकल्प का नियम कोई नहीं पालता, जिनकी जैसी इच्छा होती है वे उसी प्रकार चलते हैं।

(१४) साधुओं को निष्कारण भ्रमण करने से प्रायश्चित्त लगता है ऐसा शास्त्रादेश है, तीर्थयात्रा निमित्तक भ्रमण को भी निष्कारण भ्रमण में माना है, परन्तु आजकल साधु साध्वियां तीर्थयात्रा के निमित्त सैंकडों कोशों का भ्रमण करते हैं, साथ में सहायक भी रखते हैं और अपवादों को सेवन करते हैं, यह सब आगम और आचरणाओं से विरुद्ध है।

(१५) शास्त्र में स्त्री पुरुष दोनों के लिए आठ वर्ष के ऊपर और ६० वर्ष के भीतर दीक्षा देने का विधान है, फिर भी तपागच्छ के आचार्यश्री विजयदेवसूरिजी महाराज ने अपने मर्यादापट्टक की ३३ वीं कलम में ३५ वर्ष से कम ऊमरवाली श्राविका को दीक्षा न देने का आदेश दिया था, जो देशकाल के अनुसार लाभदायी सिद्ध हुआ है और जिनजिन गच्छ के आचार्यों ने अपने गच्छ में ऐसा नियम नहीं बांधा उनके गच्छों में उलटा परिणाम आया, जिनको यह परिणाम देखना हो वे बीकानेर जाकर वहां की यतिनियों को देखें।

अपने इतिहास में अनागमिक आचरणाओं का इतिहास बहुत विस्तृत है, सच कहा जाय तो अपना आचारमार्ग, उपदेश पद्धति तथा साधु श्रावक का धर्ममार्ग आगमिकी मिटकर आचरणामय बनगया है और जैन मिटकर पौराणिक बन गया है, जैन गच्छों और सम्प्रदायों के बीच प्रति दिन जो अन्तर बढता जाता है इसका वास्तविक कारण भी अनागमिकता ही है।

पर्वतिथि के सम्बन्ध में सिद्धान्त की बातें करने वाले आचार्यों और उनके एजण्टोंको उपर्युक्त शास्त्राज्ञाविरुद्ध आचरणाओं पर विचार करना चाहिए, यदि वे ऐसा करेंगे तो उन्हें खरा मार्ग मिल सकेगा। तथास्तु।

जैन उपाश्रय, जालोर, (राजस्थान) चैत्र वदि ८ (गुजराती फाल्गुन वदि ८)

## યાદગાર પ્રભાવના

શ્રી જીવન-મણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટના સ્થાપક અને કલાત્મક મુદ્રણ માટે સુપ્રસિદ્ધ અમદાવાદની એમ. વાડીલાલ એન્ડ કંપનીના ભાગીદાર શ્રીયુત લાલભાઈ મણિલાલ શાહના સદ્‌ગત ધર્મપત્ની શ્રીમતી લીલાવતી બહેનની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે, એમના તરફથી, ફાગણ વદ સાતમને રવિવારના રોજ, બપોરના, શેઠ હઠીભાઈના દેરાસરમાં, શ્રી વીરવિજયજીમહારાજ કૃત બારવ્રતની પૂજા ભણાવવામાં આવી હતી.

આ પ્રસંગે જાણીતા સંગીતકાર શ્રી હીરાભાઈને બોલાવવામાં આવ્યા હતા; અને ભાવિક ભાઈઓ અને બહેનોએ ઘણી મોટી સંખ્યામાં હાજરી આપી હતી. પૂ. મુ. શ્રી પુણ્યવિજયજી મહારાજ આદિ પણ પધાર્યા હતા.

આ પ્રસંગના પુણ્ય સ્મરણરૂપે બધી પૂજાઓની દરેક કડીના અર્થ વિવેચન સાથે બારવ્રતની ખાસ પુસ્તિકા પ્રગટ કરવામાં આવી હતી. રંગબેરંગી છાપકામ અને અનેક સુશોભનો તેમજ પ્રસંગચિત્રોથી શોભતી આ પુસ્તિકા જોતાં જ મન હરી લે એવી આકર્ષક બની છે. એનું સંપાદન શ્રી જયભિખ્ખુએ કર્યું છે. પૂજાનો લાભ લેનાર સૌ ભાઈઓ બહેનોને આ નયનમનોહર અને ધર્મભાવનાથી ભરપૂર પુસ્તિકાની પ્રભાવના આપવામાં—કરવામાં આવી હતી. આવી ઉપયોગી અને સુંદર પ્રભાવના ચિરકાળ પર્યંત યાદગાર બની રહેશે.

**ઉદ્‌ઘાટન :** વીજાપુરમાં તા. ૧૬–૪–૬૩ ચૈત્ર વદિ ૭ મંગળવારે 'આ શ્રી બુદ્ધિસાગર અધ્યાત્મ હોલ'નું ઉદ્‌ઘાટન શેઠશ્રી કેશવલાલ લલ્લુભાઈના શુભ હસ્તે થશે. તે પ્રસંગે સ્વ. શ્રી લલ્લુભાઈ કરમચંદ તથા શ્રી પાદરાકરના તૈલચિત્રોનું અનાવરણ પણ યોજવામાં આવ્યું છે.

**કાળધર્મ પામ્યા:** આ. શ્રી લબ્ધિસૂરીના સમુદાયના મુનિશ્રી ચંદ્રસેનવિજયજી લગભગ ૬૫ વર્ષની ઉમરે તા. ૨૩–૩–૬૩ના કાળધર્મ પામ્યા છે. તેઓની સ્મશાન યાત્રામાં આજુબાજુના ગામોથી લોકો સારી સંખ્યામાં હાજર રહ્યા હતા. ચૈ. સુદ ૧ના આ અંગે પૂજા, પ્રભાવના થઈ હતી.

આનંદ, આરોગ્ય અને આરામ સાથે જીવન ઘડતરનો સોનેરી અવસર :

# આધ્યાત્મિક ગ્રીષ્મ શિબિર

આપણી ઊછરતી પેઢીને જ્ઞાન, ક્રિયા અને ધર્મ ચિંતનનો લાભ મળે અને અત્યારના વૈભવ વિલાસ ભર્યા હાનિકારક વાતાવરણથી બચવા માટે એમના જીવનમાં ધર્મભાવનાનું ખમીર પ્રગટે એવા શુભ ઉદ્દેશથી મુંબઈની શ્રી જૈન ધાર્મિક શિક્ષણ ગ્રીષ્મ શિબિર સમિતિએ ગત વર્ષની જેમ આ વર્ષે પણ તીર્થરાજ આબુ જેવા શીતળ, સુરમ્ય અને શાંત સ્થાનમાં આ શિબિરની, તા. ૧–૫–૬૩ થી તા. ૩૦–૫–૬૩ સુધી એક માસ માટે, યોજના કરી છે.

ધર્મ વગર જીવન નથી, અને ધાર્મિકતા વિના સંસ્કારિતા નથી. અને ધાર્મિકતા કેળવવાનો મુખ્ય ઉપાય ધાર્મિક જ્ઞાન અને ક્રિયાને જીવનમાં સમન્વય સાધવો એ જ છે.

આ શિબિરમાં એસ. એસ. સી (મેટ્રિક) અને કોલેજમાં અભ્યાસ કરતા (પુરુષ) વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવે છે. અને સુયોગ્ય અધ્યાપકો તેમજ વિદ્વાનો દ્વારા જૈન ધર્મના તત્વો અને આચારોનું જ્ઞાન આધુનિક રસપ્રદ શૈલીમાં આપવાનો પ્રબંધ કરવામાં આવે છે. ગમ્મત સાથે જ્ઞાન અને આનંદ સાથે ક્રિયાનો લાભ મેળવવાનો આ અવસર ચુકવા જેવો નથી.

વિદ્યાર્થીઓને જમવા, રહેવાની તમામ સગવડ શિબિર તરફથી આપવામાં આવે છે; અને પ્રવાસ ખર્ચ તથા બીજુ અંગત ખર્ચ વિદ્યાર્થીઓએ પોતે કરવાનું હોય છે.

મર્યાદિત સંખ્યામાં જ વિદ્યાર્થીઓ લેવાના હોવાથી શિબિરમાં જોડાવા ઈચ્છનારાઓએ નીચેના ઠેકાણે ૦–૨૦ (વીસ નયા પૈસા)ની ટિકિટો બીડીને પ્રવેશપત્ર મંગાવીને તા. ૧૫–૪–૬૩ સુધીમાં ભરીને મોકલી આપવું :— મંત્રીઓ,

**શ્રી જૈન ધાર્મિક શિક્ષણ ગ્રીષ્મ શિબિર સમિતિ**

C/o શ્રી હિંમતલાલ વનેચંદ

૪૫ ધનજી સ્ટ્રીટ; મુંબઈ-૩.

## ઘર ઘરની શોભા વધારનારે પુસ્તકો તમે વસાવ્યા છે ?

### જીવન—પ્રભા

કચ્છના ક્રાન્તિકારી, માનવતાના પૂજારી ભારતના ચિરપ્રવાસી હજારો મધુર કાવ્યોના ગાનાર, સંગીતકાર, કીર્તનકાર, કાશ્મીરના મગનબાપા, શ્રી અરવિંદ ઘોષના માનીતા સાધક ભક્તકવિ શિવજીભાઈ 'મધુકર'ની રસભરી કલમથી આલેખેલી.

**જીવન—પ્રભા**

**જીવનના અવનવા બોધપાઠ આપશે.**

**કિંમત રૂા. ૩—૦૦**

**'નવનીત'** આવૃત્તિ બીજી, કીંમત ૧—૦૦

શીવજીભાઈની આત્મસાધનાને જનસેવાના અનેક વર્ષોના મંથનમાંથી જે 'નવનીત' તેમને મળ્યું તેમના ભાગીદાર પણ તમે થાશો.

### મારા જીવનપ્રસંગો

ભક્તકવિ શિવજીભાઈએ પોતાના જીવનની અઢાર વર્ષની ઉંમરથી પારમાર્થિક જીવન પસંદ કરી જીવનભર માનવસેવા, સમાજસેવા અનેક સંસ્થાઓની સ્થાપના કરી, માતૃભૂમિ કચ્છની કાયા પલટ કરવા કેવા ભગીરથ પ્રયત્નો કર્યા તેમજ અનેક મહાન પુરુષોના સત્સંગના પ્રસંગો તમારા જીવનને ઉદાત્ત બનાવશે.

ભાગ ૧ કીં. રૂા. ૩—૦૦ ભાગ ૨ કીં. રૂા. ૪—૦૦
ભાગ ૩ કીં. રૂા ૩-૦૦ ભાગ ૪ કીં. રૂા. ૪—૦૦

**કૃતજ્ઞી કેશર** બીજી આવૃત્તિ રૂા. ૨—૫૦

**કાશ્મીર પર હુમલો—દેશસેવિકા** શ્રી કૃષ્ણા મહેતાની આ વીતક કથા હૃદયના તારેતારે ઝણઝણાવી મૂકી માનવસેવાનો મહાન પાઠ આપી જાય છે.

આવૃત્તિ છઠ્ઠી, કીંમત રૂા. ૨—૦૦

**શિવસદન ગ્રંથમાળા કાર્યાલય-મઢડા (સૌરાષ્ટ્ર)**
**કુંવરજી દેવશીની કાં. લુહાર ચાલ, મુંબઈ નં. ૨**
**સુલક્ષણા કુટિર-પાલીતાણા.**


### અભિનંદન

ગુજરાત સરકાર યોજિત સાહિત્ય સ્પર્ધામાં આ વર્ષે ગુજરાતના સુપ્રસિદ્ધ વયોવૃદ્ધ પ્રાક્ષર શ્રીયુત ચુનીલાલ વર્ધમાન શાહની નવલકથા 'કંટક છાયો પંથ' (ભાગ ૧-૪)ને નવલકથા વિભાગનું બે હજાર રૂપિયાનું પ્રથમ પારિતોષિક આપીને એમની સુદીર્ઘકાલીન અને વ્યાપક સરસ્વતી ઉપાસનાનું બહુમાન કરવામાં આવ્યું છે.

તેમજ ગુજરાત લોકપ્રિય લેખક શ્રીયુત જયભિખ્ખુના બાળવાર્તા સંગ્રહ 'મૂઠી માણેક'ને પાંચસો રૂપિયાનું પારિતોષિક આપીને એમના વિપુલ અને વિવિધ વિષય સ્પર્શી સાહિત્ય સર્જનનું સન્માન કરવામાં આવ્યું છે. 'મૂઠી માણેક' એ ટૂંક સમયમાં સારી રીતે લોકપ્રિય થનાર 'શ્રી જીવન-મણિ-સદ્વાચનમાળા ટ્રસ્ટ'નું છઠ્ઠા વર્ષનું પુસ્તક છે.

બન્ને વિદ્વાનોને અમારાં હાર્દિક અભિનંદન.

—તંત્રી

**જીંજર :** આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી અત્રે પધારતાં સારાંએ ગામને ધ્વજા પતાકાથી શણગારી બેંડથી સ્વાગત ફા. વ. ૧ ના કરાયું હતું. વ. ૦))ના વિદ્યાભુવનમાં પધારી સંસ્થાની દેખરેખ જોઈ સંતોષ વ્યક્ત કરેલ. ચૈ. શુ. ૧ના જાહેર પ્રવચન થતા સ્થાનકવાસિ શ્રી વિનયરૂષિજી ઠા. ૩ અને મહાસતીઓ તેમજ સ્થા. ભાઈઓએ સારી હાજરી આપી હતી. તેજ દિને બંને સંપ્રદાયો તરફથી નવકારશી ૨૪ હતી.

**રહીજવા પામેલ છે :** ગતાંક તા. ૨૩-૩-૬૩ના અંકમાં પૃષ્ટ ૧૫૪ માં ઓળીના પારણાના સમાચાર અપાયા હતા. તેમાં ગામનું નામ રહીજવા પામેલ છે તે કોઠ ગામના સમજવા.

**ચુંટાઈ આવ્યા:** મહારાષ્ટ્ર વિધાન પરિષદમાં ખાલી પડેલી બેઠકમાં શ્રી નાથાલાલ એમ. પારેખ લેબલવાળા બીન હરીફ ચુંટાઈ આવ્યા છે. તેઓશ્રી અનેક વિધ સામાજીક, રાજકીય અને ધાર્મિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે.

**પ્રતિમાજી ચોરી થઈ:** પોકરન (રાજસ્થાન)ના પાર્શ્વનાથ જૈન મંદિરમાંથી ધાતુની નવ પ્રતિમાજી તાળા ખોલી ચોરાઈ ગયેલ છે. પોલીસમાં રિપોર્ટ નોંધાવવામાં આવ્યો છે.

**સમન્સ નીકળ્યો:** સુરા ગામમાં મુનિશ્રી વિદ્યાવિજયજી આદિની નિશ્રામાં પ્રતિષ્ઠા મહોત્સવ તાજેતરમાં ઉજવાઈ ગયો. તે અંગેના નિક 'લોકવાણી' ૨૩ માર્ચના પત્રમાં જણાવાયું છે, કે જાલોરના જિલ્લાધીશ શ્રી ઓંકારસિંહે સુરા ગામમાં પ્રતિષ્ઠા મહોત્સવ થયો તે કાયદાનું ઉલ્લંઘન કરતો થતા તેના પર ધાર્મિક વધારાના નિયમોની અવગણના થતા મુકદમો દાખલ કરવામાં આવ્યો છે. આ કેસથી ૧૪ વ્યાપારીઓ તેમજ એક મુનિશ્રીના વિરૂદ્ધ સમન્સ નિકળ્યો છે. જેની સુનાવણી તા. ૧૧ મી એપ્રીલના છે.

**અવસાન:** શેઠ જવેરચંદ ચંદુલાલ (શ્રા ચંદુલાલ ખુશાલચંદ મુંબાઈવાળા)નું અવસાન તેમના નિવાસસ્થાન બીજાપુર (રાજસ્થાન)માં તા. ૨૧-૩-૬૩ના રોજ સાંજે ૬-૩૦ કલાકે થયું હતું.

સ્વર્ગસ્થે જૈન શ્વે. કોન્ફરન્સ તેમજ આ. શ્રી વિજયવલ્લભસૂરીના સંપર્કમાં રહી ઘણી સંસ્થાઓમાં સેવા આપી પોતાનું સારૂંએ જીવન ધાર્મિક અને સામાજીક કાર્યોમાં-પ્રવૃતીમ પસાર કર્યું હતું. પ્રભુ તેમના આત્માને શાંતી અર્પે.

શેઠ મોહનલાલ એર્ઈદાનજી લોણાવતનું સોલાપુર મુકામે તા. ૨૨-૨-૬૩ના ૭૦ વર્ષની ઉંમરે અવસાન થયું છે. તે સમાચાર મળતાં જ સોલાપુરની બજાર બંધ રખાઈ હતી. શ્રી સંઘની શોકસભા યોજવામાં આવી હતી. સ્વ ધર્મના જાણકાર, આગમ અભ્યાસી જીવદયા પાળવાવાળા સ્થાનવાસી શ્રાવક હતા.

**મહાવીર જયંતિ:** મુંબઈમાં મહાવીર જયંતિ દિવસે ભાયખાલાથી વરઘોડો નીકળી ધોબીતળાવ જતાં આઝાદ મેદાનમ સભા યોજાશે. સાંજે ચોપાટી ઉપર પ્રવચન થશે. મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી તેમજ અન્ય જનોની એક સમિતિ રચાય છે. તેમના પ્રયત્નથી તે દિવસે મહારાષ્ટ્રના વિધાન પરિષદમાં રજા રાખવા વિનંતી થતા મંજુર થઈ છે.


# શ્રી ભગવતીસૂત્રનાં પ્રવચનો

## બીજી આવૃત્તિ

પ્રવચનકાર :-

**આચાર્યશ્રી વિજયધર્મસૂરિજી મહારાજ**

દ્રવ્યાનુયોગાદિ ચારેય અનુયોગ ગર્ભિત ૧૫ પ્રવચનોના સંગ્રહવાળી. આની પ્રથમ આવૃત્તિ થોડા સમયમાં જ ખપી જતાં, તેમજ જિજ્ઞાસુ અનેક ભાઈઓની પુનઃ પ્રકાશનની માગણી થતાં વાલકેશ્વર બાબુ અમીચંદ પનાલાલ આદીશ્વરજી જૈન દેરાસરના ટ્રસ્ટના જ્ઞાનખાતામાંની આર્થિક મદદની ઘણા સુધારા વધારા સાથે તેમજ પ્રેરક અને શાસ્ત્રીય કલામય ડીઝાઈનો વાળું જેકેટ ચિત્ર સાથે, સુંદર બાઈન્ડીંગમાં ઉંચા ઓફસેટ ઉપર છાપેલાં અને ૪૦૦ ઉપરાંત પૃષ્ઠવાળો આ ગ્રન્થ બીજી આવૃત્તિ રૂપે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કિંમત રૂા. ૩-૦૦

—: ગ્રન્થ મળવાનાં ઠેકાણા :—

(૧) **બાબુ અમીચંદ પનાલાલ આદીશ્વરજી જૈન દેરાસરજીની પેઢી.**
ઠે. ૪૧/રીજરોડ, મુંબઈ ૬

(૨) જૈન સાહિત્ય મંદિર,
પાલીતાણા (સૌરાષ્ટ્ર)

## લેખ સામગ્રી

લેખક બંધુઓને વિશેષાંકને સંસ્કારી, માહિતીપૂર્ણ અને ઉચ્ચ કોટીની વાંચન સામગ્રીથી સમૃદ્ધ બનાવવા જૈન સંસ્કૃતિના કોઇ પણ અંગ ઉપર પ્રકાશ પાડે એવો લેખ મોકલવા વિનંતી છે.

## હીરક મહોત્સવ વિશેષાંક

વિશિષ્ટ શિક્ષણ સંસ્થાઓ જ્ઞાનભંડારો, કળાપૂર્ણ પ્રાચીન જિનમંદિરો, પ્રાચીન અર્વાચીન જૈન તીર્થો તથા સમાજસેવા કરતી બીજી અન્ય સંસ્થાઓનો આધારભૂત પરિચય મોકલવા વિનંતી છે.

જૈન સમાજના વર્તમાન સમાચાર તેમજ વિધવિધ માહિતી જાણવી એ દરેક જૈનિયોની ફરજ છે. આ માટે આજથી જ "જૈન"ના ગ્રાહક બની વિશેષાંકનો લાભ મેળવો.

વર્તમાનકાલીન જૈન આગેવાનો તથા વિદ્વાનોનો સચિત્ર પરિચય મોકલવા વિનંતી છે.

વર્તમાન શ્રમણ સમુદાયના વિભાગ માટે મોકલાવેલ પત્રકો પૂ. ગુરુવર્યોને પોતાના સમુદાય સાથેના વિગતવાર ભરી મોકલવા વિનંતી છે.

## જાહેરખબર

જૈન સાહિત્યમાં એક નવું અને આગવું સિમાચિહ્ન બનનાર હીરક મહોત્સવ વિશેષાંકમાં દરેકે દરેક જૈન ભાઇઓએ પોતાનો ફાળો (જાહેર ખબર) આપવા વિનંતી છે.

તિર્થો, સંઘો અને સંસ્થાઓ તેમજ પેઢીઓ, કારખાનેદારો, મીલો, વેપારીઓ આદિ પોતાની જાહેરખબર મોકલી સદ્ધરતા અને વિકાસ સાધે.

તંત્રી : પ્રકાશક શેઠ ગુલાબચંદ દેવચંદ, જૈન ઓફીસ–ભાવનગર (સૌરાષ્ટ્ર)
મુદ્રણસ્થાન : આનંદ પ્રીન્ટીંગ પ્રેસ–ભાવનગર.